શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા


૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ - ૨૦૦૯


પ્રારંભ : ૨૮-૧૧-૨૦૦૯, શનિવાર

પૂર્ણાહુતિ : ૨-૧૨-૨૦૦૯, બુધવાર

સોવેનિયર

અવિસ્મરણીય સંસ્મરણો




શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા
૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ - ૨૦૦૯
પ્રારંભ : ૨૮-૧૧-૨૦૦૯, શનિવાર
પૂર્ણાહુતિ : ૨-૧૨-૨૦૦૯, બુધવાર
સોવેનિયર
અવિસ્મરણીય સંસ્મરણો

The Bechraji Nagarik Sahakari Bank Ltd.

ધી બેચરાજી નાગરીક સહકારી બેંક લી.

બેચરાજી - ૩૮૪૨૧૦ તા. બેચરાજી. જિ. મહેસાણા. (ઉ.ગુ.) ફોન (ઓ) ૨૮૬૩૭૦, ૨૮૬૧૦૫
BECHARAJI, PIN. 384210. TA. BECHARAJI, DIST. MEHSANA (N.G.)

રજી. નં. ૧૦૧૫૧ તા. ૨૪-૦૯-૬૮
રીઝર્વ બેંક લાયસન્સ નં. યુ.બી.ડી.જી.યુ.જે. ૧૫૯૫ P

તા. ૩૦/૦૯/૨૦૦૯ ની આંકડાકીય માહિતી (રૂપિયા લાખમાં)

૧.	શેર ભંડોળ	-	૨૫.૩૫
૨.	થાપણો	-	૭૪૨.૮૪
૩.	ધિરાણો	-	૪૨૨.૭૮
૪.	રીઝર્વ અને બીજાં ફંડો	-	૨૮૪.૪૮
૫.	કામકાજ ભંડોળ	-	૧૧૮૨.૬૯
૬.	નફો	-	૧૪.૭૧
૭.	ઓડિટ વર્ગ	-	અ

શ્રી વિઠ્ઠલભાઈ માધવલાલ પટેલ (લાટીવાળા)
ચેરમેન

શ્રી અનીલકુમાર ભગુભાઈ પટેલ (લાટીવાળા)
મેને. ડીરેક્ટર

શ્રી નટવરભાઈ હરિભાઈ પટેલ
મેનેજર

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

શ્રી રસીકલાલ મૂળજીદાસ પટેલ
શ્રી નારણભાઈ રમાભાઈ સગર
શ્રી ડૉ. માધુભાઈ મંગળદાસ પટેલ
શ્રી કેતનકુમાર લક્ષ્મીચંદ શાહ

શ્રી દેવાભાઈ વીસાભાઈ પટેલ
શ્રી પરેશકુમાર નાનુભાઈ પટેલ
શ્રી મફતલાલ ચિમનલાલ પટેલ
તથા બેંકના સભાસદો અને ગ્રાહકો.

૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ - ૨૦૦૯

સોવેનિયર

અવિસ્મરણીય સંસ્મરણો



શ્રી યંત્ર - આદ્યશક્તિનું નિરાકાર સ્વરૂપ

લેખન-સંપાદન
કૌશીક જી. પટેલ
ચેરમેન - સોવેનિયર કમિટી
૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ

માહિતી સહાય
પ્રચાર પ્રકાશન કમિટી
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા.

ડીઝાઈન
ડીઝાઈન ગ્રાફીક્સ, ઊંઝા
હસમુખ પટેલ

પ્રથમ આવૃત્તિ
માર્ચ, ૨૦૧૧

પ્રત : ૨૦૦૦

મુદ્રક
હાઈસ્કેન પ્રા. લિ., અમદાવાદ.
ફોન : ૦૨૭૧૭-૨૫૦૧૭૫ / ૩૨૬૫૩૨
E-mail : info@hiscan.in
Website : www.hiscan.in

ભાવ મૂલ્ય - અમૂલ્ય

પ્રકાશક - પ્રાપ્તિ સ્થાન
પ્રચાર પ્રકાશન કમિટી
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા.
(ટ્રસ્ટ રજી. નં. એ.૯૪૩ - મહેસાણા)



वक्रतुण्ड महाकाय, सूर्यकोटी समप्रभः।
निर्विघ्नं कुरुमेदेव, सर्वकार्येषु सर्वदा ।।

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા.	૦૨૭૬૭	ફેક્સ : ૨૪૫૭૭૨, મો. : ૯૮૨૫૯ ૦૯૬૧૧
		ફોન : ૨૪૫૪૭૨, ૨૪૫૯૭૨, ૨૪૫૭૭૪
શ્રી ઉમિયા વિશ્રાંતિગૃહ, ઊંઝા.	૦૨૭૬૭	૨૪૬૪૭૪
શ્રી ઉમિયા પથિકાશ્રમ, અંબાજી.	૦૨૭૪૯	૨૬૨૧૬૯
શ્રી ઉમિયા પથિકાશ્રમ, બહુચરાજી	૦૨૭૩૪	૨૮૬૩૩૦
શ્રી ઉમિયા માતાજી કેમ્પસ, સોલા.	૦૭૯	૨૭૬૬૫૯૫૮, ૨૭૬૬૨૬૮૬.

Web. : www.maaumiya.com E-mail : umiyamatajiunjha@gmail.com



કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી, ઊંઝા.

शूलं पट्टिश खडग चर्म विशिखान् मुणुंदधानां करै :, सेव्या शोभन षड्भूजां सुनयनां दिव्याम्बरालंकृताम् ।
शुभ्रागां वृषवाहनां सुरनरां भक्तोत्सवां शालिनी, वन्दे श्री कडवेश्वरी भगवती लक्ष्मी प्रदात्रीमुमाम् ॥

ત્રિશૂલ, પટ્ટિશ, ખડગ, ઢાલ, બાણ અને મુણુંદને હસ્તોમાં ધારણ કરવાવાળાં, સેવા કરવા યોગ્ય, સુંદર છ ભૂજાવાળાં; સુંદર નયનોવાળાં, દિવ્ય વસ્ત્રાલંકારોથી શોભતાં, ઉજ્જવળ અંગોવાળાં, વૃષભના વાહનવાળાં, દેવીઓમાં શ્રેષ્ઠ, ભક્તોમાં ઉમંગ-ઉત્સાહ વધારનારાં, દિવ્ય તેજથી શોભતાં, લક્ષ્મી-ઐશ્વર્ય આપવાવાળાં, એવાં કડવેશ્વરી ભગવતી ઉમાને હું વંદન કરુ છું.

શ્રી ઉમિયા માતાજીની સાત સવારી

રવિવાર - વાઘની સવારી
મા અંબિકા સ્વરૂપે



શનિવાર - ઐરાવત હાથીની સવારી
મા વૈભવ લક્ષ્મી સ્વરૂપે



સોમવાર - નંદીની સવારી
મા ઉમા પાર્વતી સ્વરૂપે







શુક્રવાર - કુકડાની સવારી
મા બાલા ત્રિપુરા સુંદરી
બહુચરાજી સ્વરૂપે



મંગળવાર - મયુરની સવારી
મા સરસ્વતી સ્વરૂપે



ગુરૂવાર - ગજરાજની સવારી
મા લક્ષ્મીજી સ્વરૂપે



બુધવાર - સિંહની સવારી
મા ચંડી દુર્ગા સ્વરૂપે



ધનતેરસ - કમળ સવારી - લક્ષ્મી સ્વરૂપે



કાળીચૌદશ - સિંહ સવારી - મા ચંડી કાલી સ્વરૂપે

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯



૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ભવ્યાતિભવ્ય સફળતા પૂર્વક ઉજવાઈ ગયો. સમગ્ર પાટીદાર સમાજના દેશ-વિદેશમાંથી પધારેલા ઉમાવંશી પરિવારોએ આ મહોત્સવમાં પધારી મહોત્સવને શોભાયમાન બનાવી સમગ્ર સમાજને સંગઠિત બનાવી એકસુત્રતામાં જોડાવાની હાકલ ઉભી કરી છે.

ઊંઝા નગર અને આજુબાજુના ગામોના તેમજ વિવિધ સંસ્થાઓના આગેવાનો, કાર્યકર મિત્રોએ આ ધાર્મિક સેવાયજ્ઞમાં તન-મન અને ધનથી જોડાઈ મહોત્સવને પ્રેરક દિશા અને માર્ગદર્શન આપી સમાજના સર્વાંગી વિકાસમાં પોતાનું નિઃસ્વાર્થ યોગદાન આપવા બદલ પ્રત્યેકને મારા અંતઃકરણપૂર્વકના અભિનંદન પાઠવું છું.

મહોત્સવમાં એકત્રિત થયેલ ભંડોળ પાટીદાર સમાજના આર્થિક સક્ષમ ન હોય તેવા ભાઈ/ભાંડુઓ માટે સાચા અર્થમાં ઉપયોગી થાય એજ આ મહોત્સવની સાચી ફલશ્રુતિ ગણી શકાય. તંદુરસ્ત પાટીદાર સમાજના નિર્માણ માટે જગતજનની મા ઉમાને પ્રાર્થના કરીએ

પ્રસ્તુત સોવેનિયર મા ના ચરણે ધરવામાં આપ સહુ અમારી સાથે ભક્તિભાવથી જોડાઓ તેવી અભ્યર્થના સહ. જય શ્રી ઉમિયા...

કેશુભાઈ વી. પટેલ
પ્રમુખશ્રી
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા



જગત જનની મા ઉમાની પાવન નગરી ઊંઝામાં કડવા પાટીદારોની કુળદેવી શ્રી ઉમિયા માતાજી નો ૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ રંગેચંગે ઉજવાઈ ગયો.

ધર્મ-કર્મ અને સંસ્કૃતિને ઉજાગર કરતો આ મહોત્સવ સાચા અર્થમાં સમાજને અને આવનારી પેઢીને નવી દિશા આપનાર ઐતિહાસિક, અદ્‌ભુત અને અવિસ્મરણીય બની પ્રોત્સાહન અને પ્રેરક બળ પુરૂ પાડતો રહેશે.

ઊંઝાના આંગણે આવડું મોટુ આયોજન કરવું એ નાની સૂની વાત ન હતી. આવું મહા આયોજન પાટીદારો જ કરી શકે તે સાર્થક થયું. આ મહોત્સવથી પાટીદારોની એકતા, કાર્યદક્ષતા અને વ્યવસ્થાશક્તિ શોભી ઉઠી.

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ કડવા પાટીદારોના ઈતિહાસનું સુવર્ણ પૃષ્ઠ બની રહે તેવો હોઈ આ સોવેનિયર સ્મૃતિ રૂપે સચવાય તો આવનારી ભાવી પેઢીને પણ સામાજિક સમજણ કેળવવામાં માર્ગદર્શક બની રહેશે. તેવી મને શ્રધ્ધા છે.

મા ઉમિયાના સ્વયંસેવકોએ વિરાટકાય મહોત્સવમાં રાત-દિવસ જોયા વગર ખભે ખભા મિલાવી મહોત્સવને સાચા અર્થમાં સફળતા અપાવી તે બદલ મારા અંતઃકરણપૂર્વકના અભિનંદન પાઠવું છું. મહોત્સવમાં પાટીદાર વડીલો, ઉદ્યોગપતિઓ, સમાજ સેવકો, પાટીદાર સમાજના ભાઈ-બહેનો દ્વારા અભૂતપૂર્વ સાથ સહકાર મળ્યો તે માટે હું તમામને વંદન કરૂ છું.

જય ઉમિયા

નારાયણભાઈ એલ. પટેલ

ચેરમેનશ્રી

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯



શ્રી ઉમિયા માતા કી જય....!!!!

સમગ્ર વિશ્વ જેની ખૂબજ આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યું હતું એવા જગત જનની મા ઉમિયાનો ૧૮ મી શતાબ્દી રજત જ્યંતી મહોત્સવ ૨૦૦૯ તા. ૨૮-૧૧-૨૦૦૯ થી તા. ૦૨-૧૨-૨૦૦૯ દરમ્યાન ઐતિહાસિક અને ભવ્યાતિભવ્ય રીતે ઉજવાઈ ગયો.

ઈ.સ. ૧૯૭૬ માં, મા ઉમિયાનો ઐતિહાસિક ૧૮મી શતાબ્દી મહોત્સવ એ આપણા વડવાઓની દિર્ઘદ્રષ્ટી, સ્વયંસેવકોની સેવા અને સમર્પણથી ભરપુર શ્રેષ્ઠ કામગીરી અને શ્રેષ્ઠ યજમાનગીરી સાથે-સાથે તે જમાનામાં ઉપલબ્ધ સાધનોની દ્રષ્ટિએ વિશાળ ઐતિહાસિક આયોજન તેમજ સંગઠન શક્તિનું શ્રેષ્ઠ ઉદાહરણ હતું. જેની યાદો આજે પણ વાગોળી ગર્વ અનુભવીએ છીએ. મહોત્સવ બાદ સમાજમાં જાગૃતતા આવી- લોકો સધ્ધર બન્યા-રોજગાર-ધંધાના વિકાસ થયા- સર્વાંગી વિકાસના નવા માર્ગ શોધ્યા-ખેતીની સાથે વેપાર-ધંધા કરતા થયા- સમગ્ર વિશ્વને આપણી શ્રમ-શક્તિ-બુધ્ધિ અને સંગઠનનો પરચો આપ્યો.

૧૮ મી શતાબ્દી રજત જ્યંતી મહોત્સવના ઐતિહાસિક આયોજનના વિવિધ પાસાઓ અંગે ચર્ચા-વિચારણા કરવા ફેબ્રુઆરી-૨૦૦૯માં હોદ્દેદારશ્રીઓએ યાદ કરતાં ટીમ સાથે ઊંઝા આવ્યા. સંસ્થાન દ્વારા કેવું આયોજન વિચાર્યુ છે તે જાણ્યું અને સંસ્થાન દ્વારા વિચારવામાં આવેલ આયોજનને અમલીકરણ સ્વરૂપે લાવવાના પ્રયત્નો હાથ ધર્યા. દરેકે-દરેક પાસાઓ વિચારતા સમગ્ર આયોજન એક જ જગ્યાએ થાય તો જ સફળ થાય તે ધ્યાન લઈ " શ્રી ઉમિયા નગર " નો વિચાર રજુ કર્યો. આવનાર દરેક શ્રધ્ધાળુ માતાજીના આશિર્વાદની સાથે વિકાસલક્ષી જ્ઞાન મેળવીને જાય તે હેતુથી આંતરરાષ્ટ્રીય એજ્યુકેશન, ઈન્ડસ્ટ્રિયલ સેમીનાર અને એક્ઝિબિશન, કૃષિ અને પશુ મેળો, પાટીદાર સહિત તમામ સમાજને પ્રોત્સાહન મળે તે માટે પાટીદાર ગૌરવગાથા, મનોરંજન સહિત જ્ઞાન મળે તેવા વિવિધતા સભર સાંસ્કૃતિક કાર્યક્રમો, રક્તદાન, બ્રાન્ડેડ ફુડ કોર્ટ, બાળનગરી, ખેતીની અને પર્યાવરણની વિવિધ સમસ્યાઓનું સમાધાન એવા ડ્રિપ ઈરીગેશન, વિવિધ સેમિનાર વિગેરેને મહોત્સવનો ભાગ બનાવી મહોત્સવને ખરા અર્થમાં સૌના ઉત્કર્ષનો અને સૌના સર્વાંગી વિકાસનો ઉત્સવ બનાવવાનો પ્રયત્ન કર્યો.

મહોત્સવના સફળ આયોજન અને અમલીકરણથી લઈને તમામ પાસાઓમાં મારી ટીમના સભ્યોએ ખભે ખભો મિલાવીને મહોત્સવને સાચા અર્થમાં ઐતિહાસિક અને અવિસ્મરણીય બનાવવા જાણે શપથ જ લીધા હતાં. આટલા મોટા વિશાળ કદના મહોત્સવનું ક્ષતિશૂન્ય આયોજનએ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન અને તમામ મહોત્સવ કમિટીઓના હોદ્દેદારશ્રીઓ, આપણાં વડીલો, આગેવાનશ્રીઓ, સમાજના શ્રેષ્ઠીઓ, ઊંઝા અને આજુબાજુના ગામના આપણા યુવાનો અને સ્વયંસેવકોની નિ:સ્વાર્થ અને ઉદાહરણરૂપ કામગીરી, સરકારશ્રીના વિવિધ વિભાગો અને જીલ્લા વહીવટ તંત્ર ખાસ કરીને કલેકટરશ્રી, ડીએસપીશ્રી અને ડીડીઓશ્રીની ટીમની રાત-દિવસની ચિંતા કર્યા સિવાય સ્વયંસેવકની જેમ કામગીરી, દેશ-વિદેશના ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મિડિયા તેમજ માતાજી પ્રત્યે આપણા સૌની અપાર શ્રધ્ધાનું પરિણામછે.

મહોત્સવના સફળ આયોજનને વેગવંતુ બનાવવાથી માંડીને મહોત્સવના સફળ આયોજનને લગતા વિવિધ પાસાઓ, સૌ પ્રથમવાર સ્વ-વિકાસ દ્વારા સર્વનો વિકાસ થાય તે હેતુથી કોઈ ધાર્મિક મહોત્સવ સાથે ડ્રિપ ઈરિગેશન અંગેનો સંકલ્પ, ઈન્ડસ્ટ્રિયલ અને કોમર્શિયલ એક્ઝિબિશન, એજ્યુકેશનલ અને કેરિયર સેમીનારનું આયોજન, મહોત્સવ માટે પાણી-ઈલેક્ટ્રીકસીટી-રોડ-ફુટ ઓવર બ્રીજ સહિતના ઈન્ફ્રાસ્ટ્રકચર, સલામતી અને બંદોબસ્ત, પબ્લિક ટ્રાન્સપોર્ટ, લોકોપદેશ આધારિત વૈવિધ્યતાસભર સાંસ્કૃતિક કાર્યક્રમો માટે આપણા દિર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું દિશાસૂચન, માર્ગદર્શન અને મદદ અનન્ય અને પ્રેરણાદાયક બની રહી. જેનો વિશેષ ઉલ્લેખ કરવો ખૂબ જરૂરી સમજુ છું. મંત્રીમંડળના તમામ મંત્રીશ્રીઓએ તેમના વિભાગોની જવાબદારી સ્વયંભુ સ્વિકારી લીધી. તે માટે તેઓનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. ખેડૂત જગતનો તાત છે અને સર્વનો પોષણકર્તા છે. આપણે પાટીદાર શબ્દને "સમાજથી પર" કરીને પાટીદાર- "એક વિચારધારા" માં પરિવર્તિત કરવાનો છે. સમાજના નાના-મોટા તમામ વર્ગો અને લોકોને સાથે રાખી સ્વ-વિકાસથી સર્વના વિકાસ દ્વારા રાજ્ય અને રાષ્ટ્રનો સર્વાંગી વિકાસ કરવાનું ભગીરથ કાર્ય અને પુરૂષાર્થ આપણે કરવાનો છે.

ફરીથી, શ્રી ઉમિયા માતાજી ૧૮મી શતાબ્દી રજત જ્યંતી મહોત્સવ-૨૦૦૯ માં યોગદાન આપી જીવનનું શ્રેષ્ઠ પુણ્યકાર્ય કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તે બદલ હું ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા નો ઋણ સ્વીકાર કરૂ છું.

સૌ સુખી, સમૃધ્ધ અને આબાદ બનો, સર્વના પોષણકર્તા બનો અને હર હંમેશ પરમકૃપાળું શ્રી ઉમિયા માતાજીના આશિર્વાદ પ્રાપ્ત કરો તેવી પ્રાર્થના સાથે વિરમું છું.

આપનો,
મહેન્દ્ર એસ. પટેલ
પ્રોજેક્ટ ચેરમેન
૧૮મી શતાબ્દી રજત જ્યંતી મહોત્સવ ૨૦૦૯



જગત જનની મા ઉમિયા સૌની માતા છે. કડવા પાટીદારની કુળદેવી હોવાથી આપણે વેદકાળથી એટલે કે હજારો વર્ષથી પૂર્ણ શ્રધ્ધા અને ભક્તિ સાથે પૂજા-અર્ચના કરતા આવ્યા છીએ. હજારો વર્ષમાં અનેક વિઘ્નો આવ્યા છતાં પ્રચંડ આસ્થા સાથે આ સમાજ એકધારી મા ઉમિયાની પૂજા કરે છે. વિધર્મિઓ, શક, હુણ, ફીરંગીઓ, મોગલો, અંગ્રેજો જેવાના અનેક આક્રમણો થયા. રાજકીય સંઘર્ષો થયા, મોટી સંખ્યામાં ધર્માન્તર થયા. હજારો ગામો ઉજ્જડ થયા, હજારો મંદિરો ખંડિત થયા. લૂંટફાટ, ખૂના મરકીમાં લાખો લોકોના મોત થયા આવી વિષમપરિસ્થિતિમાં માણસ ઈશ્વરનું શરણ શોધે તે રીતે આપણે કેવળ મા ઉમિયા ઉપર પ્રચંડ આસ્થા અને શ્રધ્ધા સાથે આ સમાજે એકધારી મા ઉમિયાની પૂજા કરી છે. તેથી તેના રગેરગમાં અને રૂવાટે-રૂવાટે મા ઉમિયાની ભક્તિ ભરેલી છે. વિશ્વના કડવા પાટીદારોના માદરે વતન ઉમાપુર ઊંઝામાં મા ઉમિયાનું અતિ પૌરાણિક ઐતિહાસિક મંદિર છે. હજારો વર્ષથી પોતાની મનોકામનાઓ પરિપૂર્ણ કરવા માટે મા ઉમિયાના દિવ્ય દર્શનાર્થે લાખો લોકો આવે છે. મા ઉમિયાએ આપણને ઉત્પન્ન કર્યા છે અને એવા આશીર્વાદ આપ્યા છે કે એક વાર વાવશો અને ત્રણ વાર લણશો. સારા કરવણ કરવાથી એટલે કે સારા કાર્યો કરવાથી તમે કડવા પાટીદાર તરીકે ઓળખાશો, તમારો હાથ હંમેશાં ઊંચો રહેશે, સૌના પોષણ કર્તા બનશો અને સમગ્ર જગતભરમાં ફેલાશો એવી તમારી પ્રગતિ થશે. મા ઉમિયા ધન-ધાન્યની, કૃષિની, વંશવેલા વૃધ્ધિની, બાળકોની સાર સંભાળ રાખનારી દેવી છે. પાટીદાર સમાજનો હાલ જે આર્થિક, સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક અને આધ્યાત્મિક વિકાસ થઈ રહ્યો છે તેની તો આ શરૂઆત છે. હજી તો આપણે ક્યાં જઈને ઊભા રહીશું તે તો સમય અને ઈતિહાસ કહેશે. જો આપણે સૌ મા ઉમિયાને આગળ લઈને એક સંપ અને સહકારથી ચાલીશું તો આપણી ન ધારી હોય તેવી પ્રગતિ થશે. આવી મા ઉમિયાનો આજથી ૩૩ વર્ષ પહેલાં ૧૮મી શતાબ્દી મહોત્સવ યોજવામાં આવ્યો હતો. ત્યારે આ સંસ્થા પાસે માત્ર રૂા. ૩,૫૦,૦૦૦/- ની સિલક હતી અને એક નાનકડી ઓફિસમાં બેસી વહીવટ થતો હતો તે વખતે યાત્રાળુઓને ઉતરવા માટે કોઈ એવી મોટી ધર્મશાળા કે ભોજનશાળા ન હતી અને ફક્ત માતાજીની આરતી કરવી, ચકલાને દાણા નાખવા, ભિક્ષુકોને કાચુ સીધુ આપી સદાવ્રત ચલાવવું આવી થોડીક પ્રવૃત્તિઓ ચાલતી હતી. ૧૮મી શતાબ્દી મહોત્સવ યોજવામાં આવ્યો ત્યારે કોઈ એ કલ્પના ન કરી હોય તેવો મહોત્સવ જામ્યો અને દેશભરમાંથી ૧૮ થી ૨૦ લાખ ભક્તો મા ઉમિયાના દિવ્ય દર્શન કરવા પધાર્યા અને ૫૨ (બાવન) લાખ જેવી માતબર રકમમાં ઉમિયાના ચરણોમાં ધરી અને ૮ લાખ રૂપિયાનો ખર્ચ જતાં ૪૪ લાખ રૂપિયાની બચત થઈ. આ મહોત્સવ કોઈ સામાન્ય મહોત્સવ ન હતો પણ એક સંસ્કારી પ્રજાનો સંસ્કારી મહોત્સવ બનાવવાનો આપણે સૌ એ સહિયારો ભગીરથ પ્રયત્ન કર્યો હતો. આ મહોત્સવ પછી સમાજમાં જાગૃતિ અને ચેતના આવી અને સમાજ માટે કંઈક કરવાની ભાવના વધી, મા ઉમિયાનો ભક્તિભાવ વધ્યો અને તે પછી આ સંસ્થાએ સમગ્ર સમાજનો આર્થિક, સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક અને આધ્યાત્મિક વિકાસ થાય તે પ્રકારની અનેક વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ શરૂ કરી આ પ્રવૃત્તિઓ પાછળ અત્યાર સુધી ૨૦ કરોડ જેવી માતબર રકમ વાપરવામાં આવી છે. આ બધી પ્રવૃત્તિઓ કરવાના પરિપાક રૂપે અને મા ઉમિયાના જ્યોતિરથે ગુજરાતના ૩૫૦૦ ગામો, મધ્યપ્રદેશના ૭૨૦ ગામો અને રાજસ્થાનના ૯૦ ગામોમાં નિર્વિઘ્ને પરિક્રમા કરી સમાજમાં ભક્તિભાવ વધાર્યો, સમાજ નિર્વ્યસની બને તે માટે લાખો લોકોને સંકલ્પ લેવડાવ્યો સમાજમાં ન ધારેલ હોય તેવી જાગૃતિ આવી, આ બધી પ્રવૃત્તિઓ થવાના કારણે સમગ્ર વિશ્વમાં આ સંસ્થાનું એક આગવું નામ થયું. આ પછી આ સંસ્થાએ અમદાવાદ સોલા રોડ ઉપર ૨૭ વિઘા જેવી વિશાળ જગ્યા લઈ ઉમિયા કેમ્પસનો વિકાસ કર્યો. એ જ રીતે ઉત્તર ગુજરાતના શક્તિપીઠો જેવા કે અંબાજી અને બહુચરાજીમાં રહેવા-જમવાની આપણા સમાજ માટે કોઈ વ્યવસ્થા ન હતી. આ બંન્ને જગ્યાએ વિશાળ પાયા ઉપર બે મોટા વિશ્રાંતિગૃહોનું આયોજન કર્યુ. મંદિરના સમગ્ર પરિસરમાં બહુ જ મોટા પાયા ઉપર ફેરફાર કરી મંદિરને સુંદર, સુશોભિત, સ્વચ્છ અને શિલ્પ દ્રષ્ટિએ બહુ જ સુંદર બનાવ્યું અને માન સરોવરનો વિકાસ કર્યો, યાત્રિકોને રહેવા - જમવા માટે સમયને અનુરૂપ આધુનિક સગવડોવાળુ વિશ્રાંતિગૃહ અને ભોજનાલય ની વ્યવસ્થા કરવામાં આવી.

૧૮મી શતાબ્દી મહોત્સવ ને ઉજવે ૩૩ વર્ષ પૂરા થયા હોવાથી તેનો રજત જયંતી મહોત્સવ ઉજવવો જોઈએ તેવી વિચારણા છેલ્લા પાંચ-છ વર્ષથી ચાલતી હતી. પરંતુ છેલ્લે માનવીનું ધાર્યું કંઈ થતુ નથી. મા ઉમિયાની પ્રેરણા અને ઈચ્છા હોય તો જ આવા મહાન કાર્યો થતા હોય છે અને એ રીતે માની પ્રેરણા અને ઈચ્છાથી સૌ પ્રથમ સંસ્થાની કારોબારી તથા સ્થાનિક કારોબારી સભ્યોની મિટીંગમાં મહોત્સવ ઉજવવા માટેની વિસ્તૃત ચર્ચા થવા લાગી, બધાની સર્વાનુમતે ઈચ્છા થઈ કે આપણે મહોત્સવને ઉજવે ઘણા વર્ષો થઈ ગયા હવે રજત જયંતી મહોત્સવ સમય અને બદલાયેલ પરિસ્થિતિ અને અત્યાર સુધી થયેલી આ સંસ્થાની પ્રગતિને ધ્યાનમાં લઈ વિશ્વ કક્ષાનો મહોત્સવ ઉજવવા માનસિક રીતે પૂર્વ તૈયારીઓ થવા લાગી. સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, કારોબારીના સભ્યશ્રીઓ, જનરલ સભાના સભ્યશ્રીઓ અને ઊંઝા નગરના સૌ નગરજનોએ આ મહોત્સવને ઉજવવા માટે સર્વ પ્રકારની પ્રતિબધ્ધતા બતાવી. મહોત્સવ ઉજવવાનું મુહુર્ત જોવડાવવાનું નક્કી કરવામાં આવ્યું. તા. ૧૪-૫-૨૦૦૮ ના રોજ સંસ્થાના કાર્યવાહકો નડીયાદ પુજ્ય શુકદેવજી મહારાજ પાસે મુહુર્ત નક્કી કરવા ગયા અને તેમણે પ્રથમ જે મુહુર્ત કાઢેલું તે મુહુર્ત અનુકુળ ન હોવાથી બીજુ મુહુર્ત માગસર સુદ-૧૧ તા. ૨૮-૧૧-૨૦૦૯ થી માગસર સુદ-૧૫ તા. ૨-૧૨-૨૦૦૯ નું કાઢવામાં આવ્યું અને સ્થાનિક કારોબારી સભામાં આ મુહુર્તની ચર્ચા વિચારણા કરી સર્વાનુમતે વધાવી લેવામાં આવ્યું અને મહોત્સવની તૈયારી કરવા માટે સંસ્થાના સક્રિય કાર્યકર શ્રી મણીભાઈ ઈ. પટેલ (મમ્મી) ની મહોત્સવના કન્વીનર તરીકે સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી તે પછી મહોત્સવની તૈયારી રૂપે સમગ્ર ઊંઝા નગરને જોડવા માટે અને મહોત્સવમય બનાવવા માટે એક પછી એક અનેક મિટીંગોનું આયોજન કરવામાં આવ્યું અને સમગ્ર ઊંઝા નગર મા મય બન્યું.

મહોત્સવની સફળતા માટે રાત-દિવસ જોયા સિવાય બાળકોથી માંડીને વૃધ્ધો સુધી સૌ પોત-પોતાની સમજ શક્તિ પ્રમાણે કામે લાગી ગયા, ઊંઝાની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના હજારો કાર્યકરો પણ કામે લાગ્યા આમ ધીરે ધીરે વાતાવરણ જામતું ગયું. સમગ્ર મહોત્સવને વિશ્વ વ્યાપી બનાવવા અને ભવ્ય આયોજન માટે હોદ્દેદારશ્રીઓએ ઊંઝા વિભાગના ધારાસભ્યશ્રી અને માર્કેટયાર્ડના ચેરમેનશ્રી નારાયણભાઈ એલ. પટેલની મહોત્સવના ચેરમેન તરીકે નિમણૂંક કરી, સમગ્ર મહોત્સવનું આધુનિક આયોજન કરવા માટે ઊંઝા નગરના નિવાસી અને અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનના ડેપ્યુટી કમિશ્નર શ્રી મહેન્દ્રભાઈ એસ. પટેલની પ્રોજેક્ટ ચેરમેનશ્રી તરીકે નિમણૂંક કરવામાં આવી, ઊંઝા હાઈવે રોડની ટી.પી. નં. ૪ અને ૫ ની ૫૦૦ એકર જેવી વિશાળ જગ્યામાં આ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું. મહોત્સવની સફળતાના આધાર સ્તંભ સમી વિવિધ ૨૯ કમિટીઓની રચના કરવામાં આવી. (૧) ૧૮મી શતાબ્દી રજત જયંતિ મહોત્સવ કમિટી (૨) નાણાં કમિટી (૩) પ્રચાર-પ્રકાશન કમિટી (૪) યજ્ઞ સેવા કમિટી (૫) સરકારી સંકલન કમિટી (૬) ભોજન-રસોડા કમિટી (૭) મંડપ-ડેકોરેશન કમિટી (૮) સફાઈ-સ્વચ્છતા-સેનીટેશન કમિટી (૯) સલામતી બંદોબસ્ત કમિટી (૧૦) સ્વયંસેવક કમિટી (૧૧) દર્શન વ્યવસ્થા કમિટી (૧૨) સાંસ્કૃતિક-સંસ્કાર કમિટી (૧૩) વાહન-વ્યવહાર અને પાર્કિંગ કમિટી (૧૪) ચા-પાણી વ્યવસ્થા કમિટી (૧૫) મેડીકલ સેવા કમિટી (૧૬) પ્રસાદ કમિટી (૧૭) પાણી-પુરવઠા કમિટી (૧૮) વિદ્યુત વ્યવસ્થા કમિટી (૧૯) માહિતી - પૂછપરછ કમિટી (૨૦) ઉતારા કમિટી (૨૧) મહિલા સેવા કમિટી (૨૨) ગ્રામસેવા સંકલન કમિટી (૨૩) સરભરા કમિટી (૨૪) જમીન સંપાદન કમિટી (૨૫) શ્રી ઉમા બાળનગરી કમિટી (૨૬) સાંસ્કૃતિક-પ્રદર્શન કમિટી (૨૭) ઔદ્યોગીક-વાણિજ્ય-કૃષિ સ્ટોલ કમિટી (૨૮) સોવેનિયર કમિટી (૨૯) હેલિકોપ્ટર પુષ્પવર્ષા કમિટી દરેક કમિટીએ પોતાના સભ્યોમાંથી એક ચેરમેન, વાઈસ ચેરમેન અને કો. ઓર્ડિનેટરની નિમણૂંક કરવામાં આવી દરેક સમિટીને પોતાના કામ કરવાની સરળતા રહે તે માટે કાર્યાલયના ઉપરના માળે દરેક કમિટીને સંપૂર્ણ સગવડ સાથેના કાર્યાલયો આપવામાં આવ્યા. તેઓએ પોતાની સુઝબુધ્ધિ પૂર્વક એકબીજાની સલાહ-સુચન અને હોદ્દેદારશ્રીઓ સાથે વિચાર-વિમર્સ કરી પોતે -પોતાની ધગશ અને ઉત્સાહથી તેમની કમિટીની શ્રેષ્ઠ કામગીરી દેખાય તે માટે રાત-દિવસ જોયા વગર સૌએ પોત-પોતાની કામગીરી ઉપાડી લીધી. સંસ્થાના હોદ્દેદારશ્રીઓ પ્રમુખશ્રી કેશવલાલ વિ. પટેલ, ઉપ-પ્રમુખશ્રી ઓધવજીભાઈ આર. પટેલ, ઉપ-પ્રમુખશ્રી અનિલભાઈ ટી. પટેલ, માનદમંત્રીશ્રી નથ્થુભાઈ એલ. પટેલ, સહમંત્રીશ્રી અંબાલાલભાઈ એન. પટેલ (ચારી), સહમંત્રીશ્રી જયંતિભાઈ બી. પટેલ, સહમંત્રીશ્રી દશરથભાઈ આર. પટેલ વિગેરે સૌ મા મય બન્યા આ ઉત્સવ મા ઉમિયાનો છે તેવી દંઢ શ્રધ્ધા સાથે ન કલ્પી શકાય તેવા વિશાળ પાયા ઉપર આ મહોત્સવનું ભવ્યાતિ ભવ્ય રીતે દરેક પાસાઓનો અભ્યાસ કરી ભવ્ય આયોજન કરવામાં આવ્યું. આયોજનની કલ્પના ન થઈ શકે તેવું ભવ્યાતિભવ્ય આયોજન થયું. આ મહોત્સવ દરમિયાન કડવા પાટીદારના સાડા આઠ લાખ પરિવારોના ઘરે "કડવો ત્યાં કંકોત્રી" ના અભિયાન નીચે મા નું તેડું. અક્ષય, કંકુ, તાંબાનું યંત્ર પહોંચાડવાનું ભગીરથ કાર્ય થયું. ધાર્મિક મહોત્સવ સાથે લોક ઉત્કર્ષનો આ મહોત્સવ બને તે માટે કૃષિ પ્રદર્શન, ઔદ્યોગિક પ્રદર્શન, બાળનગરી, શૈક્ષણિ સેમીનાર, અતિત ગૌરવ, બ્લડ ડોનેશન કેમ્પ, ડ્રીપ ઈરીગેશનનો સંકલ્પ, પર્યાવરણનું જતન કરવા માટે લાખો વૃક્ષોના રોપાઓનું વિતરણ, પાટીદાર ગૌરવ ગાથા સાથેના પાંચ દિવસ વિવિધ સાંસ્કૃતિક ભવ્ય કાર્યક્રમોનું રાત્રિ આયોજન કરવામાં આવ્યું. જેમાં લાખો લોકો આ કાર્યક્રમ નિહાળતા હતા. આ સમગ્ર મહોત્સવનું લાઈવ ટેલીકાસ્ટ વિશ્વભરમાં કરવામાં આવ્યું.

લાખો લોકોએ દેશ-વિદેશમાં આ મહોત્સવ નિહાળ્યો અને પાટીદાર સમાજની સંગઠન શક્તિની વિશ્વ કક્ષાએ નોંધ લેવાઈ. પાટીદારો જ આવો મહોત્સવ કરી શકે ઊંઝા નગર અને ગ્રામ્ય વિસ્તારના હજારો કાર્યકરો અને સ્વયંસેવક ભાઈ-બહેનોની નિષ્ઠાપૂર્વકની સેવાને બિરદાવી. સમગ્ર મહોત્સવમાં આવનાર સૌ એ સ્વયંસેવકોની સેવાઓની નોંધ લઈ અને આભારની લાગણી વ્યક્ત કરી વંદન કર્યા. ન ભૂતો ન ભવિષ્યતિ એમલોકો કહે છે. પણ હું એમ માનું છું કે આવનારી પેઢી મા ઉમિયાનો સુવર્ણ મહોત્સવ આનાથી ભવ્યાતિભવ્ય રીતે ઉજવશે એમાં શંકા નથી. દિન પ્રતિદિન મા ઉમિયાની કૃપાથી આ સમાજ અવિરત રીતે આગળને આગળ વધતો જશે અને સારા સંસ્કારો મેળવી વધુ સારા કાર્યો કરશે તેમાં કોઈ શંકા નથી. આ મહોત્સવની સફળતા માટે મહોત્સવ કમિટી, રસોડા કમિટી કે જેમાં ભોજનની ઉત્તમ વ્યવસ્થા હતી. પાંચેય દિવસ લાડુંનું જમણ આપવામાં આવ્યું અને ૨૦ લાખ લોકોએ પ્રસાદનો લાભ લીધો. આ મહોત્સવમાં નિમાયેલ દરેક કમિટીએ પોતાના ફાળે આવેલી કામગીરીને સંપૂર્ણ પણે નાનામાં નાની વાતનું ધ્યાન રાખી આવનાર યાત્રાળુઓને કોઈ પણ પ્રકારની અગવડ ન પડે તે માટે બહુ જ સમજપૂર્વક અધુનિક રીતે ઉત્તમ પ્રકારે આયોજન કરી સેવાઓ આપી શ્રેષ્ઠ કામગીરીનો અનુભવ દરેક કમિટીએ કરાવ્યો એટલું જ નહિ પરંતુ કઈ કમિટીને પ્રથમ નંબર આપવો તે મુશ્કેલ બની ગયું. તમામ કમિટીઓએ ઉત્તમ પ્રકારની કામગીરી બજાવી. દરેક કમિટીએ કરેલ વિસ્તૃત કામગીરીની નોંધ સ્મૃતિગ્રંથમાં લેવાશે. આ મહોત્સવની દૂરગામી અસરો વર્ષો સુધી રહેશે. એટલું જ નહિ આ મહોત્સવની ફળશ્રુતિ રૂપે માતાજીનો ભક્તિભાવ વધ્યો અને સાચા અર્થમાં મા ઉમિયા શક્તિપીઠ તરીકે પ્રસ્થાપિત થયા. આજે લાખો લોકો મા ઉમિયાના ધામમાં પોતાની મનોકામનાઓ પરિપૂર્ણ કરવા આવે છે. સમગ્ર પાટીદાર સનાજ મા ઉમિયાની ધજા નીચે સંગઠિત થયો, સમાજમાં સંપ, સહકાર, સંગઠનની ભાવના વધી અને આ સંગઠિત શક્તિને સમાજના આર્થિક, સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક અને આધ્યાત્મિક વિકાસ માટે પરિવર્તિત કરી સમાજ સુખી, સમૃધ્ધ, સંસ્કારી શિક્ષિત, સશક્ત અને નિર્વ્યસની બને તે માટેનો અવિરત પ્રયત્ન રહેશે. આ મહોત્સવ દરમિયાન સમાજમાંથી આપણે વિવિધ ધાર્મિક ઉછામણી દરમિયાન પરિસરમાં તકતી યોજનામાં ૧૧ લાખથી વધુ રકમ આપનાર દાતાશ્રીઓના દાનથી, મહોત્સવના સ્પોન્સર દાતાશ્રીઓ, જુદા-જુદા પેવેલીયનના દાતાશ્રીઓ, પાંચ લાખના મા અન્નપૂર્ણાના દાતાશ્રીઓ, બાળનગરી દ્વારા, હુંડી દ્વાર, સોવિનીયર જાહેરાત દ્વારા, હેલીકોપ્ટર પુષ્પ વર્ષા દ્વારા વગેરે સ્કીમો દ્વારા અંદાજે ૩૫ કરોડ જેટલી માતબર રકમ આપણે એકઠી કરી શક્યા. મહોત્સવમાં અંદાજે ૧૭.૫ કરોડ જેટલું ખર્ચ બાદ થતાં ૧૮ કરોડ જેટલી બચત રહેશે જે સંસ્થા દ્વારા ચાલતી પ્રવૃત્તિઓના વિકાસ માટે વપરાશે.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાનો ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ એ કોઈ સામાન્ય મહોત્સવ ન હતો પણ વિશ્વના કડવા પાટીદારોએ સંગઠિત થઈ આ મહોત્સવને વિશ્વ કક્ષાનો બનાવવા માટેનો પ્રયત્ન કર્યો. આ મહોત્સવ પાટીદાર સમાજે સંગઠિત શક્તિ દ્વારા અને ઊંઝા નગરના સહયોગથી એવો બનાવ્યો કે જેની વિશ્વકક્ષાએ નોંધ લેવાઈ અને મા ઉમિયનો જયજયકાર થયો. આ મહોત્સવ સૌના ઉત્કર્ષનો બને તેવું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવથી વિશ્વના કડવાપાટીદારો કુળદેવી શ્રી ઉમિયા માતાજીની પૂજા-આરતી કરતા થાય અને પ્રચંડ આસ્થા અને શ્રધ્ધા ધરાવતા થાય તે ઉદ્દેશ પણ ધ્યાનમાં રાખવામાં આવ્યો હતો. સામાજિક સંગઠન દ્વારા સમગ્ર વિશ્વના કડવા પાટીદારોના સંગઠનની સાંકળ વધુ મજબૂત બનાવવાનો આ મહોત્સવ હતો. આ મહોત્સવમાં એકત્રિત થનાર ફંડનો ઉપયોગ હાલ સંસ્થાની જે પ્રવૃત્તિઓ ચાલે છે તે વિવિધ યોજનાઓમાં વધારો કરી સંસ્થાની સામાજિક સાથીદારની ભૂમિકા વધારે સુદૃઢ બનાવવાનો ખ્યાલ છે. આ મહોત્સવથી આવનરી પેઢી સુખી, સમૃધ્ધ, સશક્ત, શિક્ષિત અને નિર્વ્યસની બની વિશ્વમાં એક આગવી ઓળખ પ્રસ્થાપિત કરી સક્ષમ બને તે માટેઆપણે સૌ એ ભગીરથ પ્રયત્ન કરવાનો છે.

મ. ઈ. પટેલ

મણીભાઈ ઈ. પટેલ (મમ્મી)
કન્વીનર
૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ - ૨૦૦૯



સ્વાગતમ્

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯ એક અદ્‌ભુત, અવિસ્મરણીય અને અલૌકિક અવસર જેની સ્મૃતિ "સોવેનિયર" સ્વરૂપે પ્રકાશિત થઈ રહી છે ત્યારે સર્વે પાટીદાર પરિવારોનું હાર્દિક અભિવાદન કરી આ સુવર્ણ ઈતિહાસ-આપણા સહુના પુરૂષાર્થનું આ સંભારણું, મા ઉમિયાના ચરણે ધરી ધન્યતાની લાગણી અનુભવુ છું.

ન ભુતો ન ભવિષ્યતિ....

વિશ્વના સમગ્ર કડવા પાટીદારોની એકસૂત્રતાનો આ એવો ઉત્સવ હતો કે...

જેમાં સતત પાંચ દિવસ સુધી ૬૦૦ એકરની વિશાળ ભૂમિ ઉપર જેમાં ૫૦ થી ૫૫ લાખ લોકોએ પ્રત્યક્ષ ભાગ લીધો...

સમગ્ર ગુજરાત સરકારનું વ્યવસ્થાતંત્ર જ્યાં સ્વયંસેવક હોય...

જ્યાં વીસ હજાર કરતાં પણ વધારે સ્વયંસેવકોએ દિવસ રાત જોયા વગર નિ:સ્વાર્થ સેવાઓ આપેલ હોય...

ઘણા દિવસો સુધી દૈનિક પત્રોના પાનાઓ ઉપર મહોત્સવના માહિતી સભર સમાચારો છપાતા હોય...

એવા આ ભવ્યાતિભવ્ય મહોત્સવની સફળતાની સ્મૃતિ સંભારણા રૂપે બનતા સોવેનિયરમાં સમાવવી અર્થાત્ મહાભારત જેવા આ મહોત્સવને ૨૦૦ પાનામાં સમાવવો ખુબજ કઠિન છે. તે હવે મને મહેસુસ થાય છે.

તુ એકલો જાને રે... આ પંક્તિ દરેક પ્રસંગ પછી તેના સંભારણારૂપે સ્મૃતિગ્રંથ બનાવનારને લાગુ પડે છે. એક મોટુ સફળ મહાયુધ્ધ લડ્યા પછી યોધ્ધાઓ નિરાંત-વિરામ ઈચ્છે છે તેમ સફળ મહોત્સવ પછી દરેક કાર્યકરો પોતપોતાના દૈનિક કામે લાગી જાય તેવા સમયમાં પોતાની જવાબદારી પુર્ણ કરવી ખુબજ કઠીન છે. પરંતુ મા ઉમાના આર્શીવાદ સતત સાથે હોય તો જટીલ કામ પણ સરળ બની જાય છે.

મને મારા આ કાર્યમાં જ્યારે પણ ગુંચ પડે ત્યારે સતત દોરવણી, અવિરત પ્રેમ, હુંફ અને માર્ગદર્શન મહોત્સવના મહારથી વડીલશ્રીઓ તરફથી સતત મળેલ છે. આ બાબત મારા માટે અવિસ્મરણીય બની રહેશે. તેમનો આ પ્રેમ અને લાગણીસભર વ્યવહાર મને મારા કાર્યમાં સફળતા સુધી લઈ જવામાં પ્રેરક માર્ગદર્શક બની રહ્યો.

મહોત્સવના કન્વીનર શ્રી મણીભાઈ (મમ્મી)ને જ્યારે પણ મળવાનું થાય ત્યારે તેઓ કહેતા **"કૌશિકભાઈ સોવેનિયરનું કામ કેટલે આવ્યું "** સોવેનિયર સરસ બનાવવાનું છે. ચેરમેન શ્રી નારાયણકાકા રૂબરૂ મળે ત્યારે કહેતા **"ઝડપથી સુંદર રીતે કામ પુરૂ કરો"**. પ્રોજેકટ ચેરમેનશ્રી મહેન્દ્રભાઈ ફોન દ્વારા વારંવાર પૃચ્છા કરતા **"સોવેનિયર આપણા મહોત્સવની જેમ જ સર્વાંગી સુંદર બનાવવાનું છે"**. મારૂ કામ હોયતો મને અચુક જણાવશો.

પ્રસ્તુત સોવેનિયરમાં લાંબા લાંબા ફકરાઓ વાળા લખાણથી દુર રહી ને મા ઉમાના ઉત્કર્ષના ઉત્સવના દરેક કમિટીના પ્રસંગોની સ્મૃતિને ચિરંજીવ રાખતા ફોટોગ્રાફસ અને જરૂરી આંકડાકીય માહિતી સાથે નવિન શૈલીનું સોવેનિયર બનાવવાનો મારો આ નમ્ર પ્રયાસ આપ સહુને ગમશે તેવી મને સંપુર્ણ આશા અને વિશ્વાસ છે.

સોવેનિયર તૈયાર કરવામાં મારી યુવા સોવેનિયર કમિટીના સર્વે સભ્યો તથા મારા દરેક કાર્યમાં પ્રત્યક્ષ મારી સાથે રહી સતત સાથ સહકાર આપનાર મારી કમિટીના વાઈસ ચેરમેન આનંદ એસ. પટેલ તથા સંપાદનમાં સદૈવ જેમનો સાથ સહકાર હતો એવા વડીલશ્રી મણીભાઈ આઈ. પટેલ (મમ્મી) નો સદા આભારી રહીશ.

વિશાળ પાયા ઉપરના એક વૈચારિક આંદોલનના અભિયાન સમા આ યાદગાર ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવની સ્મૃતિને સાચવતા આ સોવેનિયરમાં પુરતી કાળજી, દરેક પ્રસંગને યોગ્ય રીતે મુલવવાનો સહજ પ્રયાસ તથા વિવિધ કમિટીઓની કામગીરીને વર્ગીકૃત કરવાનો પ્રયત્ન કરેલ છે. તેમ છતાં કંઈ પણ ભુલચુક હોય તો દર ગુજર કરશો.

ભવ્યાતિભવ્ય મહોત્સવની સ્મૃતિરૂપે સોવેનિયર તૈયાર કરવાની જે જવાબદારી આપી અને મા ઉમિયાની સેવા કરવાની જે તક આપી તે બદલ મહોત્સવના ચેરમેનશ્રી, કન્વીનરશ્રી, પ્રોજેકટ ચેરમેનશ્રી તથા શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના તમામ હોદ્દેદારશ્રીઓનો ખુબ ખુબ આભારી છું.

વાંચક તરીકે આપનું સ્વાગત અને સત્કાર કરી "સોવેનિયર" ની સ્મૃતિને માણવા આપને આવકારૂ છું.

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯ સોવેનિયર આપના સ્મૃતિ પટલ પર કાયમી સ્મૃતિ રૂપે ચિરંજીવ બની રહેશે. તેવી શુભ ભાવનાઓ સહ.... જય શ્રી ઉમિયા

કૌશીક જી. પટેલ
ચેરમેનશ્રી, સોવેનિયર કમિટી
૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯

Tel No.(079)23243171-72-73
Fax No.(079) 23231121

1005-9/6866/09
Press Secretary to H.E. the
Governor of Gujarat,
Raj Bhavan,
Gandhinagar-382 020.

To,

Chairman,
Souvenir Committee,
18th Century Rajat Jayanti Mahotsav-2009,
Shree Umiya Mataji Sansthan,
Unjha-384170.

Sir,

His Excellency the Governor of Gujarat Shri S.C. Jamir has conveyed his best wishes for the event.

With regards,

Yours faithfully,

Press Secretary.

cm/apro/21112009



सत्यमेव जयते

તા. ૨૬/૧૧/૦૯

સંદેશ

ભારતીય સંસ્કૃતિમાં ઉત્સવોનું અનોખું અને મહત્વપૂર્ણ સ્થાન રહ્યું છે. ઉત્સવો આપણા જીવનનું અનેરું પાસું છે, ઉત્સવ હિન્દુ સંસ્કૃતિમાં આરાધનાની એક આગવી પરંપરા છે.

આ પરંપરા અને શ્રદ્ધાના ભાગ રૂપે **કડવા પાટીદારના કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા** દ્વારા **શ્રી ઉમિયા માતાજી મંદિરના ૧૮૦૦ વર્ષ પૂર્ણ** થવાના પાવન પ્રસંગે યોજાઈ રહેલા **૧૮મી શતાબ્દી રજત જ્યંતી મહોત્સવ - ૨૦૦૯** પ્રસંગે નવનિર્મિત ઉમિયાનગરમાં **સહસ્ત્રચંડી મહાયજ્ઞ** સહિત વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે અને આ પ્રસંગે એક **સ્મૃતિગ્રંથ** પ્રગટ થઈ રહ્યો છે તે જાણી હર્ષ થયો.

ધર્મની સાથે સમાજ ઉત્થાનની પ્રવૃત્તિઓમાં ભાવિકોને સક્રિય બનાવવાના ભાગ રૂપે આ ઐતિહાસિક પ્રસંગે ટપક સિંચાઈ દ્વારા ખેતીનો સંકલ્પ કરનારા એક લાખ જેટલા ખેડૂતો તેમજ દેશ-વિદેશથી પધારનારા ભાવિકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

પાવનકારી મા ઉમાના ચરણમાં વંદન સહ...

સૌનો,

(નરેન્દ્ર મોદી)

પ્રતિ,
વ્યવસ્થાપકશ્રી,
૧૮મી શતાબ્દી રજત જ્યંતી મહોત્સવ - ૨૦૦૯,
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન,
ઊંઝા - જિ. મહેસાણા.

નરેન્દ્ર મોદી
મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય

सत्यमेव जयते



मुख्य मंत्री
राजस्थान

2 7 NOV 2009

संदेश

मुझे यह जानकर प्रसन्नता है कि कड़वा पाटीदार कुलदेवी श्री उमिया माताजी संस्थान, ऊंझा के तत्वावधान में 28 नवम्बर से 2 दिसम्बर, 09 तक 'पाटीदार कुलदेवी श्री उमिया माताजी–18वीं शताब्दी रजत जयंती महोत्सव–2009 एवं सहस्र चण्डी महायज्ञ' का आयोजन किया जा रहा है।

हमारी संस्कृति में कुलदेवियों की महत्ता सुविदित है। इस प्रकार के आयोजनों से श्रद्धालुओं को आध्यात्मिक आस्था के साथ सामाजिक समरसता का मार्ग प्रशस्त होता है।

आशा है इस महोत्सव के अनुष्ठान एवं महायज्ञ प्रेरणादायी और सामाजिक सद्भाव बढ़ाने में सहायक होंगे।

मैं श्री उमिया माताजी को श्रद्धापूर्वक नमन करते हुए इस रजत जयंती समारोह एवं स्मारिका के प्रकाशन की सफलता के लिए अपनी हार्दिक शुभकामनाएं प्रेषित करता हूं।

(अशोक गहलोत)

HIS DIVINE HOLINESS
PRAMUKH SWAMI MAHARAJ
(SWAMI NARAYANSWARUPDAS)



॥ श्रीस्वामिनारायणो विजयते ॥

તા. ૨૪-૧૧-૨૦૦૯, બોચાસણ

પ્રતિ

પરમ ભગવદીય શ્રી નારાયણભાઈ પટેલ તથા ઉમિયા માતાજી સંસ્થાનના સર્વે કાર્યકરો.

જય સ્વામિનારાયણ.

વિશેષ, આપ સૌ અને સમસ્ત પાટીદાર સમાજ દ્વારા ઉમિયા માતાજીની ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવની શાનદાર ઉજવણી ઊંઝામાં કરવામાં આવી રહી છે, તે જાણીને અત્યંત હર્ષ થયો છે.

ભારતમાં શતાબ્દીઓથી આદ્યમાતા ઉમિયા માતાજી લાખો પાટીદારો અને અન્ય અનેક લોકોની આસ્થાનું કેન્દ્ર રહ્યાં છે, એટલું જ નહીં, સૌ પર તેમના આશીર્વાદની સતત અનુભૂતિ પણ થઈ રહી છે. લાખો કડવા પાટીદારોએ કુળદેવી તરીકે ઉમિયા માતાજીની ભક્તિ કરીને શક્તિ મેળવી છે, અને એ શ્રદ્ધા-શક્તિથી જીવનનાં અનેક ક્ષેત્રોમાં ખૂબ પ્રગતિ કરી છે.

એ જાણીને ખૂબ આનંદ થયો કે આ મહોત્સવમાં આપ સૌની અખૂટ શ્રદ્ધા, એક શક્તિ બનીને અનેકવિધ સામાજિક કાર્યોરૂપે પ્રગટ થઈ છે. ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા અનેકવિધ લોકસેવાની પ્રવૃત્તિઓ ચાલી રહી છે. અને આ મહોત્સવના ઉપક્રમે વિશેષ સેવાકાર્યો કરી રહ્યા છો તે અત્યંત પ્રશંસનીય છે. ખાસ તો લોકોનાં જીવનમાં સદાચારની વૃદ્ધિ થાય, લોકો વ્યસનમુક્ત થાય, રક્તદાન અને બેટી બચાવો જેવા સામાજિક કાર્યક્રમો યોજાય, સૌને વિદ્યા-વ્યવસાય અને વિવિધ જીવનલક્ષી માર્ગદર્શન પ્રાપ્ત થાય, વગેરે આયોજનો સાથે આપ સૌ આ મહોત્સવને વધુ સફળ બનાવવા પ્રયત્નશીલ છો તે જાણી આનંદ થયો. તેમાંય ખૂબ મોટા પાયે ખેડૂતો ટપક સિંચાઈ દ્વારા ખેતીનો સંકલ્પ કરશે. તે વિશેષ નોંધપાત્ર સિદ્ધિ બની રહેશે.

આ મહોત્સવ સર્વપ્રકારે ખૂબ સફળ રહે, મહોત્સવમાં આવનારા સૌને યોગ અને ક્ષેમનું શ્રેષ્ઠ માર્ગદર્શન પ્રાપ્ત થાય, મહોત્સવનો કાર્યભાર સંભાળનારા સૌ કોઈને ખૂબ શક્તિ સામર્થ્ય પ્રાપ્ત થાય, સર્વે સ્વયંસેવકો પણ સેવા કરીને મહોત્સવને સર્વ પ્રકારે સફળ બનાવે અને સૌ મન-કર્મ-વચને આવી ભક્તિ કરીને સર્વ પ્રકારે સુખ-શાંતિ પ્રાપ્ત કરો એ જ પ્રાર્થના કરું છું.

શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ (પ્રમુખસ્વામી મહારાજ) ના આશીર્વાદ સાથે
સસ્નેહ જય સ્વામિનારાયણ

Bochasanwasi Shri Akshar Purushottam Swaminarayan Sanstha, Shahibaug Road, Ahmedabad - 380 004. Gujarat. India
www.swaminarayan.org email: info@swaminarayan.org



अनन्तश्रीविभूषित द्वारकाशारदापीठाधीश्वर एवं ज्योतिष्पीठाधीश्वर जगद्गुरु शङ्कराचार्य

स्वामी स्वरूपानन्द सरस्वती जी महाराज



श्रीशारदापीठम्	ज्योतिर्मठ
द्वारका, जामनगर, गुजरात	त्रोटकाचार्य गुफा, चमोली, गढ़वाल, उत्तराञ्चल
दूरभाष : 02892-235109	दूरभाष : 01389-222185

क्रमाङ्क :

दिनाङ्क : 21/11/2009

स्थल : द्वारका



शुभ-सन्देश

यह परम प्रसन्नता का विषय है कि पाटीदार समाज की कुलदेवी श्री उमिया माता जी का प्रतिवर्ष लाखों श्रद्धालु दर्शन करते हैं । सोवेनीयर कमेटी श्री उमिया माताजी की 18वीं शताब्दी रजत जयन्ती महोत्सव मनाने जा रहें हैं । इस अवसर पर आयोजित सहस्त्रचंडी महायज्ञ, पाटीदार गौरवगाथा, औद्योगिक-कृषि, हस्तकला प्रदर्शन, सामाजिक उत्कर्ष, रक्तदान, तम्बाकु व्यसन मुक्ति, बेटी बचाओ जैसे सामाजिक कार्यक्रमों का आयोजन होने जा रहा है जो निश्चयरूपेण समाज को एक नई दिशा प्रदान करेगा ।

इस अवसर प्रकाशित स्मृतिग्रंथ अपने उद्देश्य में सफलता प्राप्त करें, समाज को नई दिशा प्रदान करे, एतदर्थ अनन्तश्रीविभूषित ज्योतिष्पीठाधीश्वर एवं द्वारकाशारदापीठाधीश्वर जगद्गुरु शङ्कराचार्य जी महाराज का शुभाशीर्वाद प्रेषित करते हैं ।

(स्वामी सदानन्द सरस्वती)
श्रीशारदापीठ, द्वारका

लाल कृष्ण आडवाणी
नेता, प्रतिपक्ष
लोकसभा



सत्यमेव जयते

44, संसद भवन,
नई दिल्ली - 110 011
दूरभाष : 23016705, 23034285
फैक्स : 23017470

दिनाँक 21 नवम्बर, 2009

संदेश

मुझे यह जानकर अत्यन्त प्रसन्नता हुई कि पाटीदार कुलदेवी श्री उमिया माताजी – 18वा शताब्दी रजत जयंती महोत्सव एवं सहस्त्रचंडी महोत्सव 2009 का आयोजन किया जा रहा है व इस उपलक्ष्य में एक स्मारिका भी प्रकाशित की जा रही है।

मै सभी आयोजनो के लिए मेरी हार्दिक शुभकामनाएं प्रेषित करता हूँ व आयोजको को इन पुण्य कार्यो के लिए बधाई देता हूँ।

(लाल कृष्ण आडवाणी)

निवास : 30 पृथ्वीराज रोड, नई दिल्ली - 110011 दूरभाष : 23794124, 23794125 फैक्स : 23017015

प्रफुल पटेल
PRAFUL PATEL

नागर विमानन् राज्य मंत्री (स्वतंत्र प्रभार)भारत सरकार, राजीव गांधी भवन, नई दिल्ली- 110003
MINISTER OF STATE FOR CIVIL AVIATION (INDEPENDENT CHARGE)
GOVERNMENT OF INDIA, RAJIV GANDHI BHAWAN, NEW DELHI - 110 003



November, 2009

MESSAGE

It gives me great pleasure to know that Shree Umlya Mataji Sansthan, Unjha (Gujarat), is organizing its 18th Centenary Silver Jubilee 2009 from 28th November to 2nd December, 2009.

The theme of the celebrations is the "Sahastrachandi Mahayagya", an exhibit displaying accomplishments and cultural heritage of Patidar Community. The celebrations are focused towards betterment of Society and accelerating the pace of Economic and Socio-Cultural Development in Gujarat. I am glad to know that more than one lakh farmers are taking Oath on Drip Irrigation with Umlya Mataji. An intrinsic part of the celebrations is an Industrial and Commercial Exhibition, where experts and leaders from various sectors, high level representatives of private, public and government enterprises are attending.

On this occasion I convey my best wishes to the organizers of the Shri Umlya Mataji Sansthan and wish the event a great success.

(PRAFUL PATEL)

Phone : 011-24610350, 011-24632991 (O) Fax 011-24610354 E-mail praful@sansad.nic.in

सत्यमेव जयते

સૌરભ પટેલ (દલાલ)



ક્રમાંક : ના.ઉ., કુ.ઉ., મી.ઉ., છા. અને લે.સા.
(સ્વ.હ.) ઉ.ખા. અને ખનીજ, નાણાં, ઉ. અને પેટ્રો.
આયોજન/
રાજ્યકક્ષાના મંત્રીશ્રી,
નાગરીક ઉડ્ડયન, કુટીર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ, છાપકામ,
અને લેખન સામગ્રી (સ્વતંત્ર હવાલો), ઉદ્યોગ, ખાણ,
ખનીજ, આયોજન,
નાણાં, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ.
ગુજરાત સરકાર, બ્લોક નં. ૨/૩,
નવા સચિવાલય, ગાંધીનગર.
ટેલીફોન નં. ૨૩૨૨૦૬૫૫, ૨૩૨૨૦૬૯૪
ફેક્સ : ૨૩૨૫૦૨૧૫.

તારીખ ૧૬-૧૧-૨૦૦૯

સ્નેહીશ્રી,

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા દ્વારા આગામી તા. ૨૮/૧૧/૦૯ થી તા. ૦૨/૧૨/૦૯ દરમ્યાન ઉજવવામાં આવનાર ઐતિહાસિક અને ભવ્ય શ્રી મા ઉમિયા માતાજી ૧૮મી શતાબ્દી રજત જ્યંતી મહોત્સવ - ૨૦૦૯ પ્રસંગની યાદગીરી માટે એક સોવેનીયર પ્રકાશિત કરવામાં આવનાર છે તે જાણી આનંદની લાગણી અનુભવું છું.

શ્રી મા ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા ખાતે થનાર ભવ્ય કાર્યક્રમ દરમ્યાન - ૪૦-૪૫ લાખ જેટલા ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને સમગ્ર વિશ્વના ખૂણે ખૂણે વસતાં પાટીદારો દર્શનનો લાભ લેશે, એટલુ જ નહીં પણ આ ઐતિહાસિક પ્રસંગે એક લાખ ખેડૂતો ટપક સિંચાઈનો સંકલ્પ કરશે. આ કાર્યક્રમ સાથે પાટીદાર ગૌરવગાથા, ઔદ્યોગિક, કૃષિ અને હાથશાળ પ્રદર્શન, સમાજિક ઉત્થાનના કાર્યક્રમ અને નોલેજ સેમીનાર, રક્તદાન, ગુટખા-વ્યસન મુક્તિ, બેટી બચાવો વગેરેનું આયોજન કરવામાં આવનાર છે જે ખૂબ જ સરાહનીય છે.

આમ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા દ્વારા પ્રકાશિત થનાર સોવેનીયર પાટીદારો માટે ખૂબ જ ઉપયોગી પૂરવાર થશે તેમજ ભવ્ય કાર્યક્રમ સર્વાંગી સફળ નિવડે તેવી મારી હાર્દિક શુભેચ્છા સાથે શુભકામનાઓ પાઠવું છું.

આપનો સ્નેહાધીન,

(સૌરભ પટેલ)

પ્રમુખશ્રી, સોવેનિયર કમિટી,
૧૮મી શતાબ્દી રજત જ્યંતી મહોત્સવ - ૨૦૦૯
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા

નિવાસ : બંગલા નં. ૧૨-એ, મંત્રીશ્રી નિવાસસ્થાન, સેકટર-૨૦, ગાંધીનગર. ફોન નંબર : ૨૩૨૨૩૪૨૬, ૨૨૩૨૫૧૩.
E-mail : mos-ener@gujarat.gov.in

સત્યમેવ જયતે

ક્રમાંક : રાકમં/ગૃહ, કાયદો, વૈધાનિક, વા.વ્ય. / / ૨૦૦૯-૧૦
રાજ્યકક્ષાના મંત્રી,
વાહન વ્યવહાર, પોલીસ આવાસો, સરહદી સુરક્ષા,
ના.સં., ગૃ.ર.દ., ગ્રા.ર.દ., જેલ, નશાબંધી, આબકારી,
કાયદો અને ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો
(સ્વતંત્ર હવાલો), ગૃહ
તારીખ :- ૨૪/૧૧/૦૯



પ્રતિ,
શ્રી નારાયણભાઈ પટેલ
કન્વીનર, ૧૮મી શતાબ્દી રજત જ્યંતી મહોત્સવ - ૨૦૦૯
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન,
ઊંઝા.
(મહેસાણા)

સ્નેહીશ્રી,

નમસ્કાર,

પાટીદારોની શ્રધ્ધા તથા આસ્થાના કેન્દ્ર સમાન માં ઉમિયા માતાજીના ઊંઝા સ્થિત મંદિરની સ્થાપનાના ૧૮૦૦ વર્ષની પુર્ણાહુતિ પ્રસંગે આયોજીત ૧૮મી શતાબ્દી મહોત્સવની યાદગીરીરૂપે તા. ૨૮ નવેમ્બર થી ૨ ડીસેમ્બર ૨૦૦૯ દરમ્યાન આપના દ્વારા યોજાયેલ "રજત જ્યંતી મહોત્સવ" નિમિત્તે ખાસ સ્મૃતિગ્રંથ પ્રકાશિત થઈ રહ્યો છે, તે જાણીને ખુબ જ આનંદ થયો.

૧૮મી શતાબ્દી રજત જ્યંતી મહોત્સવ - ૨૦૦૯ સોવેનીયર કમિટી દ્વારા પ્રકાશિત થઈ રહેલ સ્મૃતિ ગ્રંથમાં પાટીદાર ગૌરવગાથા, ઔદ્યોગિક કૃષિ, હાથશાળ પ્રદર્શન, સામાજીક ઉત્થાન જેવા અનેકવિધ વિષયોને આવરી લેવામાં આવે તો સહુ પાટીદારો મિત્રો માટે ગૌરવરૂપ અને યાદગારરૂપ અંક બની રહેશે તેવી આશા સાથે સહુ પાટીદાર મિત્રોની ઉત્તરોત્તર પ્રગતિ માટે મારી હૃદયપુર્વકની શુભકામનાઓ પાઠવું છું.

આભાર,

આપનો

(અમિત શાહ)

સરનામું : બ્લોક નં. ૨/૩, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન. નં. : (ઓ) ૦૭૯-૨૩૨૨૫૯૨૦, ૨૩૨૫૦૨૩૧-૩૨ (રહે) ૨૭૪૯૯૦૭૦
ફેક્સ : (ઓ) ૦૭૯-૨૩૨૫૦૨૩૫, ઈ-મેઈલ : min-home@gujarat.gov.in

सत्यमेव जयते

દિલીપ સંઘાણી



ફોન : (૦૭૯) ૨૩૨૫૦૧૨૧-૨૨-૨૩ ફેક્સ : ૨૪
(મો) : ૯૯૭૮૪ ૦૫૩૪૧
ક્રમાંક : મંત્રી/કૃ.સ.પ.મ.ગૌ./............../
મંત્રી,
કૃષિ, સહકાર, પશુપાલન, મત્સ્યોદ્યોગ અને ગૌસંવર્ધન,
ગુજરાત સરકાર,
૧, સરદાર ભવન, ૭મો માળ,
સચિવાલય, **ગાંધીનગર-૩૮૨ ૦૧૦.**
તારીખ :

શુભેચ્છા સંદેશ

"કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા" દ્વારા આયોજિત **"૧૮મી શતાબ્દી રજત જ્યંતી મહોત્સવ - ૨૦૦૯"** નો પ્રારંભ તા. ૨૮/૧૧/૨૦૦૯ થી નવનિર્મિત થનાર "ઉમિયાનગર" ખાતે રાખવામાં આવેલ છે તે જાણી ખૂબ આનંદ થયો.

આ શુભ પ્રસંગની યાદગીરી રૂપે સંસ્થા એક **"સ્મૃતિગ્રંથ"** પ્રસિધ્ધ કરવા જઈ રહેલ છે તે જાણી વિશેષ આનંદ થયો.

આ ઐતિહાસીક પ્રસંગે દેશ-વિદેશથી લગભગ ૪૦-૪૫ લાખ લોકો પાંચ દિવસ દરમ્યાન શ્રધ્ધાપૂર્વક સહસ્ત્રચંડી મહાયજ્ઞ તથા દર્શનનો લાભ લેનાર છે. વિશેષમાં એક લાખ ખેડૂતો "ટપક સિંચાઈ" દ્વારા ખેતીનો સંકલ્પ કરશે અને વિવિધ લાભદાયી સ્ટોલ દ્વારા પ્રજાને માહિતી સભર જ્ઞાન મળશે.

કાર્યક્રમની સફળતા તથા પ્રસિધ્ધ થનાર **"સ્મૃતિગ્રંથ"** ને મારી શુભકામનાઓ તેમજ આ કામગીરી સાથે સંકળાયેલ તમામ આયોજકોને મારા અભિનંદન પાઠવું છું.

(દિલીપ સંઘાણી)

પ્રતિ
સોવિનીયર કમિટી,
"૧૮મી શતાબ્દી રજત જ્યંતી મહોત્સવ - ૨૦૦૯" સમિતિ,
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા
મુ.પો. ઊંઝા જિ. મહેસાણા.

નિવાસ સ્થાન : ૭, મંત્રીશ્રીઓના નિવાસ સ્થાન, સેક્ટર-૨૦, ગાંધીનગર. ફોન : (૦૭૯) ૨૩૨ ૫૯૭૨૩, ૨૩૨ ૪૩૫૧૦
E-mail : mim-agri@gujarat.gov.in

ભારતીય જનતા પાર્ટી

ગુજરાત પ્રદેશ



પં. દીનદયાલ ભવન, જે. પી. ચોક, ખાનપુર, કર્ણાવતી - ૩૮૦ ૦૦૧
ટે. નં. ૦૭૯-૨૫૫૦૪૫૨૫ / ૨૬ / ૩૩   ફેક્સ : ૦૭૯-૨૫૫૦૪૫૩૪
e-mail : bjp.gujarat@gmail.com

તા. ૦૫/૧૨/૦૯

ચેરમેનશ્રી,
સોવેનિયર કમિટી,
૧૮મી શતાબ્દી રજત જ્યંતી મહોત્સવ - ૨૦૦૯
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા

સંદેશ

૧૮મી શતાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણી પ્રસંગે બહાર પાડવામા આવનાર સ્મૃતિગ્રંથમાં શુભેચ્છા પાઠવવાનું નિમંત્રણ આપશ્રી તરફથી મળ્યુ તેનો અત્યંત આનંદ અનુભવુ છું.

ગુજરાત રાજ્યની પ્રગતિમાં પાટીદાર સમાજનું પ્રદાન અનન્ય છે.

પાટીદાર સમાજ "માં ઉમિયા" ના આશીર્વાદથી વૈશ્વિક સ્તરે સમાજનું અને ગુજરાતનું નામરોશન કરી રહ્યો છે તેનાથી એક પાટીદાર પુત્ર તરીકે ગૌરવનો અનુભવ કરુ છું.

"મા ઉમિયા" ના ધામ ઊંઝામાં યોજાનાર ઐતિહાસિક મહોત્સવમાં-વ્યવસ્થા, વિકાસયાત્રા અને કૃષિ વિકાસના આધાર સ્તંભ "ટપક સિંચાઈ"ના પ્રસારના કાર્યક્રમની સફળતાની આ પ્રસંગે શુભેચ્છા પાઠવુ છું. આ મહોત્સવ યુવાનોના શિક્ષણ, ભ્રૂણ હત્યા અટકાવવાના સામાજિક યજ્ઞમાં આરોગ્યની જાળવણીની જાગૃતિમાં એક ઐતિહાસિક સ્મરણ બની જશે.

ઊંઝાના આંગણે પાંચ દિવસ યોજાયેલા અવસર ગુજરાતને પંચામૃતથી ભરી દેશે તેવી "મા ઉમિયા" ના ચરણોમાં પ્રાર્થના કરુ છું.

ધન્યવાદ,

આપના

(પરશોત્તમભાઈ રૂપાલા)
પ્રદેશ અધ્યક્ષ
સાંસદશ્રી (રાજ્ય સભા)

जयश्रीबहन के. पटेल
संसद सदस्य
लोक सभा

सत्यमेव जयते

2, शान्तिसदन,
सीमंदर मंदिरके सामने,
मोढेरा चार रस्ता, महेसाना -384002
टेल / फैक्स : (02762) 248880
E-mail : jkpatelgujarat@gmail.com



શુભેચ્છા સંદેશ

પ્રતિ,
માનનીય કન્વીનરશ્રી,
સોવેનિયર કમિટી,
18મી શતાબ્દી રજતજયંતી મહોત્સવ-2009
શ્રી ઉમિયા માતા માતાજી સંસ્થાન, ઊંઝા.

વિષય – શ્રી ઉમિયા માતાજી 18મી શતાબ્દી રજતજયંતી મહોત્સવ-2009 દરમ્યાન પ્રસિદ્ધ થનાર સ્મૃતિગ્રંથના શુભેચ્છા સંદેશ અંગે

સ્નેહીશ્રી,


જય ઉમિયા સહ જણાવવાનું કે શકિતપીઠ મા ઉમિયાના 18મી શતાબ્દી રજતજયંતી મહોત્સવ-2009ના અંતર્ગત સ્મૃતિગ્રંથ બનાવવાનું આયોજન નિર્ધારિત થયું છે તે જાણીને એક પ્રચાર પ્રસાર સમિતિના સભ્ય તરીકે ખૂબ જ આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.

કડવા પાટીદારોની વિશ્વ સંસ્થા સ્વરૂપ મા ઉમિયા સંસ્થાન, ઊંઝા પ્રેરિત 18મી શતાબ્દી રજતજયંતિ મહોત્સવ-2009ના ઉપક્રમે આ ઐતિહાસિક મહોત્સવને ઉત્કર્ષ ઉત્સવમાં પરિવર્તિત કરવા જે અનેકવિધ કાર્યક્રમો જેવા કે, પાટીદાર ગૌરવ ગાથા, સાંસ્કૃતિક પ્રદર્શન, ઔદ્યોગિક તેમજ કૃષિ પ્રસદર્શન, હાથશાળ પ્રદર્શન, સામાજિક ઉત્થાનના કાર્યક્રમ, નોલેજ સેમિનાર, સામાજિક પ્રવૃત્તિઓ જેવી કે રક્તદાન, ગુટખા વ્યસનમુક્તિ, બેટી બચાવો અભિયાન તથા ટપક સિંચાઈ પદ્ધતિ માટે કિસાન સંકલ્પ કાર્યક્રમનું આયોજન હાથ ધરાયું છે. જે સાચે જ પાટીદાર સમાજ તેમજ અન્ય સમાજોમાં સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, નૈતિક, ધાર્મિક ક્ષેત્રે ક્રાન્તિકારી પુરવાર થશે.

આવા ભવ્યાતિ ભવ્ય આયોજનથી સમગ્ર સમાજોમાં એક જાતની નવચેતનાનો સંચાર થશે મહોત્સવ સૈકાઓ સુધી પાટીદાર અસ્મિતાનાં ગૌરવગાથા સમો પ્રેરક બની રહેશે અને વિકાસની નવી ઊંચાઈઓ તમામ ક્ષેત્રે સિદ્ધ કરવા સહયોગ પ્રાપ્ત થશે એવી અપેક્ષા સહ.

તમામ કાર્યક્રમોની સફળતા માટે હાર્દિક શુભકામનાઓ આ સ્મૃતિગ્રંથ એક સંભારણું બની રહે તેવી હાર્દિક મનોકામના.

લિ.
આપની શુભેચ્છક
(જયશ્રીબેન પટેલ)
સંસદસભ્ય (લોકસભા) મહેસાણા
સભ્ય-પ્રચાર પ્રસાર સમિતિ 18મી શતાબ્દી રજતજયંતિ મહોત્સવ-2009


realpatidar.com
આશીર્વાદ
માતૃ
શાંતિ
ભક્તિ
પિતૃ
લક્ષ્મી
શ્રદ્ધા
બુદ્ધિ
લજ્જા
શક્તિ
વિદ્યા
realpatidar.com
२४ ॥ श्री उमाम्बा शरणमस्तु जन्मान्तरेष्वपि ॥

પાટીદારોની કુળદેવી મા ઉમિયા

પૌરાણિક કથા : મા ઉમિયા આદિશક્તિ છે. સૃષ્ટિની રચના થઈ તે પહેલાં માત્ર શિવતત્વ હતું. જેને આપણે ભગવાન શિવ તરીકે પૂજીએ છીએ. આ શિવતત્વને રમણ કરવાની ઈચ્છા થઈ. જેથી તે એકનાં અનેક થયાં. તેમણે ભગવાન વિષ્ણુને પ્રગટ કર્યા. ભગવાન વિષ્ણુની નાભિમાંથી બ્રહ્મા પ્રગટ થયા. શિવે બ્રહ્માને સૃષ્ટિની રચના કરવાનો આદેશ આપ્યો. સૃષ્ટિની રચનામાં શક્તિ આવશ્યક છે. આથી શિવતત્વએ સતીને પ્રગટ કર્યા. આ સતી એ જ મા ઉમા. તે પછી શિવના આદેશથી મૈથુનીસૃષ્ટિ પેદા કરવામાં આવી. તે માટે બ્રહ્માજીએ દક્ષ પ્રજાપતિ અને વિરીણીને ઉત્પન્ન કર્યા. તેમનાથી સૃષ્ટિની રચના કરવામાં આવી. તેમણે ઋષીઓ અને કન્યાઓને પ્રગટ કરી. સતીએ દક્ષ પ્રજાપતિને ત્યાં જન્મ લીધો. તેમનાં ભગવાન શિવ સાથે લગ્ન કરવામાં આવ્યાં. શિવ અને પાર્વતી કૈલાસ પર્વત પર નિવાસ કરે છે.

એક વાર રામાવતારના સમયે શિવજી પાર્વતીજીને શ્રીરામચંદ્રજીની કથા કહી રહ્યા હતા. રામચંદ્રજી ભગવાન શિવના ઈષ્ટ છે. રામચંદ્રજી અવતારી પુરુષ હોવાથી માનવીસહજ લીલા કરી રહ્યા છે. સીતાજીના રાવણ દ્વારા હરણને લઈને શ્રીરામચંદ્રજી સીતાના વિરહમાં વિહ્વળ બની ભટકે છે. આ વાતથી પાર્વતીજીને રામ બ્રહ્મ છે – તે વિશે શંકા જાય છે. આ વાત તેઓ ભગવાન શિવને જણાવે છે. શિવજીની આજ્ઞા લઈ તેઓ રામચંદ્રજી બ્રહ્મ છે કે નહિ તે અંગે પરીક્ષા કરવા સીતાનો વેશ ધારણ કરી રામચંદ્રજી પાસે જાય છે. રામચંદ્રજી તેમને ઓળખી લઈ ભગવાન શંકર અંગે પૂછે છે, ત્યારે સતીના ભ્રમનું નિરસન થાય છે અને પોતે શરમિંદગી અનુભવે છે. ભગવાન શિવ પાસે આવી તેઓ આ વાત છુપાવે છે, પરંતુ ભગવાન શિવ ધ્યાનથી આ વાત જાણે છે. ત્યારથી મનોમન શિવજી તેમના તરફ વિરાગી બને છે. આ દરમિયાન સર્વ દેવતાઓનાં વિમાનો કૈલાસ પર્વત પરથી જઈ રહ્યાં છે. દક્ષજીએ શિવને અપમાનિત કરવા યજ્ઞ કર્યો છે. દક્ષજીને તેમના જમાઈ ભગવાન શિવ પ્રત્યે તિરસ્કાર પેદા થયેલો છે. આથી તેમણે યજ્ઞમાં શિવ-પાર્વતીને આમંત્રણ આપ્યું નથી. અંતર્યામી શિવ બધી વાત જાણે છે. પાર્વતીજી દેવોનાં વિમાન ક્યાં જાય છે તેવી પૃચ્છા કરે છે. શંકર ભગવાન વાત ટાળે છે. સતી આગ્રહ કરે છે ત્યારે શિવજી દક્ષના યજ્ઞ વિશે તેમને જણાવે છે. સતીને પિતાજીના યજ્ઞમાં જવાનું મન થાય છે પણ શિવજી વિના આમંત્રણે ન જવા જણાવે છે. સતી હઠાગ્રહ કરે છે. શિવજી પોતાના ગણોને તેમની સાથે દક્ષજીના યજ્ઞમાં જવા રજા આપે છે. ત્યાં માત્ર તેમની માતા વિરીણી સિવાય સતીને કોઈ આવકાર આપતું નથી. યજ્ઞમાં સર્વ દેવતાઓ હાજર છે. ભગવાન શિવનો યજ્ઞભાગ રાખવામાં આવ્યો નથી. સતીને પોતાને આવકાર ન મળવાનાં અપમાન કરતાં તેમના પતિ ભગવાન શિવનું અપમાન સહન થતું નથી. તેઓ દક્ષજીનાં પુત્રીરૂપી શરીરને યજ્ઞવેદીમાં પડી બાળી નાખે છે. શિવજીએ મોકલેલ ગણો વીરભદ્ર વગેરે યજ્ઞનો વિધ્વંસ કરે છે. ભગવાન શંકર આવે છે. તેઓ પણ કોપાયમાન થાય છે. દક્ષને મારી નાખવામાં આવે છે. આમ સતીનો દક્ષ પ્રજાપતિની પુત્રી તરીકેનો પ્રથમ અવતાર પૂરો થાય છે.

અત્રે શક્તિપીઠોની ઉત્પત્તિ વિશે ટૂંકમાં જાણવું યોગ્ય ગણાશે. ભગવાન શિવ યજ્ઞ ભંગ કરી, યજ્ઞદેવીમાં બળતા સતીના શબને ઉઠાવી લે છે. સતી પ્રત્યેના લગાવને લીધે કોપાયમાન શિવ આખી સૃષ્ટિને ખેદાનમેદાન કરતા માર્યા માર્યા ફરે છે. સર્વ સૃષ્ટિ, દેવો વગેરે ત્રાહિમામ્ પોકારે છે. સર્વે વિષ્ણુને શિવના કોપથી સૃષ્ટિને બચાવવા પ્રાર્થના કરે છે. ભગવાન વિષ્ણુ જાણે છે કે જયાં સુધી શંકર ભગવાન પાસે સતીનું શબ હશે ત્યાં સુધી તેમને શાંત કરવા મુશ્કેલ છે. આથી ભગવાન શ્રી વિષ્ણુ પોતાના સુદર્શન ચક્રથી સતીના શબના ટુકડા કરે છે. એ દરેક ટુકડો જયાં જયાં પડ્યો તે સ્થળ શક્તિપીઠ બન્યું. આ પૃથ્વી પર સતીના શબના કુલ બાવન ટુકડા કરવામાં આવ્યા. જે બાવન શક્તિપીઠો તરીકે આજે પણ પૂજાય છે. ઊંઝામાં બિરાજતાં મા ઉમાએ સતીનું આદ્યશક્તિ રૂપે પૂર્ણ સ્વરૂપ છે, જે પૂર્ણરૂપે શક્તિનું મૂળ આદ્યસ્થાન ગણાય! શક્તિપીઠે તો માના એક અંગની પૂજા થાય છે, જયારે ઊંઝામાં મા ઉમા આદ્યશક્તિ રૂપે શક્તિનાં પૂર્ણ સ્વરૂપે બિરાજે છે. બાદ સતીનો બીજો અવતાર હિમાલય અને મૈનાની પુત્રી ઉમા તરીકે થાય છે. તેઓ ભગવાન શિવને પતિ તરીકે આરાધે છે. કઠિન તપ કરે છે. નારદજી ભવિષ્યવાણી કરે છે કે – તેમને પતિ તરીકે ભગવાન શિવ મળશે. તેમની તપશ્ચર્યા દરમિયાન સાત ઋષિઓ પરીક્ષા કરે છે, તેમાં સતી પાર ઉતરે છે. ઋષિઓના આશીર્વાદ મળે છે.

બીજી બાજુ ભગવાન શિવ દક્ષના યજ્ઞમાં સતી ભષ્મ થઈ જવાથી વિરાગી બની ગયા છે. સૃષ્ટિ પર તાડકાસુરનો ભયંકર આતંક વર્તાય છે. તે દેવોને કનડે છે. ઋષિઓના યજ્ઞો ભંગ કરે છે. તેનો ભગવાન શિવના પુત્રથી જ નાશ થાય તેવું તેને વરદાન છે. આથી સર્વ દેવતાઓ ભગવાન શિવને લગ્ન માટે વિનવે છે અને હિમાલયપુત્રી ઉમા સાથે તેમનાં લગ્ન થાય છે. તેમના પુત્ર કાર્તિકેય દેવોના સેનાપતિ બની તાડકાસુરનો વધ કરે છે.

આમ શિવ-પાર્વતી કૈલાસ પર નિવાસ કરે છે. ભગવાન શિવને અવારનવાર અસુરોના વિનાશ માટે જવાનું બને છે. એક વાર દંડકારણ્યમાં અસુરોનો ત્રાસ વધી ગયો હતો. ઋષિમુનિઓના યજ્ઞોનો તેઓ ભંગ કરે છે. આથી ઋષિમુનિઓ ભગવાન શિવની સ્તુતિ કરે છે. ભગવાન શિવ પ્રસન્ન થાય છે અને પ્રગટ થઈ ઋષિમુનિઓને અસુરોનો નાશ કરવાનું આશ્વાસન આપે છે. ભગવાન શિવ આજે જ્યાં ઊંઝા છે - તે દંડકારણ્ય (કે જેનો હેડંબાવન એક ભાગ છે - જેમાં પાંડવોના સમયમાં હેડંબા રહેતી હતી અને ભીમની પત્ની બની હતી. આજે તે હેડંબાની મૂર્તિ ઊંઝામાં મોલ્લોતના ચોરા પાસે છે. સમગ્ર ભારતમાં હેડંબાની મૂર્તિ બીજી કોઈ જગ્યાએ નથી) - તે વનપ્રદેશમાં અસુરોના સંહાર માટે આવે છે, સાથે મા ઉમિયાજી પણ હોય છે. ભગવાન શિવ મા ઉમાને સરસ્વતી કિનારે મૂકી અસુરો પાછળ જાય છે. મા ઉમા સરસ્વતી કિનારે રમણીય પ્રદેશથી પ્રફુલ્લિત થાય છે. તેઓ એકલાં હોવાથી સરસ્વતી કિનારે માટીના પૂતળાં બનાવે છે. ભગવાન શિવ અસુરોનો સંહાર કરી પરત આવે છે, ત્યારે મા ઉમિયાએ માટીનાં બાવન પૂતળાં બનાવેલાં છે. તેમણે ભગવાન શિવને આ સુંદર પૂતળાં બતાવ્યાં. ભગવાન શિવે ઉમાનાં વખાણ કર્યાં. મા ઉમાએ આથી ભગવાનને આગ્રહ કર્યો કે આ સુંદર પૂતળાંઓને આપ સજીવન કરો. ભગવાને તેમના આગ્રહથી બાવન પૂતળાંને સજીવન કર્યાં. સજીવ બનેલાં પૂતળાઓએ શિવ-પાર્વતીને નમસ્કાર કર્યાં. મા ઉમિયાએ તેમને આશીર્વાદ આપ્યા કે, "તમો એકવાર વાવશો ને ત્રણ વાર લણશો. તમે સુખી, સમૃદ્ધ અને આબાદ બનશો. તમારા કુળનો વિસ્તાર વધશે. તમો સર્વના પોષણકર્તા બનશો અને તમારાં સારાં કાર્યોથી પૃથ્વીલોકમાં નામ અમર કરશો." આ બાવન પુરૂષો એ કડવા પાટીદારોની બાવન શાખના આદિપુરૂષો બન્યા. મા ઉમાએ તેમને પ્રગટ કર્યાં આથી મા ઉમા પાટીદારોની 'કુળદેવી' પ્રસ્થાપિત થયાં. આ સમયે ભગવાન શિવ પણ પ્રસન્ન થયા અને મા ઉમાની ઉમાપુર-ઊંઝા ખાતે સ્થાપના કરી. હાલ ઊંઝા ખાતે ભગવાન શિવે જ મા ઉમાની સ્થાપના કરી છે. આમ કડવા પાટીદારોને મા ઉમિયાએ જ ઉત્પન્ન કર્યાં છે.

બીજી પૌરાણિક કથામાં પાટીદારો શ્રી રામચંદ્રજીના પુત્રો લવ અને કુશના વંશજો હોવાનું દર્શાવાય છે. સીતામાતા મા ઉમિયાની પૂજા કરતાં હતાં. સીતાજીને શ્રીરામજીનાં પ્રથમ દર્શન બગીચામાં થયાં હતાં અને તેમણે મા ઉમિયાને શ્રીરામ પતિ તરીકે મળે તેવી પ્રાર્થના કરી હતી. મા ઉમિયાએ તેમને આશીર્વાદ આપી તેમની મનોકામના પૂર્ણ કરી હતી. સીતાજી જ્યારે ધરતીમાં સમાય છે ત્યારે તેઓ લવ-કુશને મા ઉમિયાને સોંપે છે. ત્યારથી લવ-કુશ મા ઉમિયાની પૂજા કરતા હતા. તેમના વંશજો લવના 'લેઉવા' અને કુશના 'કડવા' તરીકે ઓળખાયા. લેઉવાઓએ મા ઉમિયાની પૂજા છોડી દીધી, પરંતુ કડવા પાટીદારોએ છેકથી મા ઉમિયાની પૂજા ચાલુ રાખી. મા ઉમિયાએ હરદમ તેમની મનોકામના પૂરી કરી છે. તેઓ કુલરક્ષક હોવાથી 'કુળદેવી' તરીકે સ્વીકારાયાં છે. કુશવંશમાં આવે છે. કુશે કુશાવતીનું રાજ્ય સ્થાપ્યું. બાદમાં તેઓ અયોધ્યા આવ્યા. તેમના વંશજોમાં અગ્નિવર્ણ થયા. સ્કન્દપુરાણમાં સહ્યાદ્રિખંડમાં વર્ણન છે કે, અગ્નિવર્ણના વંશમાં અશ્વપતિ રાજા થયા. તેમણે પુત્રેષ્ટિ યજ્ઞ કર્યો. તે પરિણામે ૧૨ પુત્રો થયા. અનુજ, દેવક, પૃથ, ઋતપર્ણ, જય, સુશિભ્રુ, સૌદામ, સુમન્તુ, કૌડિન, મન્ડૂક, કુશિક અને માર્તન્ડ તેમનાથી કુશવંશ ચાલ્યો. કુશવંશથી ઉદ્‌ભવેલા 'કુર્મી' ઓ છે. આ કુશવંશના કુર્મિ ગુજરાતમાં 'કડવા' નામથી ઓળખાય છે અને જ્યાં જ્યાં કુશના વંશજો કડવા પાટીદારો ગયા ત્યાં ત્યાં મા ઉમિયાની પૂજા કરતા આવ્યા છે. કડવા પાટીદારો રામચંદ્રજી પ્રત્યે વધુ લગાવ ધરાવે છે. જ્યાં-જ્યાં કડવા પાટીદાર વર્ચસ્વનાં ગામ છે, ત્યાં ત્યાં રામમંદિર અવશ્ય હોય છે. શ્રી રામચંદ્રજીનાં ગૃહમંદિરો પણ કડવા પાટીદારોમાં જોવા મળે છે. જે કડવા પાટીદારોને કુશના જ વંશજો છે-તેમ જણાય છે.

વળી સીતાજીના પિતાજી જનક વિદેહી ખેતી કરતા હતા. હળ હાંકતાં જમીનમાંથી તેમને અયોનિજા સીતા મળ્યાં હતાં. પાટીદારોનો મૂળગત વારસામાં મળેલ વ્યવસાય ખેતી જ છે, જે બતાવે છે કે સીતાજી મા ઉમિયાની પૂજા કરતાં હતાં અને તેમનું વાહન નંદીશ્વર (પોઠિયો) ખેતી માટેનું મુખ્ય પાત્ર છે. જેથી પાટીદારો ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા છે અને સીતાજી તથા લવ-કુશનાં આરાધ્યદેવી મા ઉમિયાને 'કુળદેવી' તરીકે પૂજતા આવ્યા છે.

આ સિવાય પણ સૂર્યવંશમાં થયેલા કશ્યપ ઋષિના પુત્રો તરીકે પાટીદારોનું ગોત્ર ગણાય છે. કુર્મિઋષિના પુત્રો તરીકે પણ પાટીદારોને ઓળખવામાં આવે છે. વળી, એક માન્યતા એવી પણ છે કે ભગવાનનો કુર્માવતાર થયો હતો. પાટીદારોને તેમના વંશજો પણ ગણવામાં આવે છે.

આ બધી કથાઓથી સાબિત થાય છે કે પાટીદારો ક્ષત્રિયો હતા અને તેમની કુળરક્ષક તરીકે કુળદેવી મા ઉમિયા જ છે.

ઐતિહાસિક સંદર્ભ : હવે પાટીદારો અને કુળદેવી મા ઉમિયાની ઉત્પત્તિની કથા ઐતિહાસિક સંદર્ભમાં જોઈએ.

માનવ સંસ્કૃતિની શરૂઆત મધ્ય એશિયાથી થઈ, તેમ દુનિયાના સર્વે ઈતિહાસકારો આ વાતે સંમત છે. મધ્ય એશિયાથી આર્યો ઈરાન-અફઘાનિસ્તાન થઈ હિન્દુ કુશના ખૈબરઘાટ જેવા રસ્તે થઈ હિન્દુસ્તાનના કાશ્મીર પ્રદેશમાં આવ્યા. ત્યાંથી જીવન સંઘર્પને લઈને આગળ વધ્યા. સારી જમીન અને પાણીની વ્યવસ્થા મળી ત્યાં વિચરણ કરતાં આગળ વધતા ગયા. પશુપાલન અને ખેતી એ તેમનો વ્યવસાય હતો. આ ટોળીઓ જ્યાં-જ્યાં સારી સુવિધા મળી, ત્યાં ત્યાં આગળ વધતી ગઈ. કોઈ ગંગા-જમનાનાં મેદાનો અને કિનારે કિનારે પંજાબથી યુ.પી. બિહાર, નેપાળ સુધી ગયા. કોઈ મ.પ્રદેશ ગયા. ગુજરાતના પાટીદારો પંજાબથી રાજસ્થાનની મરુભૂમિ છોડી જૂની સરસ્વતીના કિનારે કિનારે ગુજરાત આવ્યા. અહીંથી મધ્ય પ્રદેશ , યુ.પી. તરફ પણ ગયા અને મહારાષ્ટ્ર, કર્ણાટક અને તમિલનાડુ સુધી ગયા છે. આમ છેક વેદકાળથી આ પ્રજા વિચરણ કરતી રહી છે. પંજાબથી ગુજરાત આવ્યા બાદ આર્યો પાટીદાર બન્યા. જમીનની મોટી 'પાટી' ધારણ કરનાર 'પાટીદાર' કહેવાયા પછીથી પટેલ થયા. પાટીદારો ખેતીની કુશળતાને લીધે જ્યાં ગયા ત્યાં આગેવાન પ્રજા તરીકે જીવ્યા. ગામમાં જે આગેવાન હોય તેને ગાયકવાડી સરકારે 'પટેલ'નો હોદ્દો આપ્યો. જ્યાં જ્યાં પાટીદાર પ્રભુત્વવાળાં ગામ હતાં તેના આગેવાન 'પટેલ' કહેવાયા. તે રીતે પછી સર્વ પટેલ કહેવાયા. સંઘર્પમય જીવન વખતે તલવાર ધારણ કરનાર 'ક્ષત્રિય' હતા. ઉત્તર ભારતમાં 'કુર્મિક્ષત્રિય' તરીકે ઓળખાતી આ પ્રજા ગુજરાત આવી કુમલી - કુનબી - કણબી તરીકે ઓળખાઈ. આ પ્રજા પંજાબીથી ગુજરાત આવી ઠરીઠામ થઈ, પરંતુ ઉત્તર ભારતમાં જે-જે ગામ, પ્રદેશમાંથી આવ્યા તે નામ ધારણ કર્યાં. જેમકે, મોલ્લોત માંડલેહથી, રૂસાત રોહિતગઢથી તેમ અવધથી આવ્યા તે અવધિયા, કનૌજથી આવ્યા તે કનોજિયા તરીકે તે પ્રદેશને પોતાની અટકમાં ધારણ કર્યાં.

યુ.પી. અને બિહારની સરહદે માધવતીના રાજા વ્રજપાલજી મહેત દેશના રાજા ચંદ્રસેન સાથેની લડાઈમાં હાર્યા અને ત્યાંથી પોતાના રસાલા સાથે ગુજરાત બાજુ નીકળ્યા. સાથે સાથે શ્રીસ્થળ (આજનું સિદ્ધપુર) માં માતૃશ્રાદ્ધ કરવાની ઈચ્છાથી સિદ્ધપુર આવ્યા. શ્રાદ્ધવિધિ પૂર્ણ કરી - ઊંઝા આવ્યા. અહીં ગુજરાતમાં વસેલા પોતાના સ્વજાતિ બંધુઓએ તેમનું સ્વાગત કર્યું અને અહીં જ રોકાઈ જવા આગ્રહ કર્યો. રાજા વ્રજપાલજીને રાત્રે મા ઉમિયાએ દર્શન આપી અહીં રોકાઈ જવા જણાવ્યું. પરિણામે વ્રજપાલજી પોતાના રસાલા સાથે સ્વજાતિ બંધુઓના આગ્રહથી અહીં રોકાઈ ગયા. આ ખડતલ અને મહેનતુ પ્રજા સંઘર્પમય જીવન જીવનારી હતી. સાથે સાથે શક્તિપૂજા પણ લઈને આવી હતી. વેદો શાખ પૂરે છે કે મા ઉમિયા ધન-ધાન્યની દેવી છે. આથી આ કૃપિકાર પ્રજા મા ઉમિયાની છેક વેદકાળથી પૂજા કરતી આવી છે. પાંચ હજાર વર્પોથી એકધારી શક્તિપૂજા કરનારી આ પ્રજાનો ઈતિહાસમાં વિરલ અને બેજોડ દાખલો છે. આજે પણ ઊંઝા આસપાસનાં ગામોમાં 'પલ્લીઓ' ભરાય છે, જે ઈન્દ્રપૂજા છે. રાજા વ્રજપાલજીએ સંવત ૨૧૨માં ઈ.સ.ની બીજી સદીમાં ૧૫૬ની સાલમાં મા ઉમિયાનું ઊંઝામાં પ્રથમ મંદિર બનાવ્યું અને પ્રથમવાર મા ઉમિયાની પ્રાણપ્રતિષ્ઠા કરી અને મોટો યજ્ઞ પણ કર્યો. તે વખતે ઊંઝા ઉમાપુર તરીકે ઓળખાતું હતું.

એક અહેવાલ એમ પણ જણાવે છે કે, મા ઉમિયાનું મંદિર પ્રથમ રાજા અવનિપતે બંધાવ્યું. તેણે મોટો યજ્ઞ કર્યો હતો. તે બાદ ત્રણ-ચાર વાર મંદિર બન્યું. આમ મા ઉમિયાનું પ્રાગટ્યસ્થાન ઊંઝા જ છે.

વંદના

યા દેવિ સર્વભૂતેપુ શક્તિરુપેણ સંસ્થિતા, ।
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ ॥

યા દેવિ સર્વભૂતેપુ માતૃરુપેણ સંસ્થિતા, ।
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ ॥

યા દેવી સર્વભૂતેપુ લક્ષ્મીરુપેણ સંસ્થિતા, ।
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ ॥

જગપ્રસિદ્ધ શ્રી ઉમિયા માતાજી મંદિર

શ્રી ઉમિયા માતાજીના ઇંટ-ચૂનાના મંદિરની જગ્યાએ નવીન પથ્થરનું મંદિર વિ. સંવત ૧૯૪૩ ઇ.સ. ૧૮૮૭ માં તૈયાર કરવામાં આવ્યું. આ સમયમાં કડવા પાટીદારોની માતાજીનાં દર્શને આવવાની પ્રવૃત્તિ વધી. લોકોમાં મંદિરનું પુનઃ નિર્માણ કરવાનો ખ્યાલ ઊભો થવા લાગ્યો. આ વખતે અમદાવાદના માઇભક્ત શ્રી રામચંદ્ર મનસુખલાલના હ્રદયમાં મંદિરનો સુધારો કરવાની ઇચ્છા જાગી. તેમણે કડવા પાટીદાર જ્ઞાતિના જુદા - જુદા વિસ્તારોના આગેવાનોની એક સભા વિ. સં. ૧૯૧૬ ઇ.સ. ૧૮૬૦ માં બોલાવી. આ સભામાં પાટડી, વિરમગામ, અમદાવાદ, વડોદરા, ભરૂચ, સુરત, કડી, ખાનદેશ, નિમાડ, કાઠિયાવાડ અને કચ્છ તેમજ જ્યાં જ્યાં કડવા પાટીદારો વસતા હોય તે તમામ સ્થળોએથી મંદિરના પુનઃનિર્માણ માટે ઉઘરાણું કરવા ઠરાવવામાં આવ્યું. ઉઘરાણું થતાં એક લાખ રૂપિયાનો ફાળો એકઠો થયો. ત્યારે મંદિરના પુનઃનિર્માણનું કામ માઇભક્ત પટેલ રામચંદ્ર મનસુખરામને વિ. સંવત ૧૯૨૧ (ઇ.સ. ૧૮૬૫)માં સોંપવામાં આવ્યું. તેમણે જૂનું ઇંટ-ચુનાનું મંદિર ઉત્થાપીને આજનું પથ્થરનું મોટું શિખરબંધ દેવાલય બનાવ્યું. તેમણે ઇંટ-ચુનાનો ઘુંમટવાળો ભાગ, ચોકીઓ, મંદિર નીચેનું ભોંયરું અને પરથાળ તૈયાર કરાવ્યો. આટલેથી નાણાં ખૂટતાં કામ અધુરું રહ્યું. શ્રી રામચંદ્ર મનસુખરામની પ્રતિમા મંદિરમાં હાલ મોજુદ છે.

આ અટકી પડેલ કામ રાવબહાદુર બહેચરદાસ અંબાઇદાસ લશ્કરીએ પુનઃ શરૂ કર્યું. ગાયકવાડી રાજ્યમાં તેમની વગ હતી. મહારાજશ્રી સયાજીરાવ ગાયકવાડ વિ. સં. ૧૯૩૮ (ઇ.સ.૧૮૮૨) માં જ્યારે કડી પ્રાંતની મુલાકાતે આવેલા ત્યારે શ્રી ઉમિયા માતાજીના મંદિરે પણ પધાર્યા હતા. શ્રી બહેચરદાસ લશ્કરીએ મંદિરનું કામકાજ આગળ ચલાવવા તા. ૧૮-૧-૧૮૮૩ ના રોજ કડવા પાટીદારોના ૪૦૦ આગેવાનોને અમદાવાદ પોતાને ત્યાં તેડાવ્યા. આ મિટીંગમાં રૂા. ૫૨૮૬ નો ફાળો થયો. પાટડી દરબારે રૂા. ૧૦૦૧/- આપ્યા, તેમજ હાજર આગેવાનો સિવાયનાં અન્ય ગામોમાંથી રૂા. ૨૦૦૪ નો ફાળો થયો. તે સિવાય પણ બીજો ફાળો મળી કુલ રૂા. ૧૧,૫૦૦ જેવી રકમ એકઠી કરવામાં આવી. મંદિરના અધૂરા રહેલા બાંધકામને આગળ ધપાવવા માટે વિ.સં. ૧૯૪૦ ના અષાઢ સુદ-૨ ના રોજ કડવા પાટીદાર જ્ઞાતિના આગેવાનોની મિટીંગ બોલાવી, જેમાં નીચે મુજબ પંચ (વ્યવસ્થાપક સમિતિ)ની રચના કરવામાં આવી.

(૧) રાવબહાદુર બહેચરદાસ અંબાઇદાસ લશ્કરી - સરપંચ (પ્રમુખ)

(૨) પાટડી દરબારશ્રીના કારભારી -
(૩) અમીન પરીખ હરિલાલ નારણભાઇ - કડી
(૪) પટેલ બાજીદાસ થોભણદાસ મોલ્લોત - ઊંઝા
(૫) પટેલ લક્ષ્મીચંદ બાલચંદ રૂસાત - ઊંઝા
(૬) પટેલ વાહલજી નાનજી રોડ - ઊંઝા
(૭) પટેલ ભગવાનદાસ ખુશાલદાસ - ઉમતા
(૮) પટેલ તળજનદાસ નાલચંદ - ચાણસ્મા
(૯) પટેલ હેમા કાહનજી - ઉપેરા
(૧૦) પટેલ ગુલાબચંદ માલજી - સરઢવ
(૧૧) પટેલ કલજી મનોરદાસ - પીલોદરા
(૧૨) પટેલ વીરા હેમરાજ - લાંઘણજ
(૧૩) પટેલ જમનાદાસ કારડીદાસ - રૂપાલ
(૧૪) પટેલ કેવળ ઝવેરદાસ મોલ્લોત - ઊંઝા
(૧૫) પટેલ નરસીદાસ દાનસિંગ - મહેસાણા

આ સમિતિની દર ત્રણ મહિને મિટીંગ થતી - વર્ષે એકવાર જનરલ મિટીંગ થતી. હિસાબો અને બાંધકામની દેખરેખ રાખવામાં આવતી. આ બાંધકામમાં ગાયકવાડ સરકાર તરફથી કડી પ્રાંતના સુબા મારફતે તા. ૨૬-૧૨-૧૮૮૩ ના રોજ રૂા. ૧૫૦૦ પ્રજાવત્સલતા અને મા ઉમિયાનાં ભક્તિભાવ રૂપે મોકલવામાં આવ્યા. તા. ૨૫-૧-૧૮૮૪ ની મિટીંગમાં બાંધકામ માટે ઘરદીઠ એક રૂપિયો ઉઘરાવવા ઠરાવ્યું. જેમાં ખર્ચનો રૂા. ૧૩,૦૫૧ નો અંદાજ રજૂ થયો. બાંધકામ ચાલુ થયું. આજના મંદિરનું પથ્થરોના શિલ્પ, નક્શીકામ વગેરેનું માળખું તૈયાર થવા લાગ્યું. દેવાલય ફરતે ૨૫ ફૂટની જગ્યાની છૂટ મૂકી પથ્થર-ચૂનામાંથી વિશાળ ધર્મશાળા રૂા. ૧૭,૫૩૮ ના ખર્ચે બાંધવામાં આવી. આ ધર્મશાળા ઉત્તર - દક્ષિણ ૧૬૦ ફૂટ તથા ૧૪૮ ફૂટ લાંબી અને પૂર્વ - પશ્ચિમ ૧૮૫ ફૂટ લાંબી છે. આ ધર્મશાળામાં ૬૧ વિભાગો પાડી મહેલદાર દરવાજા કરવામાં આવ્યા. ચાર ખૂણે ચાર ઘૂંમટ બનાવ્યા. દરેક ઘુંમટમાં એક બારી, કમાડબંધ ઓરડો કરી ઝરુખેદાર બારીઓ મૂકી. પૂર્વ દિશાના મોટા દરવાજા પર ધાબા બંધ ૨૨ ફૂટ લાંબો અને ૧૧ ફૂટ પહોળો મેઢો બનાવ્યો. વિ.સં. ૧૯૪૩ માં મંદિરનું કામપૂર્ણ થયું. તેનું વાસ્તુપૂજન તા. ૬-૨-૧૮૮૭ ના રોજ કડી પ્રાંતના સુબાની હાજરીમાં થયું. નામદાર શ્રીમંત ગાયકવાડ સરકાર તરફથી માતાજીને કિંમતી પોષાક ભેટ ધરાવવામાં આવ્યો હતો. આ કાર્ય પૂર્ણ કરવા માટે ગાયકવાડ સરકારે શ્રી બહેચરદાસ લશ્કરીને રાજ્ય તરફથી શાલ, જોટો અને પાઘડી ભેટ આપવામાં આવી હતી. આ દિવસે કડવા જ્ઞાતિના હજાર લોકોની હાજરીમાં દેવાલય પર ઊંઝાના મોલ્લોત શ્રી નાગરદાસ ઉગરદાસ પટેલ તથા રૂસાત શ્રી કશળદાસ કિશોરદાસ પટેલ તરફથી સોનાનું શિખર ચઢાવવામાં આવ્યું હતું. જેનો રૂા. ૨૦૦૦/- નો ચડાવો થયો હતો. બાંધકામ અંગેની સર્વ વિગત દર્શાવતો આરસનો શિલાલેખ હાલ મોજૂદ છે.



શ્રી ઊમિયા માતાજીનું મંદિર

ઊંચાઈ	: ૬૩ ફૂટ - ૯ ઈંચ
પૂર્વ-પશ્ચિમ લંબાઈ	: ૮૬ ફૂટ - ૬ ઈંચ
ઉત્તર - દક્ષિણ પહોળાઈ	: ૮૧ ફૂટ - ૬ ઈંચ
રંગમંડપ	: ૨૬ ફૂટ ૮ ઈંચ X ૧૧ ફૂટ ૧ ઈંચ
ચોકી	: ૧૧ ફૂટ ૧ ઈંચ X ૧૧ ફૂટ ૧ ઈંચ
મંડોવરની ઊંચાઈ	: ૧૫ ફૂટ - ૭ ઈંચ
મંદિરની જગતી	: ૪ ફૂટ - ૩ ઈંચ
મંદિરની કર્ણપીઠ	: ૨ ફૂટ - ૧૧ ઈંચ
મંદિરના શિખરની ઊંચાઈ	: ૪૪ ફૂટ - ૧ ઈંચ
સ્થાપત્ય	: ચૌલુક્ય શૈલી

લગભગ ૧૭૫ વર્ષ જૂનું બાંધકામ











માનસરોવર

લંબાઈ : ૧૨૦ ફૂટ   પહોળાઈ : ૧૨૦ ફૂટ

ઊંડાઈ : ૫૬ ફૂટ   વચ્ચે એક કુવો

પશ્ચિમ ભાગે શિવાલય - ૯ ફૂટ પહોળું અને ૨૮ ફૂટ ઊંચું

બાંધકામ : તા. ૧-૪-૧૮૮૭ થી તા. ૧૩-૨-૧૮૯૫ સુધી.



મંદિરમાં આરસનો શિલાલેખ

॥ શ્રી ઉમિયા દેવી જ્યતિ ॥

શ્રી ગણેશાય નમ: સ્વસ્તિ શ્રમન્ન પવિત્રમાર્ક રાજ્ય સમવાતીત સંવત્ ૧૯૪૩ વર્ષે શાકે ૧૮૦૮ પ્રવર્તમાને શુભકારિ માઘ માસે શુકલ પક્ષે તિથૌ ૬ રવિ વાસ રે.... તારીખ સને ૧૮૬૭ ઇસવી.

શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડ વડોદરા રાજ્યે

મંત્રી રાવબહાદુર લક્ષ્મણરાવ જગન્નાથ, સરસુબા રાવબહાદુર ગણેશ સીતારામ-શાસ્ત્રી ઉત્તરપ્રાંત સુબા-રાવ બહાદુર રામચંદ્ર ગોપાલરાવ હરિદેશમુખ સિદ્ધપુર મહાલયે ગામ ઊંઝા સમીપે શ્રી ઉમિયાજી દેવીનું પ્રાચીન શિખર બંધ ઇંટ ચુનાગચી દેવાલય, ઉત્થાપન કરી અમદાવાદી કડવા જ્ઞાતિલાઓયે ઉત્સાહથી પરિશ્રમ લેઈ દેશોદેશ ઉઘરાણું કરી ફરીથી પાષાણનું મોહોટું શિખરબંધ દેવાલય, ચોકીઓ, ભૂઈરુ તથા પરથાર અમવાદના સ્વર્ગવાસી પટેલ રામચંદ મનસુખરામ હસ્તે ગામ ઊંઝાના પટેલ બાજીદાસ થોભણદાસ વિગેરે વિદ્યમાને આશરે રૂા. ૧,૦૦,૦૦૦/- લાખ ખરચી કરાવ્યું તેમાં ઘણાં વર્ષ સુધી અધૂરુ કામ પડી રહેલું તે શ્રી અમદાવાદવાસી રાવ બહાદુર શેઠ બહેચરદાસ અમઈદાસ સી. યેસ. આઇ લશ્કરીની પ્રેરક યોજનાથી સીદપુર સંવત ૧૯૪૦ ના અસાઢ સુદી-૨ વાર બુધ દીને કચડવા જ્ઞાતિના ભાઇઓ ઘણાં ગામોના ભેલા મલી શ્રી ઉમિયા દેવીની સ્વસ્થાનિક વ્યવસ્થા તથા નવી ધર્મશાળા બનાવવા તથા દેવાલયનું અધૂરુ કામ પુરું કરવા પંચ નીમી.

સરપંચ પ્રમુખ રાવબહાદુર શેઠ બહેચરદાસ અમઈદાસ સી. યૈસ. આઈ.

૧ પાટડી દરબારના કારભારી..., ૧ અમીન પરીખ હરિલાલ નારણભાઈ કડી ૧ પટેલ બાજીદાસ થોભણદાસ મોહોલોત ઊંઝા ૧ પટેલ લક્ષ્મીચંદ બાલચંદ રૂસાત ઊંઝા ૧ પટેલ વાહાલજી નાનજી રોટ વસે ચારસે તરફથી ઊંઝા ૧ પટેલ ભગવાનદાસ ખુશાલદાસ ઉમતા ૧ પટેલ તલજનદાસ ભાવસંઘ ચાણસ્મા ૧ પટેલ હેમા કાહનજી ઉપેરા ૧ પટેલ ગુલાબચંદ માલજી સહોડવ ૧ પટેલ કલજી મનોરદાસ પીલુદરા ૧ પટેલ વીઠા હેમરાજ લાંઘણજ ૧ પટેલ જમનાદાસ કાસીદાસ રૂપાલ મુખી પટેલ કેવલ ઝવેરદાસ મોહોલોત ઊંઝા પટેલ નરસીદાસ દાનસીંગ મેસાણા.

આ પંચોયે રાવ બહાદુર શેઠ બહેચરદાસ અમઈદાસ સી. યૈસ. આઈ. ને અધિકાર આપ્યો તે પ્રમાણે પોતાની ખાતરીના ગુમાસ્તાઓને મોકલી ગામે ગામથી ઉઘરાણું કરાવ્યું તથા ચોક્સાઈ તપાસ દેખરેખ સંભાળ્ય રાખી કામકરાવ્યું તેહેની વિગત નીચે મુજબ.

જ

૩,૨૫,૦૬૮-૧૦-૬ ॥રૂ.॥ કુલ ઊંઘરાણું આવ્યું વસૂલ

રૂ. ૧,૫૦૦ સકાઇ શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડના હુકમથી

રૂ. ૧,૦૦૧ પાટડી દરબાર દેસાઈ સૂરજમલજી જોરાવરસંઘજી તરફથી

રૂ. ૧,૦૦૦ મુંબઈ ગરા શ્રી અમદાવાદવાસી રાવ બહાદુર શેઠ બહેચરદાસ અમઈદાસ સી.યેસ.આઈ. તરફથી

રૂ. ૧,૧૦૧ ઊંઝા ગામના

રૂ. ૨,૦૪,૬૬૫ ॥ ૨ ॥ શાકાઈ ગામ ૩૯૪ ના જ્ઞાતિના ભાઈઓ તરફથી દર ઘરદીઠ રૂ. ૬ સિવાયે ગરીબ અશક્તને છોડીને

ઉ

૩,૨૫,૮૨૧-૧૧-૬ ॥ રૂ. ॥ કુલ લાગત ખર્ચ થયું

રૂ. ૨૧૪ દેવાલય ખાતે રૂમ, મંડપ, માતયાગ, બારામાં આરસપહાણનું પાથરણ, કમલચોકીયાલા વગેરે તથા ભુઈરુ સમરાવી જાલિયો બેસાડી ઘુંમટમાં પુતલિયો બેસારી, ચીત્રાવિ પાશાણની તોરણ કમાન્યો બેસારી પરથારમાં પાશાણનું અધૂરુ પાથરણ પૂરું કરાવ્યું દેવાલયનું શિખર સુવર્ણથી રસાયું, દેવાલય ઉપરના પીપણા કહાડી નાંખી સાંધાપુરી પટીયોસજ કરી ધોલાવ્યું.

રૂ. ૧,૧૪,૫૦૬-૧૪-૯ શ્રી પાકી ધર્મશાલા ખાતે

પાશાણઈ લો ચૂનો ગચીનાં ધાવાં નંગ ૬૧ તથા ચાર ખૂણો ઘુંમટ ધાર તેમાં દર એકમાં બારી ઓરડા પરસાળ કમાડબંધ નવી પાકિ ધર્મશાળા કરવી તેમાં જતી ચો દેશ લોહ ખંડના સ્થંભો તે ઉપર પગાંથિ જડિત પડાલિયો કરાવી તેનું ક્ષેત્રફળ પૂર્વ-પશ્ચિમફુટ ૧૮૫ બાધી છે. તથા મધ્ય ઉત્તર દ્વારથી દક્ષિણ પૂર્વાભિ ફૂટ ૧૬૦ પહોલિ છે. તથા પશ્ચિમાભિ ફૂટ ૧૪૮ પહોલિ છે. પૂર્વ દિશાએ મોટો દરવાજો તે ઉપર ધાવો બંધ મેહેડો લાંબો ફૂટ ૨૨ છે તથા પહોલો ફૂટ ૧૧ છે. આગલયે બાજુ પથરના ઓટલા તથા પગથીયાં તથા ઇંટ-ચૂના ગચીયો નિહાયણીઓ કરાવી તથા તે પાસે વજીરો ઉપર ચાંઘડીયાં વગાડનાર વાસ્તે બંગલી ૧ તથા દક્ષિણાતી વજોરી ઉપર બીજી બંગલી કરાવી. ઉત્તર દરવાજો તે માંહી પુર્વતી ધાબા ઉપર ચડવાનો જોનો તથા ૨૭ ધાબાં પર માતાજીના દુકાન તથા દરવાજા આગળ ચોકિયાં પથરના કોણીદાર સ્તંભો તથા કમાનો જે ઉપર ચુનાગરી ધોમટી કાંગરાવાલી કરાવી.



રૂ. ૯૩,૪૭૮-૧૧-૯ બીજી કાચી ધર્મશાલા ખાતે

ઉત્તર દરવાજા આગળ ઇંટમાટીની સર્વજનિક ધર્મશાલા પૂર્વ-પશ્ચિમફૂટ ૧૮૫ ની પહોલી ઉત્તર-દક્ષિણ ફૂટ ૧૦૨ ની કરાવી તેહેમાં પટેલ ત્રિકમદાસ બહેચરદાસ રૂસાત પોતાની જમીન ધર્માદા આપી છે. તેહેમાં દરવાજામાં પેસતા જમણી બાજુ માતાની દુકાન ડાબી બાજુ પૂજારીને રહેવા ઘર તે મેઢા બંધ ઓરડી પરસાલ માંડવી સાથે તથા બીજી દુકાનો સિવાય છૂટ પડાલીયો... નેવાંથી છાપરાં છોયેલું હેવી કરાવી ઈજનેર મિસ્ત્રી મગનલાલ મહાસુખરામ ॥ કારકુન દવે ગણપતરામ લલુરામ.

રૂ. ૩૧૫/- દુકાન-કારકૂન-ઈનામ તથા વાસ્તુ ખરચ.

શ્રી ઉમિયા માતાજીનું મંદિર તૈયાર થતાં અનેક યાત્રિકો દર્શનાર્થે આવતા. યાત્રીઓ માટે પાણીની સગવડ કરવી જરૂરી હતી. તે માટે આ બાંધકામ સમિતિએ વિ.સં.૧૯૪૩ ચૈત્ર સુદમાં તા. ૧-૪-૧૮૮૭ ના રોજ કડી પ્રાંતના સુબા શ્રી રામચંદ્ર ગોપાલદાસ દેશમુખજીના વરદ્હસ્તે માનસરોવર બાંધવાનું ખાત મુહૂર્ત પંદર હજાર ભાવિકોની હાજરીમાં કરાવ્યું હતું. મંદિરના ઈશાન ખૂણે ૧૨૦ ફૂટ - ૧૨૦ ફૂટની લંબાઈ, પહોળાઈ અને ૫૬ ફૂટની ઊંડાઈનું આ ભવ્ય માનસરોવર બનાવવામાં આવ્યું. તેની પશ્ચિમ દિશાએ ૯ ફૂટ પહોળું અને ૨૮ ફૂટ ઊંચું એવું શિવાલય પણ આ માનસરોવરમાં બનાવ્યું. કામ પૂર્ણ થાય તે પહેલાં રા.બ. શ્રી બહેચરદાસ લશ્કરી સ્વર્ગવાસી થયા અને બાકીનું કામ તેમના સુપુત્ર શ્રી શંભુપ્રસાદે પૂર્ણ કરાવ્યું. માનસરોવર વિ.સં. ૧૯૫૧ બુધવાર તા. ૧૩-૨-૧૮૯૫ ના દિવસે ખુલ્લુ મુકવામાં આવ્યું. માનસરોવરનો પણ શિલાલેખ મોજૂદ છે.

માનસરોવરનો શિલાલેખ

महाराजाधीराज श्रीश्रीश्री १०८ श्री श्रीमंत महाराजा सयाजीराव गायकवाड
सेना ख़ास ख़ेल समशेर बहादुर इत्यादी
वडोदरा
दीवान बहादुर मणीभाई जसभाई दीवान साहेब
श्री ऊंझे उमिया माताजी समीपे मानसरोवर
संवत १९५१ मां बंधाई तैयार थयुं
उत्तर प्रांतना सुभ-साहेब राव बहादुर त्र्यंबकराय वृजराय
श्री उमिया माताजी संस्थान कमिटि
प्रमुख
राव बहादुर शेठ बेहेचरदास अंबाईदास सी.एस.आई. तत् पुत्र
शेठ शंभुप्रसाद बेहेचरदास लश्करी
अमदावाद
पंच (मेम्बर)

पाटडी दरबारश्रीना कारभारी
पाटडी
परी रुघनाथदास परसोतमदास
विरमगाम
पा. सामलदास बाजीदास
पा. मानचंद्र झवेरदास
ऊंझा
पा. तलजनदास भावसंग
चाणस्मा
पा. भगवानदास ख़ुशालदास, उमता
पा. द्वारकादास कलनीदास, पीलुदरा
पा. जमनादास काशीदास, रुपाल
पा. गुलाबदास मालजीदास, सरढव
पा. विठ्ठलदास हेमराज
लांघणज



अमीन हरिलाल नारायणभाई
कडी
परी जीभाई केवलदास
विरमगाम
पा. रामचंद्र लख़मीचंद
पा. रामचंद्र नाथा
ऊंझा
पा. गणेश मानसंग
चाणस्मा
पा. धनजी भगवानदास, लाडोल
पा. करशनदास नरसिंहदास, मेसाणा
पा. वक्ता गोपाल, लाडोल
पा. हेमराज कहानजी, उपेरा
पा. बापुभाई केवलभाई
कडी

मानसरोवरनी प्रतिष्ठा संवत १९५१ना महावदी-५ मी वार गुरु
इ. सने ता. १४ माहे फेब्रुआरी सने १८९५ ख़र्च रु. १३,५४१

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા.

અગત્યની તવારિખો

૧. ઈ.સ. ૧૫૬ સંવત ૨૧૨ શ્રી ઉમિયા માતાજીની પ્રાણપ્રતિષ્ઠા.
૨. વિ. સંવત ૧૧૨૪ ચૈત્ર માસ શ્રી ઉમિયા માતાજીનું મંદિર બનાવી શિખર ચડાવ્યું.
૩. વિ. સંવત ૧૩૫૬ મંદિરનો વિધ્વંસ-અલાઉદ્દીન ખીલજી.
૪. વિ. સંવત ૧૮૭૩ થી વિ. સંવત ૧૮૭૯ મંદિરના કિલ્લાનું બાંધકામ.
૫. ઈ.સ. ૧૮૬૭ માતાજીના ઈટ-ચૂનાના મંદિરને સ્થાને પથ્થરબંધી કલાપૂર્ણ મંદિરના સર્જનની શરૂઆત.
૬. ઈ.સ. ૧૮૮૩ પાટીદાર સમાજની શ્રી બહેચરદાસ લશ્કરીની સરપંચ (પ્રમુખ) સ્થાને અન્ય પંચો (કારોબારી)ની માતાજીના મંદિર બાંધકામ માટે વરણી થઈ.
૭. ઈ.સ. ૧૮૯૫ (તા. ૧૩-૨-૧૮૯૫) માનસરોવર ખુલ્લું મુકાયું.
૮. ઈ.સ. ૧૯૨૧ (સંવત ૧૯૭૮) બંધુકાવિવાહનો છેલ્લો પ્રસંગ.
૯. ઈ.સ. ૧૯૩૧ (તા. ૨-૫-૧૯૩૧) શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાનું બંધારણ અસ્તિત્વમાં આવ્યું.
૧૦. ઈ.સ. ૧૯૫૩ (તા. ૨૦-૨-૧૯૫૩) આ સંસ્થાની ટ્રસ્ટ નોંધણી નં. એ/૯૪૩ - મહેસાણા.
૧૧. ઈ.સ. ૧૯૫૬ યાત્રિકો માટે ભોજનશાળા શરૂ થઈ.
૧૨. ઈ.સ. ૧૯૬૨ શ્રી માતાજીના ટાવરની રચના થઈ.
૧૩. ઈ.સ. ૧૯૭૨ મંદિર પર શેઠ શ્રી અરવિંદભાઈ મફતલાલના શુભહસ્તે ફરીથી નવીન ધ્વજદંડનું આરોપણ.
૧૪. ઈ.સ. ૧૯૭૪ (તા. ૧૫-૮-૧૯૭૪) માતાજીના પ્રાંગણમાં શિવાલયનો જીર્ણોદ્ધાર અને પ્રાણપ્રતિષ્ઠા.
૧૫. ઈ.સ. ૧૯૭૬ (તા. ૨૫-૧૧-૧૯૭૬ થી તા. ૨૯-૧૧-૧૯૭૬) માતાજીનો યાદગાર ૧૮મી શતાબ્દી મહોત્સવ ઊજવાયો.
૧૬. ઈ.સ. ૧૯૭૮ (તા. ૧૯-૨-૧૯૭૮) આ સંસ્થાનું સુધારા-વધારા સાથેનું નવીન બંધારણ મંજૂર કરવામાં આવ્યું.
૧૭. ઈ.સ. ૧૯૭૯ (તા. ૨૯-૪-૧૯૭૯/સંવત ૨૦૩૫) શ્રી કડવા પાટીદાર જ્ઞાતિનો ઉમિયા માતાજી ખાતે પ્રથમ સમૂહલગ્નોત્સવ - ૨૪ યુગલોનાં લગ્નો.
૧૮. ઈ.સ. ૧૯૮૨ (તા.૩-૬-૧૯૮૨) યાત્રિકો માટે નવીન વિશ્રાંતીગૃહ અને ભોજનાલય ખુલ્લાં મુકાયાં.
૧૯. ઈ.સ. ૧૯૮૩ (તા. ૩૦-૧૦-૧૯૮૩) કડવા પાટીદાર જ્ઞાતિનાં ગમે ત્યાં યોજતાં સમૂહલગ્નોમાં કન્યાને આશીર્વાદરૂપે પાનેતર આપવા ઠરાવ્યું.
૨૦. ઈ.સ. ૧૯૮૫ (તા. ૮-૧૧-૧૯૮૫) નવીન યજ્ઞશાળા ખુલ્લી મુકાઈ.
૨૧. ઈ.સ. ૧૯૮૮ (તા. ૨૩-૧-૧૯૮૮) નવીન કાર્યાલય ખુલ્લું મુકાયું.
૨૨. ઈ.સ. ૧૯૮૮ (તા. ૨૩-૧૦-૧૯૮૮) શ્રી ઉમિયા માતાજી પથિકાશ્રમ- અંબાજી ખુલ્લું મુકાયું.
૨૩. ઈ.સ. ૧૯૯૧ (તા. ૧૬-૩-૧૯૯૧) શ્રી ના. મા. પટેલ શ્રી ઉમા પથિકાશ્રમ- બેચરાજી ખુલ્લું મુકાયું.
૨૪. ઈ.સ. ૧૯૯૨ (તા. ૧૪-૭-૧૯૯૨) માતાજી ખાતે સત્સંગ હોલ ખુલ્લો મુકાયો.
૨૫. ઈ.સ. ૧૯૯૩ (તા. ૨૮-૧-૧૯૯૩) શ્રી ઉમિયા માતાજી કેમ્પસ-સોલા (અમદાવાદ) ખાતે વિશ્રાંતીગૃહ ખુલ્લું મુકાયું.
૨૬. ઈ.સ. ૧૯૯૬ (તા.૨૭-૧૦-૧૯૯૬) શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિમાં રૂ. ૧૦૦ કરોડ સમાજના ઉત્કર્ષ માટે એકઠા કરવાનો ઠરાવ.
૨૭. ઈ.સ. ૧૯૯૮ (તા. ૨૦-૯-૧૯૯૮) કન્યા અને કુમાર છાત્રાલયોને ખર્ચના ૨૫ ટકા અગર રૂ. ૫,૦૦,૦૦૦ આપવાનું ઠરાવ્યું.
૨૮. ઈ.સ. ૧૯૯૯ (તા. ૩-૧૦-૧૯૯૯) શ્રી ઉમિયા માતાજી કેમ્પસ-સોલા (અમદાવાદ) ખાતે આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર શરૂ કરવાનો ઠરાવ.
૨૯. ઈ.સ. ૨૦૦૦ (તા. ૨૫-૧૦-૨૦૦૦) માનસરોવર પરનું પથિકાશ્રમ ખુલ્લું મુકાયું.
૩૦. તા. ૨૮-૧૧-૨૦૦૯ થી ૨-૧૨-૨૦૦૯ ૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯ ની ભવ્ય ઉજવણી.

કડવા પાટીદારો, ઊંઝા નગર અને શ્રી ઉમિયા માતાજીના મંદિરની ઐતિહાસિક તવારીખ

૧ ઈ.વિ.પૂર્વે ૧૫૦૦ થી ૧૨૦૦ વચ્ચે : પંજાબના ગુજરાનવાલા પ્રદેશમાંથી કુર્મિજાતના લોકો (પાટીદારો) સ્થળાંતર કરી ગુજરાત તરફ આવ્યા એવું કહવાય છે. જેની પ્રમાણભૂત માહિતી મળતી નથી.

૨ વિ.સં.૧૦૧ : ભયાનક ધરતીકંપમાં ઊંઝા ગામ ધરાશાયી થયું.

૩ વિ.સં. ૨૧૨ : રાજા વ્રજપાલજી (ક્રતપાલજી) એ ઉમિયા માતાનું મંદિર બનાવ્યું.

૪ વિ.સં. ૬૫૨ : મોગલ અલીબેરે ઊંઝા પર આક્રમણ કરી એનો નાશ કર્યો. બધા પાટીદારો વિખરાઈ ગયા.

૫ વિ.સં. ૬૫૫ : છવડા પટેલે ચૈત્રસુદ ચોથના દિવસે તોરણ બાંધી ઊંઝા ફરીથી વસાવ્યું.

૬ વિ.સં. ૭૧૪ : વિસલદેવ ચૌહાણે (જે અજમેરનો રાજા હતો) ઊંઝા નગર ભાંગ્યુ અને પાટીદારો વિખરાઈ ગયા. વિખરાઈ ગયા પછી ફરીથી થોડાક પરત આવીને વસ્યા.

૭ વિ.સં. ૮૦૨ : પાટણની સ્થાપના થતા ઊંઝાના પાટીદારો બે ભાગમાં વહેચાયા.

૮ વિ.સં. ૮૩૧ : પાટણના રાજાએ રણા રાજપૂતોને ઊંઝાના પટાવત તરીકે નીમ્યા. (વિ.સં. ૮૩૧ થી ૧૧૪૨ સુધી રાણાઓ ઊંઝામાં રહ્યા.)

૯ વિ.સં. ૧૦૯૯ : પાટણનો રાજા કર્ણદેવ સોલંકી મેણલદે (મીનળદેવી) ને પરણવા ઊંઝા આવ્યો. મેણલદે પાટીદારની દિકરી હતી.

૧૦ વિ.સં. ૧૧૨૪ : ગાંમી વેગડા પટેલ લાલ રેતિયા પથ્થરમાંથી ઉમિયા માતાનું મંદિર બનાવ્યું.

૧૧ વિ.સં. ૧૧૪૨ : પાટીદાર આગેવાનોના કહેવાથી જદરાણા મુસલમાનોએ ઊંઝામાં ત્રાસ વર્તાવતા જાદવ રણા રજપૂતોને મારી ઊંઝામાં વસવાટ કર્યો.

૧૨ વિ.સં. ૧૩૫૬ : અલાઉદ્દીન ખિલજીના સુબા ઉલ્લુઘખાને ઉમિયામાતાજીનું મંદિર તોડી નાખ્યું.

૧૩ વિ.સં. ૧૮૧૯ : હરસિંહ મોલ્લોતે જદરાણા મુસલમાનોનો ત્રાસ વધતાં યુક્તિપૂર્વક ઊંઝામાંથી હાંકી કાઢ્યા, (પાછળથી ફરીથી વસાવ્યા હતા.)

૧૪ વિ.સં. ૧૮૨૧ : ઊંઝામાં કોમી તોફાનો. જદરાણાઓએ છ પાટીદારો અને એક ઘાંચીને મારી નાખતાં, બળતા હુમલામાં ચાર મુસલમાનો માર્યા ગયા.

૧૫ વિ.સં.૧૮૩૮ : જદરાણાઓને ઊંઝામાંથી કાઢ્યા, ઊંઝાનો લાલ દરવાજો હરિસિંહ મોલ્લોતે બનાવડાવ્યો.

૧૬ વિ.સં. ૧૮૪૧ : જદરાણાઓના ધાડા ચઢી આવ્યા, ઘમાસણ લડાઈ થઈ.

૧૭ વિ.સં. ૧૮૭૯ : હાલના મંદિર આસપાસનો કોટ કિલ્લો બાંધીને પૂર્ણ કરવામાં આવ્યો.

૧૮ વિ.સં. ૧૯૦૬ : બંધુકા વિવાહની તિથી અને વર્ષ નક્કી કરી, ગોળ પ્રથાની શરૂઆત થઈ. થોભણદાસ પટેલે સૌ પ્રથમબાર ગામનો ગોળ રચ્યો (ઊંઝા, લાડોલ, ઉમતા, સુંઢિયા, ટુંડાવ, મહેસાણા વગેરે.) બંધુકા વિવાહ થયા.

૧૯ વિ.સં. ૧૯૧૧ : ઉમિયા માતાના મંદિર નિર્માણનું ખાત મુર્હત થયું.

૨૦ વિ.સં. ૧૯૧૬ : બીજો સાતનો ગોળ રચાયો (કંથરાવી, બલોલ, કોરવડા, પાંચોટ વગેરે) બંધુકા વિવાહ થયા.

૨૧ વિ.સં. ૧૯૨૦ : ઉમિયા માતાના મંદિર નિર્માણ કાર્ય પૂર્ણ કરી શિખર ચઢાવ્યું.

૨૨ વિ.સં. ૧૯૨૧ : અમદાવાદના રામચંદ્ર પટેલને ઈટ ચુનાના મંદિરનું ઉત્થાપન કરીને નવું મોટું મંદિર બનાવવાનું કામ સોંપવમાં આવેલું કાર્ય અધુરુ રહ્યું.

૨૩ વિ.સં. ૧૯૨૬ : નાના બારનો ગોળ રચાયો, બંધુકા વિવાહ થયા (પાટણ, ટુંડાવ, ઐઠોર, દેણપ, કમાણા, પીંપળ, કંબોઈ, લણવા, કનેડીયા વગેરે ગામો.)

૨૪ વિ.સં. ૧૯૩૬ : અગિયારનો ગોળ રચાયો, બંધુકા વિવાહ થયા.

૨૫ વિ.સં. ૧૯૪૩ : શેઠ શ્રી બેચરભાઈ લશ્કરીની આગેવાનીમાં મંદિરનો જીર્ણોદ્ધાર કરી મંદિર ખુલ્લુ મુકાયું.

૨૬ વિ.સં. ૧૯૪૬ : બાવનનો ગોળ રચાયો. બંધુકા વિવાહ થયા.

૨૭ વિ.સં. ૧૯૫૧ : માતાજીના મંદિર પાસેના તૈયાર કરાયેલા માનસરોવરને ખુલ્લુ મૂકાયું.

૨૮ વિ.સં. ૧૯૫૬ : છપ્પનીયો કાળ પડ્યો જેમાં બંધુકા વિવાહ બંધ રહ્યા.

૨૯ વિ.સં. ૧૯૬૬ : ચોરાશીનો સમાજ રચાયો, બંધુકા વિવાહ થયા (કચ્છ, સૌરાષ્ટ, માળવા, નિમાડ વગેરે પ્રદેશોમાં ગોળપ્રથા હજુ અમલમાં નહોતી આવી.)

૩૦ વિ.સં. ૧૯૭૬ : બંધુકા વિહનો અંતિમ તબક્કો પૂર્ણ થયો અને હવે પછીથી છૂટક વિવાહ શરૂ થયા.

૩૧ વિ.સં. ૨૦૩૩ : અઢારમી શતાબ્દી મહોત્સવ યોજાયો.

૩૨ વિ.સં. ૨૦૫૪ : જ્યોતિરથે, ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાનમાં પરિભ્રમણ કરવા પ્રસ્થાન કર્યું.

૩૩ વિ.સં. ૨૦૬૬ : અઢારમી શતાબ્દી રજત જ્યંતિ મહોત્સવ ઉજવ્યો.

"શ્રી ઉમિયા શરણમ્ મમ"

છોડો સૌ કામ તમામ, લખો ઉમિયા માતાનું નામ,
સગાં વહાલાં ન આવે સાથ, સંગ છોડી દે તમામ.
ચાખો મંત્ર લેખન સ્વાદ, ભૂલી જશો બીજા સ્વાદ,
મંત્ર લેખન મીઠો સ્વાદ, મિટાવે કુટુંબનો વિખવાદ.
સંતાન બને આબાદ, સૂણે માતા અંતરનો સાદ,
કરે મંત્ર લેખનનો પ્રચાર, તે પર થાય કૃપા અપાર.

હવનથી મંત્રમાં પ્રાણ આવે છે. જપથી મંત્ર જાગૃત થાય છે અને લખવાથી મંત્ર શક્તિ આત્મામાં પ્રકાશિત થાય છે. શ્રદ્ધાપૂર્વક જો શુદ્ધ મંત્ર લેખન કરવામાં આવે તો, તેનો પ્રભાવ જપ કરતાં દસ ગણો વધારે હોય છે.

લિખિત નામ જપ શ્રેષ્ઠ મહાયજ્ઞ છે.

- માતાજીના સ્વરૂપ કરતાં પણ માતાજીનું નામ શ્રેષ્ઠ છે, એમ શાસ્ત્રો અને સંતોએ કહ્યું છે, માતાજીનું સ્વરૂપ દુર્લભ છે. જ્યારે માતાજીનું નામ સુલભ છે.
- પુણ્ય કરવું સહેલું છે, પણ પાપ છોડવું કઠણ છે. માતાજીના નામ સાથે પ્રેમ કરવાથી જ પાપના પંજામાંથી છૂટી શકાય છે.
- માતાજીનું નામ જ મનને ગંગાજળ જેવું નિર્મળ બનાવે છે. સમસ્ત જગત બ્રહ્મરૂપ છે, એવો અનુભવ કરાવે છે.
- પ્રત્યેક જીવે માતાજીના નામ સાથે પ્રેમ કરવો જોઈએ. નામ જપ વિનાની એક પણ ક્ષણ નકામી ન જાય તે માટે જાગૃત રહેવુ જોઈએ.
- નામ સાથે પ્રેમ કરવાનો સૌથી શ્રેષ્ઠ ઉપાય તે જપયજ્ઞ છે. તેમાં પણ લિખિત જપયજ્ઞ સૌથી ઉત્તમ છે.
- જપ મનને અનેક વિચારોમાંથી એક વિચારમાં લાવે છે અને તે માતાજી મય બનાવે છે.


આ મંત્રની શક્તિ ગજબની છે. હજારો વર્ષથી ઋષી-મુનીઓ, યોગીઓ, સિદ્ધ પુરૂષો મંત્રોપાસના કરતા આવ્યા છે. "શ્રી ઉમિયા શરણમ્ મમ" એ એક એવો સિદ્ધ મંત્ર છે કે જેની ઉપાસના માત્રથી આધિ, વ્યાધિ, ઉપાધિ, કલેશ-કંકાશ, દુઃખ-દર્દો ટળી જાય છે, તેમજ આ મંત્રની રાત-દિવસ ઉપાસના કરનાર સાધક તન અને મનથી શુદ્ધ અને સાત્વિક બને છે. જેટલી મંત્રોપાસના વધારે તેટલી વધુ સાત્વિક્તા તે પ્રાપ્ત કરે છે. સાત્વિક ભાવથી આ મંત્રની એકધારી ઉપાસના કરનારના દુઃખ, દર્દ, સાંસારિક વિટંબણાઓ ઉમિયા હરી લે છે, તેમજ તેને સંસારના દુઃખો દર્દો સામે લડવાની શક્તિ મા ઉમિયા આપે છે. સમર્પિત ભાવે મંત્રની ઉપાસના કરનારના સંકલ્પો માતાજીની અસીમ કૃપાથી સિધ્ધ થાય છે.

"હે જગત જનની મા ઉમિયા હું તારા શરણમાં આવું છું, સદાય તું મને તારા શરણમાં રાખજે, આ સંસારના સુખોમાં હું છકી ન જાઉં અને દુઃખોમાં ભાંગી ન પડું તેવી તું મને શક્તિ આપજે, તારા શરણમાં આવનારની તું સદાય સાર સંભાળ રાખજે."

સંતવાણી

લખે લખાવે જે મંત્ર, વિજયી બને સર્વત્ર,
જીવન બને પવિત્ર, ઉત્તમ કરે ચરિત્ર,
ગૃહજીવન બને આદર્શ, માતા ધરે શિર પર છત્ર,
જીવતરમાં રહે ન કોઈ કષ્ટ, પરિવાર બને પવિત્ર,

શ્રી ઉમિયા માતાજી સંસ્થાનમાં શ્રી ઉમિયા શરણમ્ મમ મંત્રની મંત્ર લેખન પ્રવૃત્તિ ચાલે છે.
સંસ્થા તરફથી કોઈ પણ ચાર્જ વગર નોટબુક મળે છે, જેમાં આ મંત્ર લખી બુક પૂર્ણ થયે સંસ્થામાં પરત કરવાની રહેશે.


કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા.
માનદ્ મંત્રી
શ્રી નથ્થુભાઈ પટેલ
ઉપ-પ્રમુખ
શ્રી ઓધવજીભાઈ પટેલ
ઉપ-પ્રમુખ
શ્રી અનિલભાઈ પટેલ
પ્રમુખ
શ્રી કેશુભાઈ પટેલ
સહમંત્રી
શ્રી દશરથભાઈ પટેલ
સહમંત્રી
શ્રી અંબાલાલભાઈ પટેલ
સહમંત્રી
શ્રી જયંતિભાઈ પટેલ
૩૫

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા.
હોદ્દેદારો સને ૨૦૦૯-૧૦



પ્રમુખ :
શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ, સિધ્ધપુર

ઉપ-પ્રમુખ :
શ્રી ઓધવજીભાઈ રવજીભાઈ પટેલ, મોરબી.
શ્રી અનિલભાઈ ત્રિભોવનદાસ પટેલ, મહેસાણા.

માનદ્ મંત્રી
શ્રી નથ્થુભાઈ લાલદાસ પટેલ, ચાણસ્મા.

સહમંત્રીઓ.
શ્રી દશરથભાઈ રેવાભાઈ પટેલ (વકીલ), ઊંઝા.
શ્રી અંબાલાલ નાથાલાલ પટેલ (ચારી), ઊંઝા.
શ્રી જયંતીભાઈ બાલચંદદાસ પટેલ (જે.બી.), ઊંઝા.

ખજાનચી :
શ્રી નટવરલાલ હરગોવિંદદાસ પટેલ, ઊંઝા.
શ્રી ચીમનલાલ છબીલદાસ પટેલ, ઊંઝા.

ટ્રસ્ટી મંડળ :
શ્રી સી. કે. પટેલ, અમદાવાદ
શ્રી જીવરામભાઈ છબીલદાસ પટેલ, ઊંઝા.
શ્રી ચુનીલાલ કાનજીભાઈ પટેલ, ઊંઝા.
શ્રી પોપટલાલ એન. પટેલ, રાજકોટ.
શ્રી ખેમાભાઈ હીરાભાઈ પટેલ, નવારેવાસ, સાબરકાંઠા.

આંતરિક ઓડીટરો
શ્રી શંકરલાલ લક્ષ્મીચંદ પટેલ (બેન્કર), ઊંઝા.
શ્રી પ્રહલાદભાઈ મોહનલાલ પટેલ (બેન્કર), ઊંઝા.

સંસ્થાની પેટા કમિટીઓ સને ૨૦૦૯-૧૦

કમિટી	ચેરમેન
૧. મિલ્કત ખરીદ વેચાણ કમિટી	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ, સિધ્ધપુર.
૨. શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ, સિધ્ધપુર.
૩. ઉચ્ચ શિક્ષણ સહાય નિધિ કમિટી	શ્રી અનિલભાઈ ટી. પટેલ, મહેસાણા. મંત્રી શ્રી વિક્રમભાઈ ઘ. પટેલ, ઊંઝા.
૪. સોલા વિકાસ કમિટી	શ્રી અનિલભાઈ ટી. પટેલ, મહેસાણા.
૫. બાંધકામ કમિટી	શ્રી મફતલાલ કિશોરદાસ પટેલ, ઊંઝા.
૬. રાજભોગ અને દેવસ્થાન કમિટી	શ્રી વસંતભાઈ નારાયણદાસ પટેલ ચોકસી, ઊંઝા.
૭. પ્રચાર / પ્રકાશન કમિટી	શ્રી સીતારામભાઈ જોઈતારામ પટેલ, ઊંઝા.
૮. કાયમી લગ્નોત્સવ કમિટી	શ્રી પ્રહલાદભાઈ લક્ષ્મીચંદ પટેલ, ઊંઝા.
૯. વિશ્રાંતિગૃહ કમિટી	શ્રી હરગોવનભાઈ પરસોત્તમદાસ પટેલ, ઊંઝા.
૧૦. ભોજનાલય કમિટી	શ્રી ત્રિભોવનભાઈ પી. પટેલ, ઊંઝા.
૧૧. કેળવણી સહાયક કમિટી	શ્રી પ્રભુરામ મોતીરામ પટેલ, ઊંઝા.
૧૨. શ્રી ઉમિયા માતાજી પથિકાશ્રમ અંબાજી કમિટી	શ્રી શિવરામભાઈ ઈશ્વરદાસ પટેલ, પાલનપુર.
૧૩. શ્રી ના.મા.પટેલ (લાટીવાળા) પરિવાર પથિકાશ્રમ બેચરાજી કમિટી	શ્રી વિઠ્ઠલભાઈ માધવલાલ પટેલ, અમદાવાદ.
૧૪. શ્રી ઉમિયા માતાજી કેમ્પસ સોલા કમિટી	શ્રી બાબુભાઈ દિપચંદદાસ પટેલ, સુરેન્દ્રનગર.
૧૫. સર્વે કમિટી (વિધવા આર્થિક સહાય)	શ્રી કાન્તિલાલ ચતુરદાસ પટેલ, ઊંઝા.
૧૬. પ્રસાદ કમિટી	શ્રી બાબુભાઈ શીવરામદાસ પટેલ, ઊંઝા.
૧૭. રામપારાયણ અન્ન સહાય / સદાવ્રત કમિટી	શ્રી નટવરલાલ નારાયણદાસ પટેલ, ઊંઝા.

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા.
વર્તમાન હોદ્દેદારો

પ્રમુખ :
શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ, સિધ્ધપુર

ઉપ-પ્રમુખ :
શ્રી ઓધવજીભાઈ રવજીભાઈ પટેલ, મોરબી.
શ્રી અનિલભાઈ ત્રિભોવનદાસ પટેલ, મહેસાણા.

માનદ્ મંત્રી :
શ્રી લીલાચંદભાઈ વીરદાસ પટેલ, સમોડા.

સહમંત્રીઓ :
શ્રી નટવરભાઈ હરગોવિંદદાસ પટેલ, ઊંઝા.
શ્રી મનુભાઈ કેશવલાલ પટેલ, ઊંઝા.
શ્રી સુરેશભાઈ કાન્તિલાલ પટેલ (એન્જિનીયર), ઊંઝા.

ખજાનચી :
શ્રી ચીમનલાલ છબીલદાસ પટેલ, ઊંઝા.
શ્રી નવિનભાઈ મફતલાલ પટેલ, ઊંઝા.

ટ્રસ્ટી મંડળ :
શ્રી સી. કે. પટેલ, અમદાવાદ
શ્રી જીવરામભાઈ છબીલદાસ પટેલ, ઊંઝા.
શ્રી ચુનીલાલ કાનજીભાઈ પટેલ, ઊંઝા.
શ્રી પોપટલાલ એન. પટેલ, રાજકોટ.
શ્રી ખેમાભાઈ હીરાભાઈ પટેલ, નવારેવાસ, સાંબરકાંઠા.

આંતરિક ઓડીટરો :
શ્રી શંકરલાલ લક્ષ્મીચંદ પટેલ (બેન્કર), ઊંઝા.
શ્રી પ્રહલાદભાઈ મોહનલાલ પટેલ (બેન્કર), ઊંઝા.

સંસ્થાની વર્તમાન પેટા કમિટીઓ

કમિટી	ચેરમેન
૧. ઉચ્ચ શિક્ષણ સહાય નિધિ કમિટી	શ્રી નટવરલાલ પિતામ્બરદાસ પટેલ, મહેસાણા. મંત્રીશ્રી કાશીરામભાઈ વિરચંદદાસ પટેલ, ઊંઝા.
૨. સોલા વિકાસ કમિટી	શ્રી નારાયણભાઈ લલ્લુદાસ પટેલ, ઊંઝા.
૩. બાંધકામ કમિટી	શ્રી મફતલાલ કિશોરદાસ પટેલ, ઊંઝા.
૪. રાજભોગ અને દેવસ્થાન કમિટી	શ્રી વસંતભાઈ નારાયણદાસ પટેલ ચોકસી, ઊંઝા.
૫. પ્રચાર / પ્રકાશન કમિટી	શ્રી દિલીપભાઈ મણીલાલ પટેલ નેતાજી, ઊંઝા.
૬. કાયમી લગ્નોત્સવ કમિટી	શ્રી પ્રહલાદભાઈ લક્ષ્મીચંદ પટેલ, ઊંઝા.
૭. વિશ્રાંતિગૃહ કમિટી	શ્રી વસંતભાઈ શિવરામદાસ પટેલ કેપ્ટન, ઊંઝા.
૮. ભોજનાલય કમિટી	શ્રી ત્રિભોવનભાઈ પરસોત્તમદાસ પટેલ, ઊંઝા.
૯. કેળવણી સહાયક કમિટી	શ્રી પ્રભુરામ મોતીરામ પટેલ, ઊંઝા.
૧૦. સર્વે કમિટી	શ્રી બાબુભાઈ શીવરામદાસ પટેલ, ઊંઝા.
૧૧. પ્રસાદ કમિટી	શ્રી ઈશ્વરભાઈ બાજીદાસ પટેલ, ઊંઝા.
૧૨. રામપારાયણ અન્ન સહાય / સદાવ્રત કમિટી	શ્રી કુબેરભાઈ મગનલાલ પટેલ કાપડીયા, ઊંઝા.
૧૩. સ્વાગત કમિટી	શ્રી ઈશ્વરભાઈ અમથારામ પટેલ, ઊંઝા.
૧૪ સરભરા કમિટી	શ્રી કનુભાઈ માધવલાલ પટેલ, ઊંઝા.
૧૫. શ્રી ઉમિયા પથિકાશ્રમ, અંબાજી	શ્રી શિવરામભાઈ ઈશ્વરદાસ પટેલ, પાલનપુર.
૧૬. શ્રી ઉમિયા પથિકાશ્રમ, બેચરાજી	શ્રી વિઠ્ઠલભાઈ માધવલાલ પટેલ, બેચરાજી.
૧૭. શ્રી ઉમિયા પથિકાશ્રમ, અમદાવાદ	શ્રી બાબુભાઈ દિપચંદદાસ પટેલ, સુરેન્દ્રનગર.

શ્રી ઉમિયા માતાજીના ઉત્સવો

નૂતન વર્ષારંભ

કારતક સુદ-૧ ના દિવસે (નૂતન વર્ષારંભે) ભાવિકો દિવાળીનું શ્રી શારદા પૂજન કરી માતાજીના દર્શનાર્થે વહેલી પરોઢે સવારના ચાર વાગ્યાથી આવવા લાગે છે. દર્શનાર્થીઓનો ભારે ઘસારો રહે છે. માતાજીના આશીર્વાદ મેળવી ભક્તો યથાશક્તિ ભેટ અર્પણ કરે છે. બહાર ગામથી પણ દર્શનાર્થીઓ ઉત્સાહથી આવે છે. આખો દિવસ મંગલકારી લાગે છે.

અન્નકુટ

માગસર સુદ-૮ ના રોજ માતાજીને છપ્પન ભોગ ચોસઠ ખંડનો અન્નકુટ ધરાવવામાં આવે છે.

વસંત પંચમી


વસંત પંચમી માતાજીના મહોત્સવનો દિવસ છે. સંવત ૧૮૨૦ માં મહા સુદ-૫ ના રોજ માતાજીના મંદિરની શિખર પ્રતિષ્ઠા થઈ તે નિમિત્તે પ્રતિ વર્ષે તે દિવસે મોટો મેળો ભરાય છે. સમગ્ર કડવા પાટીદાર ભાઈઓ તે દિવસે મોટો મેળો ગણી શ્રી માતાજીના દર્શનાર્થે ઉમટે છે. જેમાં ઘણા પગપાળા સંઘો પણ હોય છે. આ પ્રસંગને "પરગણા પાંચમ" પણ કહે છે. આ દિવસે માતાજીની ભવ્ય પૂજા વિધિ કરવામાં આવે છે. તથા માતાજીને ફુલોનો આકર્ષક શણગાર (ફુલોની આંગી) પણ કરવામાં આવે છે. આખો દિવસ જનસમુદાય શ્રી માતાજીના દર્શનનો લાભ લે છે. બહારથી આવતા યાત્રિકો માટે રહેવા તથા રાહત દરે મિષ્ઠાન ભોજન જમવાની પુરેપુરી સગવડ કરવામાં આવે છે.

નગરયાત્રા

વૈશાખ સુદ-૧૫ ના દિવસે શ્રી માતાજીની નગરયાત્રા (શોભાયાત્રા) ભવ્ય રથમાં ઊંઝા નગરમાં દબદબાપૂર્વક નીકળે છે અને હજારોની સંખ્યામાં નરનારીઓ, આબાલવૃધ્ધો તથા ભજન મંડળીઓ અને બેન્ડવાજા સહીત ભાવિક ભક્તો તેમાં જોડાઈ અનેરો આનંદ અને ઉત્સાહ અનુભવે છે. દેવસ્થાન કમિટી તથા શ્રી ઉમા માઈ મંડળના સભ્યો આ નગરયાત્રાનું સુંદર આયોજન કરે છે.

નવરાત્રી મહોત્સવ

શ્રી માતાજીના આસો માસના નોરતામાં થતો નવરાત્રી મહોત્સવ અદ્વિતીય ભક્તિભાવ અને રાસ ગરબાના સમન્વય વાળો થાય છે. માતાજીની માંડવીનો ભવ્ય મંડપ અંદરના ચોકમાં બંધાય છે. નવ દિવસ પૂજન, અર્ચન, આરતી અને રાસ ગરબાની રમઝટ રેલાય છે. જુદાં જુદાં ગામોથી માઈ મંડળ અને ભજન મંડળીઓને આમંત્રણ આપવામાં આવે છે. ઉમા માઈ મંડળના સભ્યો વ્યવસ્થા મંડળના સૂચન મુજબ આનું સુંદર સંચાલન કરે છે. માઈ ભક્તો અપૂર્વ નવચેતન ઝીલે છે અને રેલે છે.



સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિઓ

ધાર્મિક પ્રવૃત્તિઓ

(૧) કંકુપડો :-

લગ્ન પ્રસંગે તથા શુભ પ્રસંગોએ તેમજ ધાર્મિક પ્રસંગોએ શ્રી માતાજીને કંકોત્રી અગર આમંત્રણ પત્રિકા મોકલવાથી માતાજીના શુભ આશીર્વાદ રૂપે કંકુપડો મોકલવામાં આવે છે. આ નિમિત્તે આપ યથાશક્તિ ભેટ મનીઓર્ડરથી કે રૂબરૂ આપી શકો છો. મનીઓર્ડરની કુપનમાં આપનું આખું સરનામું અવશ્ય લખો. ભેટની પાવતી મેળવવાનો અવશ્ય આગ્રહ રાખો.

(૨) કાયમી થાળની તિથિ :-

જન્મ, લગ્ન, ઉદ્‌ઘાટન, સંવત્સરી, શ્રધ્ધા, ખુશાલી નિમિત્તે જેવા પ્રસંગની સ્મૃતિ સાચવવા રૂા. ૧૦૦૧/- એક જ વખત ભરી માતાજીના કાયમી થાળની તિથિ નોંધાવો, રૂા. ૧૦૦૧/- ના વ્યાજમાંથી દર વર્ષે તે તિથિએ માતાજીને થાળ કરવામાં આવશે. થાળની પ્રસાદી ટપાલ મારફતે મોકલવામાં આવે છે. તદ્‌ઉપરાંત રૂા. ૧૫૧/- ભરી એક દિવસનો માતાજીનો થાળ કરાવી શકો છો.

(૩) નવચંડી યજ્ઞની કાયમી તિથિ :-

જન્મ, લગ્ન, ઉદ્‌ઘાટન, સંવત્સરી, શ્રધ્ધા જેવા પ્રસંગની સ્મૃતિ સાચવવા રૂા. ૨૫૦૧/- એક જ વખત ભરી નવચંડી યજ્ઞની કાયમી તિથિ નોંધવામાં આવે છે. રૂા. ૨૫૦૧/- ના વ્યાજમાંથી દર વર્ષે નોંધાયેલી તિથિએ સંસ્થાના નિયમો મુજબ હોમાત્મક નવચંડી યજ્ઞ (હવન) કરવામાં આવે છે. જેમાં બ્રાહ્મણોને બ્રહ્મભોજન, દક્ષિણા તથા માતાજીના થાળ વગેરેનું આયોજન કરવામાં આવે છે. વર્ષના તમામ ૩૬૦ દિવસો દરમ્યાન દરરોજના બે હવન નોંધાઈ ગયેલ છે. રૂા. ૧૫૦૧/ ભરવાથી એકસ્ટ્રા નવચંડી યજ્ઞ કરી આપવામાં આવે છે.

(૪) સદાવ્રતની કાયમી તિથિ :-

સંસ્થાના સદાવ્રત ફંડમાંથી દરરોજ નીરાધાર, અપંગો તથા સાધુ સંતોને અન્નક્ષેત્રના રસોડે બપોરના એક ટાઈમ દાળ-ભાત, રોટલીનું સંપુર્ણ ભોજન આપવામાં આવે છે. રૂા- ૧૦૦૧/- ના વ્યાજમાંથી આપની ઈચ્છીત તિથિએ સદાવ્રતમાં ભોજન અપાય છે. એક દિવસના ભોજન પેટે રૂા. ૩૫૧/- સ્વીકારવામાં આવે છે.

(૫) મંગલા આરતીનો પ્રસાદ :-

માતાજીની મંગલા આરતી વખતે યાત્રાળુઓને દરરોજ મહાપ્રસાદ વહેંચવામાં આવે છે. રૂા. ૧૫૦૧/- એક જ વખત ભરી તેના વ્યાજમાંથી દર વર્ષે આપ આપના તરફથી આપની ઈચ્છિત તિથિએ મંગલા આરતીનો મહાપ્રસાદ વહેંચાવી શકો છો. એક દિવસના મહાપ્રસાદ પેટે રૂા. ૩૫૧/- સ્વીકારવામાં આવે છે.

(૬) અન્ય ભેટ :-

ચકલાંના દાણા, લગ્ન ભેટ, થાળ, પ્રસાદ, પૂજા, દીવા વિગેરેમાં પણ આપ રોકડ ભેટ આપી શકો છો. તેમજ માતાજીને સાડીભેટ, દાગીના ભેટ આપી શકો છો.

(૭) અખંડ ઘીનો દીવો :-

શ્રી માતાજીનો અખંડ ઘીનો દીવો પ્રગટ સ્વરૂપે રહે છે. તેના પેટે ઉચ્ચક રકમ અથવા ઘી સ્વીકારવામાં આવે છે.

(૮) પાવડી પૂજા :-

રૂપિયા ૧૦૧/- ભરવાથી શ્રી માતાજીની પાવડી પૂજા કરવામાં આવે છે.

(૯) ચંડીપાઠ :-

રૂપિયા ૫૧/- ભરવાથી શ્રી માતાજીના ચંડીપાઠ કરી આપવામાં આવે છે.



સામાજિક પ્રવૃત્તિઓ

(૧) વિધવા / ત્યક્તા બહેનોનાં બાળકોને વિદ્યાભ્યાસ અંગે આર્થિક સહાય :-

કડવા પાટીદાર સમાજની વિધવા ત્યક્તા બહેનોના ધોરણ-૧૨ કે તેથી ઉપરના અભ્યાસક્રમમાં અથવા ટેકનીકલ અભ્યાસક્રમમાં ભણતા બાળકોને સંસ્થાન તરફથી દર વર્ષે વિદ્યાભ્યાસ અંગે આર્થિક સહાય આપવામાં આવે છે. સને ૨૦૦૯-૨૦૧૦ માં ૧૫૫ બાળકોને રૂા. ૪,૨૯,૨૮૫/- ની મદદ આપવામાં આવી છે. આપ કેળવણી સહાયક ફંડમાં ભેટ આપી, આ યોજનાને પ્રોત્સાહિત કરી શકો છો. અત્યાર સુધીમાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન તરફથી ૩૮૨૭ બાળકોને રૂા. ૩૫,૬૪,૦૪૩/- ની આર્થિક સહાય આપવામાં આવી છે.

(૨) કન્યા- કુમાર છાત્રાલય ને મદદ :-

કડવા પાટીદાર સમાજમાં કુમાર / કન્યા કેળવણી વિકાસ થાય તે માટે સંસ્થાન તરફથી ભારતભરમાં કોઈપણ જગ્યાએ નવીન કડવા પાટીદાર કુમાર / કન્યા છાત્રાલયો શરૂ કરવામાં આવે તો થયેલ ખર્ચના ૨૫% અથવા વધુમાં વધુ રૂા. ૫,૦૦,૦૦૦/- સંસ્થાન તરફથી આપવામાં આવે છે.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન તરફથી અત્યાર સુધીમાં કુમાર છાત્રાલયોને રૂા. ૧,૨૫,૫૦,૦૦૦/- અંકે એક કરોડ પચીસ લાખ પચાસ હજાર અને કન્યા છાત્રાલયોને રૂા. ૧,૯૫,૫૫,૦૦૦/- અંકે રૂપિયા એક કરોડ પંચાણું લાખ પંચાવન હજારની આર્થિક મદદ આપવામાં આવેલ છે.

(૩) પાનેતર :-

કડવા પાટીદાર જ્ઞાતિમાં જ્યાં જ્યાં સમૂહ લગ્નો, સમૂહ લગ્નોની રીતે યોજવામાં આવે ત્યાં કન્યાઓને સંસ્થાન તરફથી માતાજીના આશીર્વાદ રૂપે પાનેતર (સાડી) આપવામાં આવે છે. સને ૨૦૦૯-૧૦ માં ૩૩૪૨ પાનેતર તથા ૬૧ ચુંદડી રૂા. ૫,૮૦,૬૦૬/- કિંમતનાં આપવામાં આવેલ છે. અને અત્યાર સુધીમાં કુલ ૭૧૬૫૭ પાનેતર તથા ચુંદડી રૂા. ૯૭,૫૪,૪૨૩/- કિંમતનાં આપવામાં આવેલ છે.

(૪) નિદાન કેમ્પોને મદદ :-

અત્યારે દિન પ્રતિદિન મેડીકલ સારવાર મોંઘી થતી જાય છે. આ બાબત લક્ષમાં લઈ નિદાન કેમ્પ યોજનાર કડવા પાટીદાર સંસ્થાઓને ખર્ચના ૫૦% અથવા રૂા. ૧૫,૦૦૦/- બેમાંથી જે ઓછું હોય તે સંસ્થાન તરફથી આપવામાં આવે છે. સને ૨૦૦૯ - ૨૦૧૦ માં નિદાન કેમ્પોમાં રૂા. ૧૦,૦૦૦/- આર્થિક સહાય કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન તરફથી નિદાન કેમ્પોને રૂા. ૩,૮૫,૦૫૫/- ની મદદ આપવામાં આવેલ છે.

(૫) સમાજનો પૈસો સમાજના ઉપયોગમાં આવે તે માટે સંસ્થાન તરફથી જ્યારે કડવા પાટીદાર સમાજોની મીટીંગ વગેરે યોજવામાં આવે છે, ત્યારે તેમના માટે સાધનો, મકાન વગેરે ખુલ્લા મને વાપરવા માટે આપવામાં આવે છે. અને તેનો લાભ આપણો સમાજ સારી રીતે લઈ રહ્યો છે.

(૬) વિધવા / ત્યક્તા બહેનોની દિકરીઓના લગ્ન અંગે આર્થિક સહાય :-

કડવા પાટીદાર સમાજના આર્થિક કારણસર કોઈપણ વિધવા કે ત્યક્તા બહેનની દીકરીના લગ્ન ન થઈ શકતા હોય તેવી દીકરીઓના લગ્ન સંસ્થાન તરફથી સંસ્થાનના નિયમ મુજબ ચાર્જ લીધા સિવાય કરી આપવામાં આવે છે.

(૭) પથિકાશ્રમ મદદ :-

કડવા પાટીદાર સમાજ મા ઉમાની ધજા નીચે એક કડીરૂપ બને અને એક બીજા સાથે બંધુત્વની ભાવના વધે તે માટે અને આપણા જ્ઞાતિ ભાઈઓને રહેવા જમવાની સગવડ મળી રહે તે માટે મુંબઈ, સુરત, વડોદરા, રાજકોટ, ભૂજ, ઈન્દોર, ગાંધીનગર તથા દિલ્હીમાં શ્રી ઉમિયા માતાજી ઊંઝા પથિકાશ્રમ બાંધવા માટે મદદ આપવામાં આવે છે અને તે માટે ઉપર જણાવેલ ૮ શહેરમાં ઉમિયા માતાજી પથિકાશ્રમ બાંધવા માટે ખર્ચના ૨૫% અથવા વધુમાં વધુ રૂા. ૫ લાખ સંસ્થાન તરફથી સંસ્થાના નિયમો અને બંધારણને આધિન રહીને આપવામાં આવે છે. અત્યાર સુધી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન તરફથી સુરત અને વડોદરામાં રૂા. ૧૦,૦૦,૦૦૦/- ની મદદ આપવામાં આવેલ છે.

(૮) કૃર્મિક્ષત્રિય ઉત્પતિ અને ઈતિહાસ :-

કૃર્મિક્ષત્રિય ઉત્પતિ અને ઈતિહાસ નામનું પુસ્તક પ્રસિધ્ધ થયા પછી કડવા પાટીદાર સમાજે સામાજીક, આર્થિક, રાજકીય અને ધાર્મિક ક્ષેત્રે બહુ ઝડપથી પ્રગતિ કરી છે. તેનો કડીબધ્ધ કોઈ ઈતિહાસ લખાયો નથી તે માટે આ પુસ્તક પ્રસિધ્ધ થયા પછીનો કડવા પાટીદારનો ઈતિહાસ આપણા સમાજની કોઈપણ વ્યક્તિ લખશે તો તેને પ્રોત્સાહિત કરવામાં આવશે.

(૯) કડવા પાટીદાર સમાજને સ્પર્શતા વિષયો ઉપર સંશોધનાત્મક પુસ્તક કે માહિતી સભર મહા નિબંધ લખનાર આપણા સમાજની વ્યક્તિનું બહુમાન કરવામાં આવશે અને જરૂર પડે નાણાંકીય સહાય કરવામાં આવશે.

(૧૦) શ્રી ઉમિયા ચંદ્રક :-

આપણા સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધે અને તેજસ્વી વિદ્યાર્થીઓની આ સમાજ દ્વારા યોગ્ય કદર અને સન્માન થાય તે માટે દર પાંચ વર્ષે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન તરફથી શ્રી ઉમિયા ચંદ્રક આપી બહુમાન કરવામાં આવે છે. તા. ૧-૧-૧૯૮૭ થી તા. ૩૧-૧૨-૧૯૯૧ સુધીમાં ૩૭ ચંદ્રકો, તા. ૧-૧-૧૯૯૨ થી તા. ૩૧-૧૨-૧૯૯૬ સુધીમાં ૯૨ ચંદ્રકો, તા. ૧-૧-૧૯૯૭ થી તા. ૩૧-૧૨-૨૦૦૧ સુધીમાં ૧૦૮ ચંદ્રકો અને તા. ૧-૧-૨૦૦૨ થી તા. ૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં ૮૩ વિદ્યાર્થીઓને ૮૫ ચંદ્રકો આપવામાં આવ્યા હતા.

શ્રી ઉમિયા ચંદ્રક કોને મળે ?

(૧) ભારતના કોઈ પણ રાજ્યની ધોરણ-૧૦ અને ધોરણ - ૧૨ ની બોર્ડની પરીક્ષામાં ૧ થી ૧૦ માં નંબર મેળવનાર

(૨) ભારતની કોઈ પણ યુનિ. માં કોઈપણ વિષયમાં સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ પ્રથમ નંબર મેળવનાર.

(૩) સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને રમત ગમતમાં આંતરરાષ્ટ્રીય (બીજા દેશોમાં) કક્ષાએ ૧ થી ૩ માં નંબર મેળવનાર કે ભાગ લેનાર.

(૪) કેન્દ્ર સરકારના સેવા આયોગ (U.P.S.C.) દ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષા જેવી કે (I.A.S., I.P.S., I.F.S., I.R.A.) કક્ષાની ૨૬ સિવિલ સર્વિસીઝ પરીક્ષામાં પાસ થનાર.

(૫) રાજ્ય સરકારના સેવા આયોગ (G.P.S.C.) દ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પાસ થનાર.

(૬) કોઈ પણ ક્ષેત્રે વિશિષ્ટ લાયકાત ધરાવનાર કે જે રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવે.

ઉપર પ્રમાણેની વિશિષ્ટ યોગ્યતાઓ ધરાવનાર કડવા પાટીદારને શ્રી ઉમિયા ચંદ્રક આપવામાં આવશે.

શ્રી ઉમિયા ચંદ્રક મેળવવા ઈચ્છનારે પોતાના સરનામાવાળી અરજી, એલ.સી.ની પ્રમાણિત ઝેરોક્ષ, માર્કશીટ ની પ્રમાણિત ઝેરોક્ષ (અથવા સર્ટિફીકેટની પ્રમાણિત ઝેરોક્ષ) અને બોર્ડમાં ૧ થી ૧૦ માં નંબર અને યુનિ. માં પ્રથમ નંબર મેળવ્યો છે તેની સાબિતી આપવાની રહેશે.

નોંધ :- "શ્રી ઉમિયા ચંદ્રક" અર્પણ વિધિનો કાર્યક્રમ દર પાંચ વર્ષે ગોઠવવામાં આવે છે.

હવે પાંચમો કાર્યક્રમ તા. ૧-૧-૨૦૦૭ થી તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં "શ્રી ઉમિયા ચંદ્રક" મેળવવાને પાત્ર હોય તેઓને શ્રી ઉમિયા ચંદ્રક મે-૨૦૧૨ માં આપવામાં આવશે.

(૧૧) ગૃહિણી તાલીમ શિબીર :-

આપણા સમાજમાં જે બહેનો તેમના જીવનમાં શિક્ષણ મેળવી શકી નથી તેવી બહેનોને અને બીજી બહેનોને કે જેમને ગૃહ જીવનમાં ઉપયોગી થાય તેવું શિક્ષણ મળી રહે તે માટે ગૃહિણી તાલીમ શિબીરો બહુ જ ઉપયોગી સાબિત થઈ શકે છે તે માટે આપણા સમાજની કોઈપણ સંસ્થા આવી ગૃહિણી તાલીમ શિબીરો યોજશે તો તે સંસ્થાઓએ જો સંસ્થાનની ગાડીનો તેમજ ડ્રાઈવરનો ઉપયોગ કરેલ હશે તો ડિઝલ ખર્ચ તાલીમ સંસ્થાએ ભોગવવાનો રહેશે. ખર્ચના ૫૦% અથવા વધુમાં વધુ ૩૦,૦૦૦/- આપવામાં આવશે અત્યાર સુધીમાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન તરફથી ગૃહિણી તાલીમ શિબિર અને યુવા તાલીમ શિબિરમાંરૂા.૧૦,૯૬,૬૭૨/- ની આર્થિક સહાય કરવામાં આવી છે.

(૧૨) વિકલાંગ ભાઈ-બહેનોના લગ્ન :-

આપણા સમાજમાં વિકલાંગ ભાઈ-બહેનોના કેટલાક કારણોસર લગ્ન થઈ શકતા નથી તે માટે આપણી સંસ્થા સમગ્ર કડવા પાટીદાર સમાજના વિકલાંગ ભાઈ-બહેનોના જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરે છે.જેમના સબંધો જોડાયા તેવા વરઘોડીયાના લગ્ન પણ શ્રી ઉમિયા માતાજી સંસ્થા નિઃશુલ્ક કરી આપે છે.

(૧૩) વિધવા, ત્યક્તા બહેનો, નિરાધાર બાળકોને માસિક પેન્શન યોજના :-

કડવા પાટીદાર સમાજના સર્વાંગી વિકાસ માટે શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ શરૂ કરવામાં આવી છે. આ નિધિના વ્યાજમાંથી કડવા પાટીદાર સમાજની વિધવા/ત્યક્તા બહેનો, તેમજ નિરાધાર બાળકોને કે જેમને ઘર નિભાવવા આર્થિક ક્ષમતા ન હોય તેવા કુટુંબોને ૨૧ વર્ષની પુખ્ત ઉંમરથી નીચેની ઉંમરના ત્રણ બાળકો સહિત માસિક પેન્શન આપવાની યોજના છે જે દર છ મહિને ચૂકવવામાં આવે છે. ચાલુ સાલે ૨૯૩૭ બહેનોને કુલ રૂા.૫૯,૮૯,૮૯૬/- આર્થિક સહાય ચૂકવવામાં આવી છે.

અત્યાર સુધીમાં કુલ રૂા. ૪,૯૪,૪૮,૬૦૨/- ની આર્થિક સહાય ચૂકવવામાં આવી છે.

(૧૪) અસાધ્ય રોગ માટે આર્થિક સહાય :-

આપણા સમાજમાં કોઈ પણ કુટુંબમાં કોઈપણ વ્યક્તિને અસાધ્ય રોગ જેવા કે કેન્સર, કિડની ટ્રાન્સપ્લાન્ટ, હૃદયના વાલ્વ બદલવાની તકલીફ, હૃદયની બાયપાસ સર્જરી, બ્રેઈન ટ્યુમર જેવી બિમારીની સારવાર માટે ઉચક આર્થિક સહાય આપવામાં આવે છે. ચાલુ સાલે ૧૧૭ વ્યક્તિઓને રૂા.૫,૭૫,૦૦૦/- ની મદદ આપવામાં આવેલ છે. આજદિન સુધીમાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન તરફથી કુલ ૧૨૪૬ વ્યક્તિઓને રૂા.૫૮,૮૮,૩૫૪/- ની મદદ આપવામાં આવી છે.

(૧૫) ખેતી આધારીત વ્યક્તિના આકસ્મિક અવસાન માટે મદદ :-

આપણા સમાજમાં ખેતી કરતું ખેડૂત કુટુંબ કે જેની ખેતી સિવાય બીજી કોઈ આવક નથી અને પોતે ખેતીની જમીન ધરાવતા નથી તેવા ખેડૂત કુટુંબમાંથી ખેતીને લગતું કામ કરતાં ઘરના મોભી વ્યક્તિનું આકસ્મિક અવસાન થાય તો સંસ્થાના નિયમો મુજબ રૂા. ૨૧,૦૦૦/- ની આર્થિક સહાય કરવામાં આવે છે. આ માટે પોસ્ટ મોર્ટમ તથા પોલીસની એફ.આઈ.આર. મોકલવાની રહેશે. સને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષમાં કોઈ માગણી આવેલ નથી. અત્યાર સુધીમાં કુલ ૬૯ વ્યક્તિઓને રૂા. ૧૪,૨૯,૦૦૦/- સહાય પેટે ચુકવવામાં આવેલ છે.

(૧૬) મંદબુધ્ધિ / પરાધીન વ્યક્તિઓને આર્થિક સહાય :-

આપણા સમાજમાં જે કુટુંબની આર્થિક સ્થિતી સારી ન હોય તેવા કુટુંબમાં અપંગ કે મંદબુધ્ધિવાળી વ્યક્તિઓ કે જે પરાધીન છે તેવી વ્યક્તિઓની સારી સંભાળ રાખવા માટે આવા કુટુંબોને દર છ મહિને આર્થિક સહાય મોકલવાની યોજના છે. આ સહાય માટે સિવિલ સર્જનનું ૬૦% થી ઉપરનું અપંગતાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૧૭) કુદરતી હોનારત પ્રસંગે લોન / આર્થિક સહાય :-

કુદરતી હોનારત જેવી કે, અતિવૃષ્ટિ, આગ, ધરતીકંપ, વાવાઝોડુ જેવા પ્રસંગે કડવા પાટીદાર સમાજના કુટુંબોને મદદરૂપ થવા માટે આર્થિક સહાય/લોન આપવામાં આવે છે. ધરતીકંપમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં કડવા પાટીદાર સમાજને થયેલ નુકશાનમાં સૌરાષ્ટ્ર (શ્રી ઉમિયા માતાજી ટ્રસ્ટ, સિદસર) ને રૂપિયા ૬૫ લાખ અને (કચ્છ કડવા પાટીદાર સમાજ) ને રૂા. ૩૫ લાખ આર્થિક સહાય આપવામાં આવી હતી. સુનામી તાંડવમાં માનનીય મુખ્યમંત્રીશ્રી રાહતફંડમાં રૂા. ૫,૦૦,૦૦૦/- અને બાયલ ટોંખરોલ (સાબરકાંઠા) ચક્રવાતમાં રૂા. ૬૫,૧૦૪/- આર્થિક સહાય કરવામાં આવેલ છે. દક્ષિણ ગુજરાત અને સુરતમાં આવેલ પુરમાં ફસાયેલા કુટુંબો માટે રૂા. ૧૨,૬૫,૩૪૬/- ના ફુડ પેકેટ અને કીટ્સ મોકલવામાં આવેલ હતા. ચાલુ સાલે બિહાર પુર રાહતમાં રૂા. ૧,૬૬,૩૧૯/- ના વાસણો આપ્યા હતા.

(૧૮) વિકલાંગ ભાઈ-બહેનોને ટ્રાઈસીકલ :-

કડવા પાટીદાર સમાજના વિકલાંગ ભાઈ-બહેનોની કાર્ય ક્ષમતા વધે, સારો અભ્યાસ કરી શકે અને પોતાના પગ ઉપર ઉભા રહી શકે તેવું જીવન બનાવી શકે તે માટે ટ્રાઈસીકલ ભેટ આપવાની યોજના કાયમી ચાલુ છે. અરજી સાથે ૬૦% કે તેથી વધુ અપંગતાનું ઓર્થોપેડીક સર્જનનું પ્રમાણપત્ર મોકલવાનું રહેશે. સને ૨૦૦૯-૨૦૧૦ માં ૪૨ વિકલાંગોને રૂા. ૮૨,૨૭૫/- ની ટ્રાઈસીકલોની વહેંચણી કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં કુલ ૯૦૫ વિકલાંગોને રૂા. ૧૯,૯૭,૧૯૭/- ની ટ્રાઈસીકલોની વહેંચણી કરવામાં આવેલ છે.

(૧૯) વિમા - આરક્ષણ :-

કડવા પાટીદાર સમાજની કોઈ પણ વ્યક્તિ શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ કે, સંસ્થાનમાં રૂા. ૧૦૦/- થી રૂા. ૫૦૦/- ની ભેટ આપે અને શ્રી ઉમિયા ચેરીટેબલ ટ્રસ્ટમાં રૂા. ૨૦/- થી રૂા. ૧૦૦/- ની રકમઆપે તેવી વ્યક્તિને ૫ થી ૭૦ વર્ષની ઉંમર સુધી રૂા. ૨૦ હજારથી એક લાખ સુધીનું વિમાનું આરક્ષણ આપવાની યોજના હતી. આ યોજના તા. ૩૦-૬-૨૦૦૧ થી બંધ કરવામાં આવી છે.

આ યોજનામાં જેમણે વિમા લીધા હોય તેવા વિમેદારોને ખાસ વિનંતી કરવામાં આવે છે કે, વિમેદારનું કુદરતી અવસાન થાય તેવા પ્રસંગે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝામાં આધાર સાથે જાણ કરવા વિનંતી જેથી વિમા કંપનીનું ખોટુ ભરવું પડતું પ્રિમિયમ બંધ કરી શકાય.

(૨૦) આજીવન સભાસદ :-

આ સંસ્થામાં કોઈપણ કડવા પાટીદાર વ્યક્તિ રૂા. ૧૦૦૦/- ભરી આજીવન સભાસદ થઈ શકે છે.

(૨૧) શ્રી ઉમિયા આઈ.એ.એસ. ટ્રેઈનીંગ સેન્ટર :-

રાજ્યની વહીવટી સેવાઓમાં કડવા પાટીદાર સમાજના ભાઈ-બહેનો ભાગ લે તે માટે યુ.પી.એસ.સી. દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયાર થાય તે સારૂ શ્રી ઉમિયા માતાજી કેમ્પસ, સોલામાં આઈ.એ.એસ. ના તાલિમ વર્ગો ચલાવામાં આવે છે. ચાલુ વર્ષે રૂા. ૫,૩૭,૪૫૪/- શ્રી ઉમિયા માતાજી સંસ્થાન તરફથી આર્થિક સહયોગ કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં રૂા. ૩૭,૩૫,૩૪૬/- નો આર્થિક સહયોગ કરવામાં આવેલ છે. ચાલુ સાલે ૬૫ તાલીમાર્થીઓએ આ તાલીમવર્ગનો લાભ લીધો છે.

(૨૨) ઉમિયા દ્વારેથી :-

શ્રી ઉમિયા માતાજીની પ્રવૃતિઓથી સમગ્ર સમાજ વાકેફ રહે તે હેતુથી કડવા પાટીદાર સમાજના તમામ મુખપત્રોમાં આ કોલમ દ્વારા માહિતી મોકલવામાં આવે છે. સંસ્થાની પ્રવૃતિઓથી સમાજને વાકેફ રાખવા બદલ જ્ઞાતિ માસિકોના તંત્રીઓ અને હોદ્દેદારશ્રીઓનો આભાર વ્યક્ત કરવામાં આવે છે.

(૨૩) શ્રી રામપારાયણ અન્ન સહાય :-

આ સંસ્થા પૂ. સંત શ્રી ડાંગરેજી મહારાજની પ્રેરણાથી શ્રી રામપારાયણ અન્ન સહાય ફંડ નિભાવે છે. જેમાં ઊંઝા, ઐઠોર ઉનાવા ગામોના ગુજરાન નિભાવવા સક્ષમ ન હોય તેવા કુટુંબોને માસિક ૧૦ થી ૨૦ કીલો અનાજ મફત આપવામાં આવે છે. આવા ૨૦૫ કુટુંબો આ સહાયનો લાભ લે છે. સને ૨૦૦૯-૨૦૧૦ માં આ નિધિમાં રૂા. ૩,૭૦,૭૨૦/- ખર્ચ થયેલ છે. આ યોજનામાં દાન સ્વિકાર્ય છે.

(૨૪) કાયમી લગ્નોત્સવ યોજના :-

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝામાં કાયમી લગ્નોત્સવ યોજના ચાલે છે. તેમાં લગ્ન સંસ્થાનમા લગ્ન કરનાર દરેક પક્ષે રૂા. ૩૦૦૦/-ત્રણ હજાર ભરવાના હોય છે. ચાલુ સાલે સંસ્થાની તિથિઓમાં ૩૨ દંપતિઓ અને સ્પેશિયલ તિથિઓમાં ૧૮૫ દંપતિઓએ આ સંસ્થામાં લગ્ન કરેલ છે. ફુલહારથી લગ્ન કરનારે રૂા. ૫૦૦/- ભરવાના હોય છે. જેમાં ચાલુ સાલે ૮૮ દંપતિઓએ લગ્ન કરેલ છે.

(૨૫) વિના મુલ્યે ટીફીન સેવા :-

આ સંસ્થા તરફથી નિઃસહાય વૃધ્ધોને ઘરબેઠા વિના મુલ્યે ટીફીન પહોંચાડવાની વ્યવસ્થા ચાલુ કરવામાં આવી છે. હાલમાં ૯ (નવ) નિઃસહાય વૃધ્ધોને ટીફીન દરરોજ બપોરે મોકલી આપવામાં આવે છે. આ યોજનામાં દાન સ્વીકાર્ય છે.

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વ્યાજ મુક્ત લોન

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન તરફથી ઉચ્ચ શિક્ષણ સહાયક નિધિની રચના કરવામાં આવેલ છે. જેમાંથી ઉચ્ચ શિક્ષણ માટે વિદ્યાર્થીઓને વગર વ્યાજે લોન આપવામાં આવે છે. ચાલુ સાલે ૧૦૮૦ વિદ્યાર્થીઓને લોન પેટે રૂા. ૧,૬૨,૪૪,૦૦૦/- આપવામાં આવેલ છે. અત્યાર સુધીમાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન તરફથી ૭૫૭૯ વિદ્યાર્થીઓને રૂા. ૮,૫૬,૯૦,૫૦૦/- ની લોન આપવામાં આવી છે.

ચાલુ સાલે રૂા. ૪૮,૦૭,૫૫૩/- લોન પરત આવેલ છે. તારીખ ૩૧-૩-૨૦૦૯ સુધીમાં કુલ રૂા. ૩,૬૩,૩૫,૭૪૩/- લોન પરત આવેલ છે.

ઉચ્ચ શિક્ષણ સહાયક નિધિ :-

કડવા પાટીદાર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ જે આર્થિક રીતે સક્ષમ ન હોય અને પૈસાના અભાવે ભણી શકે તેમ ન હોય તેવા વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ સહાયક નિધિ શરૂ કરવામાં આવેલ છે. આ નિધિમાં મેડીકલ એન્જીનીયરીંગ, ફાર્મસી, આર્કિટેક, એમ.બી.એ., એમ.સી.એ. બી.એસ.સી., નર્સીંગ જેવા અભ્યાસક્રમો માટે દર વર્ષે અભ્યાસ પુરો કરે ત્યાં સુધી સંસ્થાની નાણાંકીય મર્યાદામાં રહી વગર વ્યાજની લોન આપવામાં આવે છે. રૂા. ૧,૦૦,૦૦૦/- કરતા ઓછી આવકવાળા કુટુંબના વિદ્યાર્થીઓને આ લોન આપવામાં આવે છે.



શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ - જ્યોતિરથ

ઉચ્ચશિક્ષણ સહાય નિધિની પૂર્ણતા અને સમાજના સુખી લોકોની આવકારદાયક મદદથી આપણા કાર્યકર્તાઓનો ઉત્સાહ ખૂબ વધ્યો. તેના પરિપાક રૂપે અને આગેવાનોની વિકાસલક્ષી દષ્ટીને લીધે 'શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ' નો વિચાર ઉદ્‌ભવ્યો.



તા. ૨૭-૧૦-૯૬ની શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાની જાહેરસભામાં આ ઉત્કર્ષ નિધિનો વિચાર રજૂ કરવામાં આવ્યો અને તેને 'શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ' એવુ નામ આપવામાં આવ્યું. આ ઉત્કર્ષ નિધિમાં રૂા. ૧૦૦ કરોડ એકઠા કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. આ રકમ કડવા પાટીદાર સમાજના ઉત્કર્ષ માટે એકઠી કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો.
આપણો સમાજ સમય પરિવર્તનને ઝડપથી ઓળખી સમય સાથે કદમ મિલાવે છે. આથી જ કડવા પાટીદાર સમાજ આજે ગાડાની સંસ્કૃતિમાંથી રોકેટની સંસ્કૃતિને અપનાવી શક્યો છે અને દરેક ક્ષેત્રે ખેડાણ કરી શક્યો છે.

'શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ' નો વિચાર સમાજને આપી છૂટવાની મૂળભૂત તાસીરને લઈને અમલમાં મૂકવામાં આવ્યો છે. સંસ્થાનના પ્રમુખશ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ તેમજ શ્રી મણિભાઈ મમ્મીની આધુનિક દષ્ટિને લીધે, સમાજને આર્થિક સદ્ધરતાના શુભ ઈરાદાના હેતુથી રૂા. ૧૦૦ કરોડ આ નિધિ માટે ઊભા કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો. કાર્યકર્તાઓનો ઉત્સાહ જોતાં અને માતાજીનાં શુભ કાર્યમાં આશીર્વાદ જોતાં આ નિધિ પૂર્ણ થવાનો દરેકને વિશ્વાસ પેદા થયો છે, જેથી આ નિધિ માટેનો સંકલ્પ કરવામાં આવ્યો અને આ નિધિ પૂર્ણ કરવાની કટિબદ્ધતા નક્કી કરવામાં આવી.

સમાજલક્ષી સતત ચિંતનનો પરિપાક અને માતાજીની હરદમ પ્રેરણાને લઈને આ ભગીરથ કામ હાથ ધરવામાં આવ્યું. જેમ શ્રી કૃષ્ણે ગોકુલ માટે ગોવર્ધન ઉપાડ્યો હતો તેમ કડવા પાટીદાર સમાજના ઉત્કર્ષ માટે શ્રી ઉમિયા માતાજી સંસ્થાને આ 'શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ' નો એક નવો ગોવર્ધન ઉઠાવ્યો છે. સમાજના ઘરે ઘરથી આ સંકલ્પ માટે ટહેલ નાખવામાં આવેલ છે. માતાજી સંસ્થાનના દરેક કાર્યકર્તાને પૂરી શ્રદ્ધા અને ભરોસો છે કે સમાજ માટે કરેલ આ શુભ સંકલ્પને માતાજી ચોક્કસ પૂર્ણ કરશે. આ નિધિની રકમ સમાજમાં કૃષિ, શિક્ષણ અને સમાજના સર્વાંગી વિકાસ માટે વાપરવાનો પણ સંકલ્પ છે.



આ ઉત્કર્ષ નિધિ માટે શુભ શરૂઆત રૂપે શ્રી સચ્ચિદાનંદજી મહારાજ દંતાલીવાળાના અધ્યક્ષપદે એક સામાજિક કાર્યકરોનું સંમેલન બોલાવવામાં આવ્યું. તે માટે ૫૦ બહેનો અને ૫૦ ભાઈઓ દરેક હાથમાં મશાલ લઈ ૧૦૦ કરોડના પ્રતીક રૂપે ૧૦૦ મશાલો સાથે ગામમાં શિસ્તબદ્ધ રીતે ફરી શ્રી માતાજી સંસ્થાને શ્રી સચ્ચિદાનંદજીના હાથે આ સરઘસને આવકારી સ્વાગત કરવામાં આવ્યું અને 'શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ' ના જ્યોતિનું નિર્માણ કરવામાં આવ્યું.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાએ કડવા પાટીદાર સમાજના ઉત્કર્ષ માટે ૧૦૦ કરોડ રૂપિયાનો ઉત્કર્ષ નિધિ ઉભો કરવાનો સંકલ્પ કર્યો જેના પરિણામ સ્વરૂપ શ્રી માતાજીના "જ્યોતિરથ" નું નિર્માણ કરાંદિયા (મધ્ય પ્રદેશ) ગામે કરવામાં આવ્યું જેની પધરામણી તા. ૨૭-૧૦-૯૭ સોમવાર સાંજે ૪-૦૦ કલાકે માતાજીના નીજ મંદિરે થઈ.

વિશ્વના કડવા પાટીદારોની એકસૂત્રતા દર્શાવતી આગવી ઓળખ

૧. વિશ્વના કડવા પાટીદારોનું માદરે વતન ઉમાપુર ઊંઝા જ છે.
૨. વિશ્વના કડવા પાટીદારોની કુળદેવી એકજ મા ઉમિયા છે.
૩. વિશ્વના કડવા પાટીદારો જન્મે ગામડામાં, કારણ માત્ર ખેતી આધારિત સમાજ હતો.
૪. વિશ્વના કડવા પાટીદારોની અંગત માલિકીની એક માત્ર ધાર્મિક સંસ્થા "શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા" છે.
૫. વિશ્વના કડવા પાટીદારો વેદ કાળથી મા ઉમિયાની પૂજા કરતા આવ્યા છે. એટલે તેમની રગેરગમાં મા ઉમિયાની ભક્તિ વ્યાપેલી છે.


૧૮ મી શતાબ્દી મહોત્સવ સંવત ૨૦૩૩ પ્રસંગે આપવામાં આવેલો પંચસૂત્રી કાર્યક્રમ

આપણે સૌ આટલું તો કરીએ જ !

૧. ઘેર ઘેર કુળદેવી શ્રી ઉમિયા માતાજીનો ફોટો રાખીએ.
૨. કડવા પાટીદારના દીકરા દીકરીને સગપણ (ચાંલ્લા) પ્રસંગે માતાજીનો ચાંદીનો સિક્કો આપીએ.
૩. દીકરા દીકરીના લગ્ન પ્રસંગે સૌથી પહેલી કંકોત્રી માતાજીને લખવાનું ન ભૂલીએ.
૪. કડવા પાટીદાર દંપતિએ લગ્ન કર્યા પછી માતાજીના આશીર્વાદ મેળવવા દર્શનાર્થે આવવાની પ્રથા જાળવીએ.
૫. આપણી આવકમાંથી તથા શુભ પ્રસંગોએ યથાશક્તિ ફાળો દર વર્ષે માતાજીમાં ભેટ રૂપે મોકલાવીએ.


॥ દશ સૂત્રી કાર્યક્રમ ॥


(૧) દીકરા દીકરી વચ્ચે ભેદ ન રાખીએ.
(૨) પુત્રવધૂને દીકરી સમાન ગણીએ.
(૩) બાળલગ્નો નામે બંધ કરીએ.
(૪) વિધવા - ત્યકતા બહેનોનાં પુનઃલગ્ન માટે સમજ કેળવીએ.
(૫) બહેનોને કન્યા કેળવણીની સાથે ગૃહજીવનને ઉપયોગી શિક્ષણ આપીએ.
(૬) અંધશ્રધ્ધા, વહેમ અને રૂઢિચુસ્તતામાંથી બહાર આવી સાચા અર્થમાં શક્તિ સ્વરૂપ મા ઉમાના પૂજક બનીએ.
(૭) સમયના પરિવર્તન સાથે આપણા સામાજીક રીત-રીવાજોને પણ બદલીએ.
(૮) આપણા સામાજીક પ્રશ્નો અદાલતમાં ન લઈ જતાં સમાજ દ્વારા ઉકેલીએ.
(૯) દિવસમાં એકવાર કુટુંબ સાથે જમીએ અને પ્રાર્થના કરીએ.
(૧૦) ગામે ગામે ઉમા મહિલા મંડળોની સ્થાપના કરીએ.


realpatidar.com
ભવ્ય-ગૌરવશાળી અતિત
૧૮મી શતાબ્દી મહોત્સવ - સંવત : ૨૦૩૩
મહોત્સવ પ્રારંભ : માગસર સુદ-૪, તા. ૨૫-૧૧-૭૬
મહોત્સવ પૂર્ણાહુતિ : માગસર સુદ-૮, તા. ૨૯-૧૧-૭૬
realpatidar.com



સને ૧૯૭૬માં ઉજવાયેલા ૧૮મી શતાબ્દી મહોત્સવ ની ફલશ્રુતિ રૂપે મા ઉમિયાના સાનિધ્યમાં પાટીદાર સમાજ એક તાંતણે બંધાયો, સામાજીક ક્રાંતિના બીજ રોપાયાં અને પાટીદાર સમાજ માટે વિવિધ સામાજીક યોજનાઓની શરૂઆત થઈ જે અન્ય સમાજો માટે પ્રેરણાપથ બની. પાટીદારોએ પ્રગતિના પગથીયાં પર પગરણ માંડી અતિ ટુંકા સમય ગાળામાં વિવિધ ક્ષેત્રોમાં ડંકો વગાડી પાટીદાર સમાજને વિશ્વના પ્રગતિશીલ સમાજોની હરોળમાં લાવી દીધો. મા ઉમાના આશીર્વાદથી આ મહોત્સવ પાટીદાર સમાજની ચેતના જગાવવામાં, વિકાસ યાત્રામાં અને સમરસતાની કેડી કંડારવામાં નિમિત્ત બન્યો.


૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૮
વિશ્વ સમૃદ્ધિના પંથે જઈએ, આપણા સૌના
નારી
યુવા
સંકલ્પ
સંગઠન
એકતા
૪૮ ॥ श्री उमाम्बा शरणमस्तु जन्मान्तरेष्वपि ॥


realpatidar.com
૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯
પ્રોજેક્ટ ચેરમેન
મહેન્દ્ર એસ. પટેલ
ચેરમેન
નારાયણભાઈ એલ. પટેલ
કન્વીનર
મણીભાઈ આઈ. પટેલ
realpatidar.com
૪૯

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯

કમિટી મહારથીઓ

૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ કમિટી



ચેરમેન — નારાયણભાઈ બળદેવદાસ પટેલ | કન્વીનર 'ચમી' — મણીલાલ ઈજારદાર પટેલ | પ્રોજેક્ટ ચેરમેન — મહેન્દ્રભાઈ સોમાભાઈ પટેલ

વિશેષતા

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ના વિચાર બીજને પરિપક્વ બનાવવા માટે આ ત્રણ મહારથીઓ...... સમગ્ર મહોત્સવને સફળ બનાવવા માટે આર્થિક ભંડોળ, સમાજ સંગઠન, સ્વયંસેવકોની ફોજ તૈયાર કરવા માટે વહીવટીમુત્સદ્દીગીરીનું ધાર્મિકતા સાથે આયોજનનું માળખું તૈયાર કર્યું. માત્ર આ મહોત્સવ ધર્મોત્સવ ન બની રહે તે માટે વેપાર, ઔદ્યોગિક , કૃષિ અને શિક્ષણ જેવા વિષયોનું વિશાળ પ્રદર્શન અને માર્ગદર્શનના આયોજન થકી સર્વ સમાજનો ઉત્સવ બને.

સરભરા માટે માનવ બળ : ૧૦૦



ખોડાભાઈ શંકરલાલ પટેલ — ચેરમેન | ગટોરભાઈ કાનજીભાઈ પટેલ — વાઈસ ચેરમેન | હસરાજભાઈ દેવજીભાઈ ધોળુ — કો. ઓર્ડિનેટર

વિશેષતા : પ્રોટોકોલ પ્રમાણે મહોત્સવમાં ઉપસ્થિત થનારા તમામ મહાનુભાવોનું સન્માન જળવાય એ પ્રકારે સરભરા કરાશે.

૨૨૦૦ સ્વંય સેવકો સુરક્ષા કાજે



હસમુખ અમરતલાલ પટેલ — ચેરમેન | મુકુન્દભાઈ રમણલાલ પટેલ — વાઈસ ચેરમેન | જગદીશભાઈ પ્રાણલાલ પટેલ — કો. ઓર્ડિનેટર

વિશેષતા : મહોત્સવના પાંચ દિવસ દરમિયાન શ્રદ્ધાળુઓની સલામતીમાં ૨૨૦૦ સ્વંય સેવકો સાથે આ સમિતીએ જડબેસલાક આયોજન કર્યું.

નાણા વ્યવસ્થાપન ૩૦૦ સેવકોની ટીમ



વિષ્ણુભાઈ વિઠ્ઠલદાસ પટેલ — ચેરમેન | મણીભાઈ કાનજીભાઈ પટેલ — વાઈસ ચેરમેન | બાબુભાઈ મગનલાલ પટેલ — કો. ઓર્ડિનેટર

વિશેષતા : રૂ.૧૦૦ કરોડનું ભંડોળ એકત્ર કરીને સમાજના વિકાસ કાર્યો માટે શ્રી સંસ્થાનને સોંપવું.

મહોત્સવનો મહાસ્તંભ એ સહસ્ત્રચંડી યજ્ઞ છે



કુબેરભાઈ મગનલાલ પટેલ — ચેરમેન | વસંતભાઈ નારાયણદાસ પટેલ — વાઈસ ચેરમેન | દશરથભાઈ શિવરામદાસ પટેલ — કો. ઓર્ડિનેટર

વિશેષતા : યજ્ઞમાં થનારી આહૂતિથી ઉત્પન્ન થનારા તરંગોથી સમગ્ર પ્રદેશ, પ્રજા અને સર્વજીવોનું કલ્યાણ થશે.

પ્રચાર-પ્રકાશન માટે ૧૦૦ સેવકોનું નેટવર્ક



સીતારામ જોઈતારામ પટેલ — ચેરમેન | દિલીપ મણીલાલ પટેલ (નેતાજી) — વાઈસ ચેરમેન | જેઠાભાઈ મગનલાલ પટેલ — કો. ઓર્ડિનેટર

વિશેષતા : 'માનુ તેડું' નામની ઐતિહાસિક આમંત્રણ પત્રિકા કડવો ત્યાં કંકોતરી નામે ૮ લાખ પરિવારોને પહોંચાડવી.

પ્રતિ સેકન્ડે આઠ શ્રદ્ધાળુ મા ઉમાને સન્મુખ



સુરેશભાઈ કાન્તિલાલ પટેલ — ચેરમેન | ગોવિંદભાઈ હીરાલાલ પટેલ — વાઈસ ચેરમેન | વિષ્ણુભાઈ ભગવાનદાસ પટેલ — કો. ઓર્ડિનેટર

વિશેષતા : ટેકનોલોજીની સાથે અભૂતપૂર્વ રીતે ૧૬૦૦ શિસ્તબદ્ધ સ્વયંસેવકો શ્રદ્ધાળુઓને દર્શન કરાવાશે.

૭૦ રાઈડ્સથી નાના સહિત મોટેરાઓને મનોરંજન



કૃષ્ણચંદ ભોગીલાલ પટેલ — ચેરમેન | જશવંતભાઈ બાબુલાલ પટેલ — વાઈસ ચેરમેન | રમેશભાઈ શંકરલાલ પટેલ — કો. ઓર્ડિનેટર



ભરતભાઈ નારાયણદાસ પટેલ — કો. ઓર્ડિનેટર | મનુભાઈ કરશનદાસ પટેલ — કો. ઓર્ડિનેટર

વિશેષતા : ભારતમાં કદાચ ક્યારેય તૈયાર નહીં થઈ હોય તેવી ભારતના જ જુદા જુદા રાજ્યોના કારીગરો દ્વારા તૈયાર કરાયેલી ૬૦ ફૂટ ઊંચી ગટોત્કચની રાઈડ્સ આકર્ષણ કેન્દ્ર.

૫૫૦ વીઘા જમીનની ઉપજ મા ઉમિયાને અર્પણ



મહેન્દ્રભાઈ દેવાભાઈ પટેલ — ચેરમેન | દશરથભાઈ બેચરદાસ પટેલ — વાઈસ ચેરમેન | ગોપાળભાઈ નાથાલાલ પટેલ — વાઈસ ચેરમેન



રમેશભાઈ માધવલાલ પટેલ — કો. ઓર્ડિનેટર | જશવંતભાઈ ભગવાનદાસ પટેલ — કો. ઓર્ડિનેટર

વિશેષતા : ૩૦૦થી ૪૦૦ ધરતીપુત્રોએ ઉમિયા મહોત્સવની ઉજવણી કાજે ત્રણ સિઝનનો પાક જતો કરીને પોતાની જમીન મા ઉમાના ઉત્સવથી પાવન કરવા માટે પ્રેરાયા.

શ્રદ્ધાળુઓની તરસ મીનરલ વૉટરથી છીપાવીશું



ભગવાન રણછોડદાસ પટેલ — ચેરમેન | શૈલેષભાઈ રણછોડદાસ પટેલ — વાઈસ ચેરમેન | અમરતભાઈ કાશીરામ પટેલ — કો. ઓર્ડિનેટર

વિશેષતા : ઉમિયા નગરમાં ધરોઈ ડેમનું પાણી પાઈપલાઈન દ્વારા મીનરલ વૉટર પ્લાન્ટમાં શુદ્ધિકરણ કરાશે.

ઊંઝામાં પાંચ દિવસ ઝાકમઝોળ



ડાહ્યાભાઈ પિતાંબરદાસ પટેલ — ચેરમેન | કાન્તિભાઈ જીવરામદાસ પટેલ — વાઈસ ચેરમેન | કાન્તા શિવરામદાસ પટેલ — કો. ઓર્ડિનેટર

વિશેષતા : ઊંઝા અને આજુબાજુના આઠ કિલોમીટર વિસ્તારને પોણા બે લાખ બલ્બથી અજવાળી દેવાશે.

ભાવે ભોજન પીરસવા ૨૫૦૦ સેવકો તૈયાર



ત્રિભોવન પરસોત્તમદાસ પટેલ — ચેરમેન | નારાયણ બેચરદાસ પટેલ — વાઈસ ચેરમેન | કાન્તિલાલ રતુદાસ પટેલ — વાઈસ ચેરમેન



અમૃત ઈશ્વરભાઈ પટેલ — વાઈસ ચેરમેન | ભૂપેન્દ્રભાઈ વિરમાભાઈ પટેલ — કો. ઓર્ડિનેટર | રામજીભાઈ મોહનલાલ પટેલ — કો. ઓર્ડિનેટર



મહેન્દ્રભાઈ મોહનલાલ પટેલ — કો. ઓર્ડિનેટર

વિશેષતા : આઠ કલાકમાં ઉમિયાનગરમાં પધારનાર અઢી લાખથી વધુ ભાવિકો ઉમિયા માતાના પ્રસાદ - ભોજન આરોગી તૃપ્તિનો ઓડકાર લે તેવું અદભૂત આયોજન આ સમિતીના શીરે છે . જે સમગ્ર આયોજનની શોભામાં અભિવૃદ્ધિ કરશે.

[illegible] વાહનો, અવ્યવસ્થા જરાય નહીં !



કસ્તુરભાઈ વિઠ્ઠલદાસ પટેલ – ચેરમેન
બબુભાઈ નાથાભાઈ પટેલ – વાઈસ ચેરમેન
સોમાભાઈ વિઠ્ઠલદાસ પટેલ – કો. ઓર્ડિનેટર

વિશેષતા : ઊંઝાની ચોતરફ આઠ કિલોમીટરના વર્તુળમાં વાહનને લગતી એક નાની પણ સમસ્યા પણ મિનીટોમાં ઉકેલવા ૭૦૦ સેવકો ખડેપગે.

દરેકનું સ્વાગત ચા-અલ્પાહારથી થશે



જયંતીભાઈ સોમાભાઈ પટેલ – ચેરમેન
રમેશભાઈ સોમાભાઈ પટેલ – વાઈસ ચેરમેન
જીવરામ નારાયણદાસ પટેલ – કો. ઓર્ડિનેટર

વિશેષતા : ૩૫૦ સ્વયંસેવકો સવારે દર્શને જવા તૈયાર ભાવિકોને ચા - અલ્પાહારના ભૂખ્યા પેટે નહીં રહેવા દે.

રાઉન્ડ ધ ક્લોક તબીબી સેવા ઉપલબ્ધ



ડૉ. અમૃતભાઈ જે. પટેલ – ચેરમેન
ભરતભાઈ શિવરામદાસ પટેલ – વાઈસ ચેરમેન
રાકેશભાઈ જયંતિભાઈ પટેલ – કો. ઓર્ડિનેટર

વિશેષતા : રાજ્યના સહકારથી આયોજકોએ પાંચ દિવસ દરમિયાન આકસ્મિક ઘટના વખતે અધૂરી સારવારની કોઈ બૂમ ના પડે તેની ખાતરી કરી છે.

ઉતારા માટે ૮૦૦ સેવકો ખડે પગે



નિતીન નરોત્તમદાસ પટેલ – ચેરમેન
[illegible] પટેલ – વાઈસ ચેરમેન
[illegible] પટેલ – કો. ઓર્ડિનેટર

વિશેષતા : પાંચ દિવસમાં ચોમેરથી ઉમટનારા શ્રદ્ધાળુઓને ન્હાવા ધોવાથી લઈને રાત્રિ રોકાણની ખડે પગે વ્યવસ્થા.

૫૦૦ એકરમાં મંડપ ડેકોરેશનની જવાબદારી



મનુભાઈ કેશવલાલ પટેલ – ચેરમેન
મનુભાઈ નાથાલાલ પટેલ – વાઈસ ચેરમેન
અમિતભાઈ મણિલાલ પટેલ – કો. ઓર્ડિનેટર

વિશેષતા : ૫૦૦ એકરમાં ઉમાનગરને પૂર્ણત: મંડપથી ઢાંકી દેવો. મંડપમાં મહેમાનોને તમામ પ્રકારની સુવિધાઓ માટે ૬૫૦ સેવકોની ફોજ

પ્રસાદથી પાવન કરીશું



[illegible] ગોવિંદદાસ પટેલ – ચેરમેન
બાબુભાઈ શિવરામદાસ પટેલ – વાઈસ ચેરમેન
[illegible] વિઠ્ઠલદાસ પટેલ – કો. ઓર્ડિનેટર

વિશેષતા : ૩૫૦ સ્વયંસેવકો ડ્રાય ફ્રૂટ, શુદ્ધ ઘીના મગદળ, બુરુ ખાંડ અને કોપરાના લાડુનો પ્રસાદ લાખો શ્રદ્ધાળુઓને વહેંચશે.

સરકારના સંકલનથી આયોજન પાર પાડ્યું



કાન્તિભાઈ મુળજીભાઈ પટેલ – ચેરમેન
દશરથભાઈ નાથાભાઈ પટેલ – વાઈસ ચેરમેન
પ્રવિણ ભગવાનદાસ પટેલ – કો. ઓર્ડિનેટર

વિશેષતા : ઐતિહાસિક આયોજન માટે ગુજરાત સરકાર મહેસાણા જિલ્લા વહિવટીતંત્રના સહકાર માટે કડીરૂપ સંકલન.

ગાથા ગવાશે, ઇતિહાસ રચાશે



ચતુરભાઈ જોઈતારામ પટેલ – ચેરમેન
પ્રવિણભાઈ પ્રહલાદભાઈ પટેલ – વાઈસ ચેરમેન
ધર્મેન્દ્ર કાન્તિલાલ પટેલ – કો. ઓર્ડિનેટર

વિશેષતા : પાટીદારોના ઐતિહાસિક ગૌરવની ગાથા ૬૫૦ કલાકારો રજૂ કરશે, ઉપરાંત અનેક વિધ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

પુરુષ સમોવડી ૨૦૦૦ મહિલા કાર્યરત



દિવાળીબેન લક્ષ્મણભાઈ પટેલ – ચેરમેન
ચંદ્રિકાબેન દશરથભાઈ પટેલ – વાઈસ ચેરમેન
સુરેખાબેન હર્ષદભાઈ પટેલ – કો. ઓર્ડિનેટર

વિશેષતા : આ પ્રસંગે પુણ્યનુ ભાથુ બાંધી લેવા ઊંઝા આવનાર મહેમાનોની આગતા સ્વાગતા માટે મહિલા સ્વયંસેવકો કટિબદ્ધ.

દૂરથી આવતા શ્રદ્ધાળુઓ અટવાશે નહી



ભૂપેન્દ્રભાઈ નટવરલાલ પટેલ – ચેરમેન
ભરતભાઈ દેવચંદદાસ પટેલ – વાઈસ ચેરમેન
જગદીશભાઈ નટવરલાલ પટેલ – કો. ઓર્ડિનેટર

વિશેષતા : ૪૫૦ સ્વયંસેવકોની ટીમ ૫૫૦ વિઘા જમીનમાં પથરાયેલા ઉમિયાનગરમાં શ્રદ્ધાળુઓને સચોટ માહિતી પૂરી પાડશે.

ગામે ગામ સેવાનો ભેખ



જયપ્રકાશ શાંતિરામ પટેલ – ચેરમેન
મુકેશભાઈ મફતલાલ પટેલ – વાઈસ ચેરમેન
પ્રવિણભાઈ અંબાલાલ પટેલ – કો. ઓર્ડિનેટર

વિશેષતા : ઊંઝામાં ઉમટી પડનાર ૪૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓ માટે આજુબાજુના ૧૪ ગામોમાં અનોખુ આયોજન.

૧૫૦૦૦ સ્વંય સેવકોની ટીમ સાથે તૈયાર



વસંતભાઈ શિવરામદાસ [illegible] – ચેરમેન
ભરત ઇશ્વરલાલ પટેલ – વાઈસ ચેરમેન
કાન્તિલાલ વિઠ્ઠલ પટેલ – કો. ઓર્ડિનેટર

વિશેષતા : ઊંઝા ગામના શ્રીમંત ગરીબ તમામ વર્ગ, જ્ઞાતિ, જાતિના ભેદ ભૂલાવીને ૧૫ હજાર સ્વંયસેવકો શિસ્તબદ્ધ ફોજ તૈયાર કરી.

સાંસ્કૃતિક પ્રદર્શનમાં સસ્કારનું દર્શન



અમૃતલાલ પરસોત્તમદાસ પટેલ – ચેરમેન
દિપકભાઈ માધવલાલ પટેલ – વાઈસ ચેરમેન
મહેશભાઈ મણિલાલ પટેલ – કો. ઓર્ડિનેટર

વિશેષતા : માત્ર ધર્મોત્સવ જ નહીં, આ પ્રસંગ લોકજીવનની વહી ગયેલી વાતો અને ઉજ્જવળ ભવિષ્યનો દિશાનિર્દેશ રજૂ કરશે.

ગ્લોબલ પાવર, ગ્લોબલ પ્રોગ્રેસ



અરવિંદભાઈ સોમાભાઈ પટેલ – ચેરમેન
જયેશભાઈ જયંતીલાલ પટેલ – વાઈસ ચેરમેન
કુલદીપચંદ્ર જયંતીલાલ પટેલ – કો. ઓર્ડિનેટર

- સમગ્ર મહોત્સવમાં મહિલાઓની કામગીરી પ્રસંશાને પાત્ર છે. દરેક કામમાં ભાઈઓના ખભે ખભા મીલાવીને સમગ્ર ગામની મહિલાઓએ નારી શક્તિનું જ્વલંત ઉદાહરણ પુરૂ પાડ્યું છે.







- મહોત્સવ માટે મહિલાઓને સમજણ આપવા તથા ઉત્સાહ વધારવા ત્રણ મહિલા સંમેલનો યોજવામાં આવ્યા.
- તા. ૨૪-૦૫-૦૯ ના રોજ શ્રી ઉમિયા માતાજીના મંદિરમાં ૫૦૦૦ બહેનોનું વિશાળ મહિલા સંમેલન મહોત્સવની તૈયારી માટે યોજવામાં આવ્યું.
- મહિલાઓએ કડવો ત્યાં કંકોત્રી, રસોડામાં લાડું બનાવવાથી પીરસવા સુધીની કામગીરી, પ્રસાદ બનાવવાની કામગીરી, યજ્ઞ વ્યવસ્થાની કામગીરી તથા દર્શન વ્યવસ્થાની કામગીરીમાં તેમજ દરેક કમિટીમાં મહિલા સ્વયંસેવીકાઓએ પોતાનું સક્રિય યોગદાન આપ્યું છે.



નથી લાલસા તસ્વીરની, બસ તમન્ના છે ફરીવાર કામની, જેનો આધાર છે આ ઓળખાણની

સરકારી સંકલન કમિટી

ચેરમેન : શ્રી કાન્તિભાઈ મુલજીભાઈ પટેલ
વાઈસ ચેરમેન : શ્રી દશરથભાઈ નાથાલાલ પટેલ
કો. ઓર્ડિનેટર : શ્રી પ્રવીણભાઈ ભગવાનદાસ પટેલ

કમિટી સભ્યો-૫૭





- ગુજરાત સરકારશ્રી ના વિવિધ ખાતાઓ તરફથી સુંદર સાથ સહકાર.
- કલેકટરશ્રી અજય ભાદુ, ડી.ડી.ઓ.શ્રી જે.જી. હિંગળાજીયા તથા ડી.એસ.પી.શ્રી રાજુ ભાર્ગવ તરફથી સુંદર સાથ સહકાર.
- પાણી પુરવઠા બોર્ડે પીવાના પાણીના સપ્લાય માટે પાણીની પાઈપો પુરી પાડી
- ગૃહ વિભાગ તરફથી પોલીસ, મહિલા પોલીસ, ઘોડેસવાર પોલીસ, ટ્રાફીક પોલીસ મહોત્સવ પ્રસંગે પુરી પાડવામાં આવી.
- એસ.ટી.બોર્ડ : ગુજરાતભરમાંથી યાત્રીકોને સગવડ માટે વધારાની બસ વ્યવસ્થા.
- રેલ્વે બોર્ડ : કાઠીયાવાડ, કચ્છ, સુરતથી સ્પેશીયલ ટ્રેનો.
- માર્ગ મકાન વિભાગ : ઊંઝા નગરની આજુબાજુ ના તમામ રસ્તાઓનું નવિનીકરણ.
- જીલ્લા પંચાયત : જરૂરી દવાઓનો પુરતો પુરવઠો પુરો પાડ્યો.
- ઊંઝા નગરપાલિકા : ટી.પી. સ્કીમ-૪ ની ફરતે ૮૦ ફુટના રીંગ રોડ ઉપર નવો રોડ બનાવ્યો
  અગીયાર નાળા થી ઉમીયા માતાજીને જોડતો ડામર રોડ.
  ગામની અંદર ના વિવિધ રસ્તાઓનું નવિનીકરણ



realpatidar.com

સ્વયંસેવક કમિટી

ચેરમેન : શ્રી વસંતભાઈ શિવરામદાસ પટેલ
વાઈસ ચેરમેન : શ્રી ભરતભાઈ ઈશ્વરલાલ પટેલ
કો. ઓર્ડિનેટર : શ્રી કાન્તિલાલ વિરદાસ પટેલ

કમિટી સભ્યો-૫૨
મા ઉમાના સ્વયંસેવકો
ભાઈઓ-૧૫૦૦૦ - બહેનો-૨૦૦૦

૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯ ની સફળતા માટે સ્વયંસેવક કમિટીની બહુ જ મહત્વની ભૂમિકા રહી હતી.

મહોત્સવની સફળતામાં આ કમિટીએ મહત્વનો ભાગ ભજવ્યો હતો. કોઈ પણ મોટા ઉત્સવને સંપૂર્ણ રીતે અને સફળતાપૂર્વક પાર પાડવો હોય તો સેવાભાવી અને કર્તવ્યનિષ્ઠ સ્વયંસેવકોના કારણે એ કાર્યક્રમ પાર પડતો હોય છે.

આ મહોત્સવમાં સ્વયંસેવકો તરીકે હજારો ભાઈ-બહેનોની જરૂર પડે તેમ હોવાથી ૧૭૦૦૦ થી પણ વધુ સ્વયંસેવકોની નોંધણી કરી તેમને મહોત્સવની કામગીરી અંગેની માહિતી આપવામાં આવી અને તેમની મહોત્સવની જુદી જુદી કમિટીઓમાં સેવા આપવા માટે ફાળવણી કરવામાં આવી.

આ રીતે સમગ્ર ઊંઝા ગામની તમામ જ્ઞાતિના ભાઈ-બહેનોને સ્વયંસેવકો તરીકે નોંધીને દરેકને ફોટાવાળાં આઈડેન્ટી કાર્ડ તથા એકજ કલરના ડ્રેસ કોડ સાથે સેવામાં જોડવામાં આવ્યા.

મહોત્સવની સફળતાના આધાર સ્તંભ સમા હજારો સ્વયંસેવકની સેવાઓની આવનાર દરેક યાત્રાળુઓએ પ્રસંશા કરી અભિનંદન આપી વંદન કર્યા.

દરેક સ્વયંસેવકને ફોટા સાથેનું ઓળખ કાર્ડ અને SINTEX LTD. તરફથી કોટી તથા ટોપી આપવામાં આવી





મહોત્સવ પહેલાં સ્વયંસેવક સ્નેહમિલન સમારંભ અને મહોત્સવ પછી સ્વયંસેવક સન્માન સમારોહનો કાર્યક્રમ.



પ્રથમ પંક્તિના સ્વયંસેવકોનું સન્માન કરતા શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના હોદ્દેદારશ્રીઓ





સંસ્થાના કર્મચારીઓનું સન્માન કરતા શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના હોદ્દેદારશ્રીઓ



જી.ઈ.બી.ના કર્મચારીઓનું સન્માન



એસ.ટી. નિગમના કર્મચારીઓનું સન્માન

સમગ્ર ઊંઝા નગર જયાં સ્વયંસેવક હતું,
એવા મહોત્સવમાં સ્વયંસેવકોએ પાંચ દિવસનો એક અખંડ દિવસ બનાવ્યો જેમાં કોઈ વિરામ ન હતો
ઉજાગરાઓને ઉજાશમાં... આળસને આનંદમાં... કંટાળાને કર્તવ્યમાં...
થકાવટને થનગણાટમાં અને ભુખ-તરસને તેમણે પરિપાકમાં ફેરવી નાખ્યો.

સ્વયંસેવકોની અથાગ મહેનત બદલ તેમને લાખ લાખ અભિનંદન.



સ્વયંસેવકો... મહોત્સવને સાચા અર્થમાં અદ્‌ભૂત, અવિસ્મરણીય બનાવનાર














મહોત્સવની સફળતા... સ્વયંસેવકોની મહેનત રંગ લાવી














સાંસ્કૃતિક સંસ્કાર કમિટી

ચેરમેન : શ્રી ચતુરભાઈ જોઈતારામ પટેલ
વાઈસ ચેરમેન : શ્રી પ્રવિણભાઈ પ્રહલાદભાઈ પટેલ
કો. ઓર્ડિનેટર : શ્રી ધર્મેન્દ્રભાઈ કાન્તિલાલ પટેલ

કમિટી સભ્યો : ૩૫
મા ઉમાના સ્વયંસેવકો : ૨૦૦

તા. ૨૮/૧૧/૦૯, શનિવાર ના રોજ
મહોત્સવનું ઉદ્દઘાટન કરતા માન. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી





માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી નું
સ્વાગત કરતા પાટીદાર અગ્રણીઓ

- ૧,૦૦,૦૦૦ વ્યક્તિઓની કેપેસીટી વાળુ અત્યાધુનિક પેવેલીયન
- પાંચ દિવસ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો
- સ્ટેજ : ૧૦૪ X ૭૨ ફુટનું વિશાળ આધુનિક સ્ટેજ
- LED સ્ક્રીન : ૫૦ X ૧૫ ની વિશાળ સ્ક્રીન સ્ટેજની પાછળ
  ૧૦ X ૧૨ ની સ્ક્રીન સ્ટેજની બન્ને બાજુ
  પ્લાઝમા ટીવી ૨૦ નંગ પ્રોજેક્ટર સાથે



શ્રી ઉમિયા માતાજી સંસ્થાન તરફથી માન. મુખ્યમંત્રીશ્રીને કન્યા કેળવણી નિધિ માટે
રૂા. ૧૧,૧૧,૧૧૧ નો ચેક અર્પણ કરતા સંસ્થાના આગેવાનો



૧,૦૦,૦૦૦ ખેડૂતોને ટપક સિંચાઈ પદ્ધતિનો સંકલ્પ લેવડાવતા
માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી



પાટીદાર સમાજના ગૌરવવંતા શ્રેષ્ઠીઓ નું સન્માન :

- પાટડી દરબાર શ્રી પ્રતાપસિંહજી નારાયણસિંહજીના વારસદાર શ્રી કર્ણિકસિંહજી દરબાર અને શ્રી દિલીપસિંહજી દેસાઈ
- શેઠ શ્રી બેચરદાસ અંબાઈદાસ લશ્કરીના વારસદાર શ્રી જાબલ ચંદ્રકાન્તભાઈ લશ્કરી
- શેઠ શ્રી મફતલાલ ગગલદાસ પરિવારના વારસદાર શેઠ શ્રી પ્રદિપભાઈ મફતલાલ
- શેઠ શ્રી જયકૃષ્ણ હરિવલ્લભદાસ અને ધર્મપત્ની શ્રીમતી પદ્માબેન પરિવારના વારસદાર શ્રી મૃગેશ જયકૃષ્ણભાઈ
- શેઠ શ્રી નંદુલાલ મંછારામ પટેલ પરિવારના વારસદાર શ્રી સૌરભભાઈ પટેલ

સન્માનનીય સ્પોન્સરશ્રીઓ - દાતાશ્રીઓ નું સન્માન



૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવના ચેરમેનશ્રી નારાયણકાકા નું સન્માન




૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવના પ્રોજેક્ટ ચેરમેનશ્રી મહેન્દ્ર એસ. પટેલ નું સન્માન



પાટીદાર ગૌરવગાથા



અપ્રતિમ્-અદ્‌ભૂત-અવિસ્મરણીય ગાથા પાટીદારની...





તા. ૨૯/૧૧/૦૯, રવિવાર :
અનુરાધા પૌંડવાલ, રાજીવ ચોપરાનો ભજન સંધ્યાનો કાર્યક્રમ
કુ. રૂત્વી પટેલ દ્વારા " અમે સૌ ઉમિયાના બાળ" નૃત્ય નાટીકા
સાંઈરામ દવે દ્વારા હાસ્ય સાહિત્ય.







તા. ૩૦/૧૧/૦૯, સોમવાર :
કંકળા સંસ્થાના રાસ-ગરબા
સૌરાષ્ટ્ર ના થાનગઢ ગ્રુપ દ્વારા ઓડો રાસ-ગરબા
ભીખુદાન ગઢવી દ્વારા ડાયરો
















તા. ૧/૧૨/૦૯, મંગળવાર :
- સ્મૃતિઈરાની ની મુખ્ય ભુમિકાવાળું સામાજીક નાટક " મુક્તિધામ"
- લેસર શો દ્વારા પાટીદાર ગાથા.



તા. ૨/૧૨/૦૯, બુધવાર :
- કલ્પેશ દલાલ કૃત જુદા જુદા પ્રદેશોનાં લોક નૃત્યો.
- ઉમા વંદનાના કાર્યક્રમો.
- ૧૦૦૦ દિવા ની મહા આરતી.
- ભવ્ય આતશબાજી.



રંગા રંગ કાર્યક્રમ થયા મહોત્સવની શાન... સાંસ્કૃતિક કાર્યક્રમ થકી થયુ સંસ્કાર સિંચન...
નથી શક્ય વર્ણન વાતોમાં, એ રંગીલી રાતોનું...


realpatidar.com









realpatidar.com

સરભરા કમિટી

ચેરમેન : શ્રી ખોડાભાઈ શંકરલાલ પટેલ
વાઈસ ચેરમેન : શ્રી ગટોરભાઈ કાનજીભાઈ પટેલ
કો. ઓર્ડિનેટર : શ્રી હંસરાજભાઈ દેવજીભાઈ ધોળું

કમિટી સભ્યો-૫૦
મા ઉમાના સ્વયંસેવકો ૬૦







- આધુનિક સગવડ સાથેના ત્રણ વી.આઈ.પી. કક્ષ, એક વી.વી.આઈ.પી કક્ષ
- ગુજરાત સરકારના પ્રધાનો, ધારાસભ્યો તથા વિદેશથી પધારેલ એન.આર.આઈ. અને મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર થી પધારેલ ૩૦૦ થી ૩૫૦ સન્માનનીય શ્રેષ્ઠીઓનું સ્વાગત.
- ૪૦,૦૦૦ - ૫૦,૦૦૦ સન્માનનીય વ્યક્તિઓનું ફુલોની કલગી તથા ચા-પાણી નાસ્તાથી સ્વાગત.



જમીન સંપાદન કમિટી

કમિટી સભ્યો-૫૧

ચેરમેન : શ્રી મહેન્દ્રભાઈ રેવાભાઈ પટેલ
વાઈસ ચેરમેન : શ્રી દશરથભાઈ બેચરદાસ પટેલ
શ્રી ગોપાલભાઈ નાથાલાલ પટેલ
કો. ઓર્ડિનેટર : શ્રી રમેશભાઈ માધવલાલ પટેલ
શ્રી જશવંતભાઈ ભગવાનદાસ પટેલ.

અથાગ પ્રયત્નોથી ૬૦૦ એકર જમીન શ્રી ઉમીયા નગર માટે સમથળ બનાવી મહોત્સવ માટે તૈયાર કરી આપી



- ૮૫ % ખેડૂતોએ વળતર લીધા સિવાય બે સીઝનના પાકનો ભોગ આપી મહોત્સવ રંગેચંગે ઉજવવા માટે જમીનની સોંપણી કરી.
- તમામ ખેડૂતો પાસેથી સંમતી પત્રો લઈને જમીનની માપણી કરીને જમીનનો કબજો લીધો.
- મહોત્સવ પછી ફરીથી માઈક્રોલેવલ (કોમ્પ્યુટરાઈઝ્ડ) પધ્ધતીથી જમીનની માપણી કરીને ખેડૂતોને તેમની જમીનો પરત કરી.
- જમીન સંપાદન અને સોંપણીની કઠીન કામગીરીને પોતાની સુઝબુઝથી ખુબજ સરળતાથી પુરી કરી જે માટે કમિટી ચેરમેન તથા સભ્યોને અભિનંદન આપીએ તેટલા ઓછા છે.



મંડપ ડેકોરેશન કમિટી

ચેરમેન : શ્રી મનુભાઈ કેશવલાલ પટેલ
વાઈસ ચેરમેન : શ્રી મનુભાઈ નાથાલાલ પટેલ
કો. ઓર્ડિનેટર : શ્રી અમિતભાઈ મણીલાલ પટેલ

કમિટી સભ્યો - ૮૫
સહાયક એન્જીનીયર - ૧૧



મેઈનગેટ :- ૨૦૦ ફૂટ લંબાઈવાળો કલાત્મક મેઈનગેટ બનાવવામાં આવ્યો તથા બીજા ૪ ગેટ ૧૫૦ ફુટના બનાવવામાં આવ્યા જે ઉમિયા નગરમાં પ્રવેશતાની સાથે ભવ્યતાનાં દર્શન કરાવતા.

- મંડપ ડેકોરેશન કમિટીના કામની શરૂઆત તા. ૨૬-૦૫-૨૦૦૯ ના "ઐતિહાસિક ઉછામણી" ના દિવસથી શરૂ થઈ.
- મહોત્સવ માટે ૬૦૦ એકરમાં ઉમિયા નગર ઊભુ કરવા માટે મંડપ ડેકોરેશન કમિટીના ચેરમેન મનુભાઈ કે. પટેલ અને પ્રોજેક્ટ ચેરમેનશ્રી મહેન્દ્ર પટેલ અને તેમની ટીમે ઘણી મહેનત કરીને ટેન્ડર તૈયાર કર્યુ અને સમગ્ર ઉમિયા નગરનું ટેન્ડર નેગોશિએશન કરીને લલ્લુજી એન્ડ સન્સ, અમદાવાદને આપ્યું. જે કંપની અને મંડપ ડેકોરેશન કમિટી પાસે ફક્ત ૪૦ થી ૫૦ દિવસમાં આવડુ મોટુ ઉમિયા નગર ઉભુ કરવાની પડકારરૂપ જવાબદારી આવી પડી. જે પડકારને રાત દિવસ એક કરી સારી રીતે પૂર્ણ કરી.
  રસ્તાઓ :- ૧૫૦ ફુટ પહોળાઈના રેડ કાર્પેટ રસ્તાઓ, તેની બંને બાજુ લાઈટીંગ, ફુલ છોડ અને સાઈન બોર્ડ તથા
  શ્રી ઉમિયાનગરમાં ૮ સર્કલ ઉપર ૮ ફુવારાઓ.



મધ્યસ્થ કાર્યાલય :- દરેક કમિટી પોતાના કાર્યનું સારી રીતે સંચાલન કરી શકે તે માટે દરેકને ૧૫ x ૨૦ ના રૂમની વ્યવસ્થા મધ્યસ્થ કાર્યાલયમાં આપી જેમાં ટેલીફોન, કોમ્પ્યુટરની આધુનિક સગવડો.



VIP તથા VVIP કક્ષ :- ૬૦૦ ચોરસ મીટરમાં VIP કક્ષ તથા ૫૦૦ ચોરસ મીટરમાં VVIP કક્ષ તમામ આધુનિક સગવડો સાથે પ્લાયવુડમાં બનાવવામાં આવ્યો જેમાં પ્લાઝમા ટી.વી., એરકંડીશન, અદ્યતન કેમેરા મુકવામાં આવ્યા.



યજ્ઞમંડપ :- ૩૦૦ ચોરસ મીટરમાં લોખંડના ઉપયોગ સિવાય નીલગીરીના લાકડામાંથી બનાવેલ યજ્ઞમંડપ જેની ચારે બાજુ ચાલવાની વ્યવસ્થા માટે પેવર બ્લોકથી રસ્તા બનાવ્યા.
પાઠશાળા :- બ્રાહ્મણો સહસ્ત્રચંડી પાઠ કરી શકે તે માટે અલગ વાંસની સાદડીથી ભવ્ય પાઠશાળાનો મંડપ બનાવ્યો.
પેવેલીયન :- યજ્ઞ મંડપની બાજુમાં બેસીને લોકો યજ્ઞના દર્શન કરી શકે તે માટે ઊંચાઈવાળું પેવેલીયન.
ધૂનમંડપ :- સતત ૨૪ કલાક શ્રી ઉમિયા માતાજીની ધૂન થઈ શકે તે માટેનો મંડપ.



[illegible] ચોરસ મીટરમાં પતરાના ઊંચાઈવાળા શેડ જેમાં ભોજન બનાવવા માટેના ૩૨ પાકા ચુલા, માલ સ્ટોરેજ માટેના હોલ, રસોડામાં કામ કરતા લોકો માટે સગવડો સાથેના ૩૦ ટેન્ટ બનાવવામાં આવ્યા.
ડાઈનીંગ હોલ :- ૩૨૫૦૦ ચોરસ મીટર માં જમવા માટેના ૧૪ મોટા ડાઈનીંગ હોલ બનાવ્યા જેમાં એક કલાકમાં ૭૦૦૦૦ માણસો એક સાથે જમી શકે.
વૉસએરીયા :- ૧૦૦૦ ચો.મી. માં ત્રણ પાકા R.C.C. કામ અને ગટર વ્યવસ્થા કરેલા વાસણો સાફ કરવા માટેનો વૉસ એરીયા.

૩૦૦૦ ચોરસ મીટરમાં રાઉન્ડ ટેબલ - ખુરશી વાળો ભવ્ય કલાત્મક VIP ડાઈનીંગ હોલ બનાવવામાં આવ્યો.





શ્રી ઉમિયા માતાજીનું મંદિર : ૨૫ ફૂટ ઊંચાઈવાળું નીજ મંદિરની આબેહૂબ પ્રતિકૃતિ જેવું કલાત્મક મંદિર જેના ગર્ભગૃહમાં પ્લાઝમા ટી.વી. દ્વારા શ્રી ઉમિયા માતાજીના નિજ મંદિરના લાઈવ દર્શન.



શ્રી ઉમિયા માતાજીની મુર્તિ :- મુખ્ય પ્રવેશ દ્વાર પછી પૃથ્વીના ગોળા ઉપર નંદીની સવારીવાળી ભવ્ય કલાત્મક અને ૩૦ ફૂટ ઊંચાઈવાળી શ્રી ઉમિયા માતાજીની મૂર્તિ સમગ્ર મહોત્સવની શોભામાં અભિવૃધ્ધી કરતી.



બલડ ડોનેશન હોલ :- ૨૫૦ પથારીવાળો સંપૂર્ણ સગવડો સાથેનો હોલ




ફુડ કોર્ટ :- ચાર દિશામાં ચાર મોટા બ્રાન્ડેડ ફુડ કોર્ટ બનાવવામાં આવ્યા, દરેક ફુડ કોર્ટમાં ૧૦૦ સ્ટોલ હતા.



અદ્યતન હોસ્પિટલ :- ૨૦ બેડની સંપૂર્ણ વ્યવસ્થાવાળી હોસ્પિટલ તથા ઉમિયા નગરમાં ૭ ફસ્ટ એઈડ કાઉન્ટર્સ.



પાર્કિંગ વ્યવસ્થા :- ૧૫૦ એકર જમીનમાં સંપૂર્ણ સગવડો સાથેની પાર્કિંગ વ્યવસ્થા.



સાંસ્કૃતિક પ્રદર્શન :- ૩૦૦૦ ચો.મી. માં ગામડું, પાટીદાર રહેણી કરણી, ઉત્સવો, ૧૦૦ વર્ષના ઈતિહાસની ફોટોગેલેરી તથા ૨૦૦૦ યાત્રીકો બેસીને પાટીદાર અતીતની ફીલ્મ વિશાળ LED TV પર જોઈ શકે તેવો હોલ.




સેમિનાર હોલ :- ઔદ્યોગિક, વાણિજ્ય, શૈક્ષણિક અને કૃષિને લગતા સેમીનાર માટે સેન્ટ્રલી એરકન્ડીશન વાળા ૩ હોલ જેમાં તમામ આધુનિક સગવડો ઉપલબ્ધ.



ડ્રીપ ઈરીગેશન :- ૧૦૦૦૦ ચો.મી. ના એરીયામાં લાઈવ ડ્રીપ ઈરીગેશન સીસ્ટમનું પ્રદર્શન અને તેને લગતા સ્ટોર્સ.



ઔદ્યોગિક વિભાગ : ૧૫૦૦૦ ચો.મી. માં આધુનીક ટેકનોલોજી સાથેના સેન્ટ્રલી એરકન્ડિશન્ડ વાળા ત્રણ મોટા ડોમ જેમાં વિવિધ કંપનીઓના સ્ટોર્સ.
કૃષિ પ્રદર્શન : ૧૨૦૦૦ ચો.મી. માં કૃષિ યુનિવર્સિટીઓ અને પ્રાઈવેટ કૃષિ પેદાશને લગતી કંપનીઓના સ્ટોર્સ.



સાંસ્કૃતિક કાર્યક્રમો :-
એક સાથે ૨૦૦ કલાકારો પોતાની કલા રજુ કરી શકે તે માટે ૧૨૦ X ૭૦ ફુટનું અને ત્રણ સ્ટેપની ઊંચાઈ ધરાવતું સ્ટેજ.



ક્રાફ્ટ માર્કેટ :-
૧૫૦૦ ચોરસ મીટરમાં વિશાળ ખુલ્લી જગ્યા સાથે સૌરાષ્ટ્ર, કચ્છ, ડાંગ વગેરે સંસ્કૃતિના કારીગરોએ બનાવેલ હસ્તકલાની વસ્તુઓના ૨૦૦ સ્ટોલ.

સ્વયંસેવક કક્ષ : સ્વયંસેવકોને આરામ કરવા માટે ૧૦૦૦ ચોરસમીટરનો ગાદલાં - ખુરશીઓ વાળો આરામકક્ષ બનાવવામાં આવ્યો જેમાં LED TV ની વ્યવસ્થા



આરામકક્ષ :- LED TV ની વ્યવસ્થા સાથે ૨૦૦૦ ચોરસ મીટરમાં ભક્તો માટેનો સંપૂર્ણ સુવિધાઓ સાથેનો આરામકક્ષ




મીડિયા રૂમ:-
પત્રકારોની સગવડો માટે ૬૦૦ સ્કવેર મીટરમાં મીડિયા રૂમ બનાવવામાં આવ્યો. જેમાં કોમ્પ્યુટર તથા પ્રિન્ટરની સગવડો આપવામાં આવી.



બાળનગરી :
૪૦૦૦૦ ચો.મી. માં ૩૨ રાઈડ્સ અને ૨૦૦ સ્ટોલ ધરાવતી બાળનગરી
જેમાં ઉમિયા નગરની તમામ ગતીવિધી નિહાળી શકાય તેવી મોટી LED TV સ્ક્રિન




realpatidar.com
શ્રી ઉમિયા નગરનો એરિયલ વ્યુ
realpatidar.com
૧૧૮



સલામતી બંદોબસ્ત કમિટી

ચેરમેન : શ્રી હસમુખભાઈ અમરતલાલ પટેલ
વાઈસ ચેરમેન : શ્રી મુકુન્દભાઈ રમણલાલ પટેલ
કો. ઓર્ડિનેટર : શ્રી જગદીશભાઈ પ્રાણલાલ પટેલ


કમિટી સભ્યો-૫૫
મા ઉમાના સ્વયંસેવકો-૧૯૦૦
પ્રાઈવેટ સીક્યુરીટી-૨૦૦

સ્વયંસેવકોના દરેક ગ્રુપના લીડરને ઝડપી માહિતીની આપ-લે માટે વોકી ટોકી ની સુવિધા.
શ્રી ઉમિયા નગર તથા પાર્કીંગમાં કુલ ૩૨ જગ્યાએ C.C. કેમેરા.
ચાર દિશામાં ચાર ફાયર ફાઈટર સ્ટેશનો



વ્યવસ્થાની ચર્ચા કરતા ગ્રામ સેવા સંકલન અને સલામતી બંદોબસ્તના સભ્યો





પોલીસ વૉચ માટે શ્રી ઉમિયા નગરમાં ૨૫ ફુટ ઊંચાઈ વાળા ૮ વૉચ ટાવર્સ.



સલામતી બંદોબસ્તની વ્યવસ્થાના રૂટ

સમગ્ર ઉમિયા નગર તેમજ
ઉનાવા ગામથી - રોડેશ્વર મહાદેવ મક્તુપુર હાઈવે સુધી
ઊંઝા બસ સ્ટેશન હાઈવેથી - વૃધ્ધાશ્રમ પાટણ રોડ સુધી
ગોળાઈ ફાટકથી - વૈજનાથ મહાદેવ કેવલેશ્વર મહાદેવ સુધી
શ્રી ઉમિયા માતાજીના મંદિરથી - ગાંધી ચોક - મેઈન ફાટક સુધી
ભરતનગર ફાટક - દુધલીની દેશ - જી.એલ. હાઈસ્કુલ - માતાજીના પરિસર સુધી

સીક્યુરીટી માટે કુલ ૧૨ પોલીસ સમીયાણા બનાવવામાં આવ્યા.
ગુજરાત સરકારના ગૃહ ખાતા તરફથી સલામતી બંદોબસ્ત માટે સુંદર સહકાર મળેલ.

સલામતી બંદોબસ્ત કમિટીના યુવાન સ્વયંસેવકોએ ઉપરના તમામ રસ્તાઓ ઉપર ૨૪ કલાક અવિરત અભિનંદનને લાયક સેવા રાત દિવસ જોયા વગર બજાવી જેના લીધે અભૂતપૂર્વ માનવ મહેરામણ ને કોઈ જ અગવડ ના પડી અને તેમની મા ઉમાના દર્શન અને ઉમિયા નગરની ભક્તિભાવ પૂર્વકની મુલાકાત યાદગાર અને સરળ બની.



સાંસ્કૃતિક પ્રદર્શન કમિટી

ચેરમેન : ડૉ. અમૃતલાલ પરષોત્તમદાસ પટેલ
વાઈસ ચેરમેન : શ્રી દિપકભાઈ માધવલાલ પટેલ
કો. ઓર્ડિનેટર : શ્રી મહેશભાઈ મણીલાલ પટેલ

પાટીદાર જીવનના અતિતને ઉજાગર કરતું સાંસ્કૃતિક પ્રદર્શન "અતિત ગૌરવ"

કમિટી સભ્યો - ૯
મા ઉમાના સ્વયંસેવકો - ૩૫૦
સ્વયંસેવકો : ઊંઝા, સુણોક, ડાભી, રણછોડપુરા



પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરતા માન. મંત્રીશ્રી આનંદીબેન પટેલ





- માંડલ તાલુકાના ૧૬ ગામો તથા સુણોક, પલાસર, પીંઢારપુરા, મકતુપુર ગામના લોકોએ પાટીદાર ગૌરવ ગાથા - પાટીદાર સાંસ્કૃતિક ફિલ્મના શુટીંગમાં સહકાર આપ્યો.
- ભરતકામના નમૂનાઓ કે જેની કિંમત આશરે ૧૦,૦૦,૦૦૦ લાખ થાય તે નમૂના લોકોએ મહોત્સવ માટે ભેટમાં આપ્યા.
- હિતવિજયરૂચીજી મહારાજ સાહેબે એક ગાડાની કિંમત આશરે ૬૦,૦૦૦ થાય તેવા ૭-ગાડાં ભડથ મુકામે બનાવીને મહોત્સવના પ્રદર્શન માટે ખાસ મોકલાવ્યાં.



મહોત્સવ દરમિયાન આશરે ૩૫,૦૦,૦૦૦ લોકોએ પ્રદર્શન જોવાનો લાભ લીધો.
જે માટે ૧ થી ૧.૫ કિલોમીટર લાંબી લાઈન લાગતી.



પાટીદાર સાંસ્કૃતિક પ્રદર્શન પાંચ ભાગમાં :

- શ્રી ઉમિયા માતાજી અને કડવા પાટીદારોની ઉત્પત્તિ.
- પાટીદાર ગ્રામીણ જીવન.
- પાટીદાર કૃષિ જીવન.
- પાટીદાર ફોટો ગેલેરી
  - (A) પાટીદાર સમાજ જીવન
  - (B) પાટીદાર રાજવી ગેલેરી
  - (C) પાટીદાર ઉત્સવો
  - (D) ૧૮મી શતાબ્દી મહોત્સવ અને જુના મંદિરના ફોટોગ્રાફ
- પાટીદાર સાંસ્કૃતિક ફિલ્મ




રાજા અવનીપત દ્વારા યોજાયેલ શ્રી ઉમિયા માતાજીના મહોત્સવનું દ્રશ્ય











કુવાનું પાણી કોસ દ્વારા ખેતરમાં

ફોટો ગેલેરી














[illegible] પુતળાંની કથા :

ઓરીસ્સાથી ખાસ બોલાવવામાં આવેલા ૨૫ કારીગરોની ૭૦ દિવસની અથાગ મહેનત દ્વારા સુણોક મુકામે ફાઈબરનાં પુતળાં બનાવવામાં આવ્યાં. ધ્વની-પ્રકાશની લેટેસ્ટ ટેકનોલોજી દ્વારા કથા રજુ કરવામાં આવી.





પાટીદાર સંસ્કૃતિના પ્રતિકો



પ્રદર્શનની મજા માણતા માન. મંત્રીશ્રી આનંદીબેન પટેલ
અને સંસદસભ્ય શ્રીમતી જયશ્રીબેન પટેલ

સમગ્ર પ્રદર્શન અને પાટીદાર સાંસ્કૃતિક ફિલ્મ જોયા પછી દરેક પાટીદારને પોતાને પાટીદાર હોવાનું ગૌરવ થતું.



ઉતારા કમિટી

ચેરમેન : શ્રી નિતીનભાઈ નરોત્તમદાસ પટેલ
વાઈસ ચેરમેન : શ્રી રતીભાઈ બબાભાઈ પટેલ
કો.ઓર્ડિનેટર : શ્રી ઘનશ્યામભાઈ કાનજીભાઈ પટેલ

કમિટી સભ્યો - ૬૨
મા ઉમાના સ્વયંસેવકો : ૭૫૦

- દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર તરફથી આવતા યાત્રાળુઓ માટે ઉમિયા માતાજી કેમ્પસ, અમદાવાદમાં ઉતારાની સુંદર વ્યવસ્થા.
- કચ્છ તરફથી આવતા યાત્રાળુઓ માટે સિધ્ધપુર સ્વામીનારાયણ ગુરૂકુળ તથા મક્તુપુર રોટરી ચીલ્ડ્રન હોસ્પીટલ - રોટરી ભવનમાં ઉતારાની વ્યવસ્થા.
- મધ્યપ્રદેશ તરફથી આવતા યાત્રાળુઓ માટે ગણપત યુનિર્વસીટી, ખેરવા, વિસનગર સ્વામીનારાયણ ગુરૂકુલ, અંબાજી માતા મંદિર - કાંસા તેમજ વિસનગરની વિવિધ સંસ્થાઓ અને વાડીઓમાં ઉતારાની વ્યવસ્થા.
- મહેસાણા જીલ્લામાં આવેલાં તમામ પાટીદાર સંકુલો ઉપરાંત ઉનાવા મુસ્લીમ સમાજ દ્વારા તમામ ગેસ્ટ હાઉસો અને મહેસાણા જૈન સીમંધર મંદિરનું ગેસ્ટ હાઉસ યાત્રાળુઓની સેવા માટે સદા તત્પર રહેતા.
- ઊંઝા નગરમાં ઉતારાની વ્યવસ્થા માટે APMC માર્કેટની તમામ દુકાનો, જી.મ.કન્યા વિદ્યાલય, કે.એલ., જી.એલ. હાઈસ્કૂલ, સરસ્વતી શીશુમંદિર, અં.શી. પટેલ સ્કૂલ, કેવલેશ્વર મહાદેવ ઊંઝામાં ઉતારાની સુંદર વ્યવસ્થા જ્યાં ગરમ પાણી અને ચાની ઉત્તમ વ્યવસ્થા.
- યજમાન શ્રીઓ માટે મારૂતિનંદન સોસાયટી - પાટણ રોડ, ખાતે ૩૦ બંગલાઓમાં ઉતારાની વ્યવસ્થા.





- ઊંઝામાં તથા સમગ્ર ઉમિયા નગરમાં ૬૦૦ મોબાઈલ ટોઈલેટની વ્યવસ્થા.
- ઉતારાની વ્યવસ્થા માટે ૨૫૦૦૦ ગાદલાં, રજાઈ અને ઓશીકાનો સેટ રાજકોટ થી ખાસ લાવવામાં આવ્યો.
- વિવિધ ઉતારાઓમાં રોજના ૬૦૦૦૦ યાત્રીકો રાત્રી રોકાણનો લાભ લેતા જેમનો કીંમતી સામાન સાચવવા માટે APMC માર્કેટ ઊંઝામાં ૨૪ કલાકની લોકર વ્યવસ્થા ઉભી કરવામાં આવી.





અબાલ હોય કે વૃધ્ધ સૌને લાગ્યો ભક્તિનો રંગ...

વિવિધ ઉતારાઓમાં રોજના હજારો યાત્રીકો રાત્રી રોકાણનો લાભ લેતા, આટલી મોટી સંખ્યા હોવા છતાં ઊંઝા નગરમાં ક્યાંય ગંદકી જોવા મળેલ નહીં જેનો યશ ઉતારા કમિટી, યાત્રીકો અને સફાઈ સ્વચ્છતા કમિટીને જાય છે.



પ્રસાદ કમિટી

ચેરમેન : શ્રી બાબુલાલ ગણેશદાસ પટેલ
વાઈસ ચેરમેન : શ્રી બાબુલાલ શિવરામદાસ પટેલ
કો.ઓર્ડિનેટર : શ્રી ચીમનભાઈ વિઠ્ઠલદાસ પટેલ

કમિટી સભ્યો - ૯૦
મા ઉમાના સ્વયંસેવકો-૪૦૦

સેવાર્થે સત્ કાર્યમાં - ત્યજી સ્વાર્થ સ્વકાર્યનો
મગ્ન બની મા-બહેનો મા ઉમિયાની સેવામાં



મહોત્સવના પ્રસાદ માટે મગદળના લાડુ બનાવવા માટે ઊંઝા નગરની મહિલાઓએ મહોત્સવ પહેલાં ૧૦ દિવસથી ઉત્સાહભેર સેવા પુરી પાડી.











મહોત્સવ માટેની વિવિધ પ્રસાદો :-

- શ્રી ઉમિયા માતાજી મંદિરમાં કાજુદ્રાક્ષ, રેવડી, સાકર, સીંગદાણાની પ્રસાદ - ૧૫,૦૦,૦૦૦ પેકેટ
- શ્રી ઉમિયા નગરમાં બુરૂ ખાંડ, અને કોપરાની પ્રસાદ - ૨૫,૦૦૦ કીલો.
- ભેટ કાઉન્ટર ઉપર આપવા માટે મગદળના લાડુની પ્રસાદ - ૪,૦૦,૦૦૦ પેકેટ.



દર્શનાર્થે આવનાર તમામ ભક્તોને પ્રસાદ મળી રહે તેવી ઉત્તમ વ્યવસ્થા પ્રસાદ કમિટી દ્વારા પ્રસાદ વિતરણ કેન્દ્રો બનાવીને કરવામાં આવી હતી.




વાહન વ્યવહાર અને પાર્કિંગ કમિટી

ચેરમેન : શ્રી કસ્તુરભાઈ વિઠ્ઠલદાસ પટેલ
વાઈસ ચેરમેન : શ્રી બાબુલાલ નાથાલાલ પટેલ
કો.ઓર્ડિનેટર : શ્રી સોમાભાઈ વિઠ્ઠલદાસ પટેલ

કમિટી સભ્યો - ૬૨
મા ઉમાના સ્વયંસેવકો : ૪૯૬

ઊંઝા તથા શ્રી ઉમિયા નગરમાં વન-વે પાર્કિંગ વ્યવસ્થા










- શ્રી ઉમિયા નગરની ફરતે ૮૦ ફુટના રીંગરોડ ઉપર ૧૫૦ એકરમાં ૧૪ પાર્કિંગ પ્લોટ
- પાર્કિંગ ક્ષમતા એક સમયે : નાની કાર - ૩૦,૦૦૦, ટુ વ્હીલર - ૨૫,૦૦૦, લકઝરીબસ - ૮૦૦, ટ્રેકટર-ટ્રક - ૧૦૦૦, સંઘના રથ - ૧૫૦
- V.I.P. પાર્કિંગ, લકઝરી બસોનું પાર્કિંગ તથા માતાજીના સંઘના રથ માટેનાં પાર્કિંગની અલાયદી વ્યવસ્થા.
- ચાર દિશાઓમાં જુદા જુદા સ્થળે ૪ એસ.ટી. સ્ટેન્ડ.










- દરેક પાર્કિંગ ઝોનમાં પાણી - ટ્રોઈલેટ - બાથરૂમની સગવડ તથા બેસવા માટે અલાયદી રૂમ વ્યવસ્થા.
- ગાયત્રી માઈકેન પ્રા. લી. ખળી ચાર રસ્તા તરફથી ૨૦ ટન મારબલ પાવડર ફ્રી
- ૩ ક્રેન સતત પાંચ દિવસ દરમ્યાન - ભૂપેન્દ્ર ક્રેન સર્વિસ, જય માતાજી ક્રેન સર્વિસ, શ્રી શક્તિ ક્રેન સર્વિસ મહેસાણા તરફથી.
- કોઈ પણ વાહનને પંચર પડે અથવા ફોલ્ટ થાય તો હરતુ - ફરતુ ગેરેજ અને મોબાઈલ વાન જેનો લાભ ૩૦૦ વ્યક્તિઓએ લીધેલો.
- ટ્રાફીક વ્યવસ્થા માટે અમદાવાદ-પાલનપુર હાઈ-વે ને પ્રથમ વખત મહેસાણાથી સિધ્ધપુર સુધી ભારે વાહનો માટે બાયપાસ કરવામાં આવ્યો.



ચા-પાણી વ્યવસ્થા કમિટી

ચેરમેન : શ્રી જયંતિભાઈ સોમાભાઈ પટેલ
વાઈસ ચેરમેન : શ્રી રમેશભાઈ સોમાભાઈ પટેલ
કો.ઓર્ડિનેટર : શ્રી જીવરામભાઈ નારાયણદાસ પટેલ

કમિટી સભ્યો - ૫૫
મા ઉમાના સ્વયંસેવકો : ભાઈઓ-૪૩૬
બહેનો-૧૪૭




ગરમા ગરમ ચાની ચુસ્કી લઈ રહેલા મહોત્સવના કન્વીનરશ્રી મણીભાઈ મમ્મી તથા સહમંત્રી શ્રી અંબાલાલભાઈ ચારી



ચાના સ્ટોલની મુલાકાતે મહોત્સવના ચેરમેનશ્રી નારાયણકાકા

- ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯ શરૂ થવાના એક મહિના પહેલાંથી શ્રી ઉમિયા માતાજી પરીસરમાં સતત એક મહિના સુધી કાર્યકરો માટે વિના મૂલ્યે ચાની વ્યવસ્થા.
- ઐતિહાસીક ઉછામણી વખતે ૯૦૦૦ વ્યક્તિઓ માટે વરીયાળીનો ઠંડો શરબત જેમાં, ૧૨૦ કિલો વરીયાળી અને ૪૬૫ લીટર શરબતનો વપરાશ.
- જીવરાજ ચા, સુરત, તરફથી ૧૫,૦૦,૦૦૦ લાખ ચાના કપ તથા ચાની ભૂકી - ૨૫૦૦ કિલો, પ્રભાતની ચા તરફથી ચાની ભૂકી - ૧૧૦૦ કીલો
- ચાનો મસાલો : ક્રિષ્ના માડમ, અમદાવાદ તરફથી
- ગરમા ગરમ ચા લોકોને પહોંચાડી શકાય તે માટે ૧૫ લીટરના ૧૫૪ થરમોસ ચા માટે, ૫ લીટરના ૨૦ નાના થરમોસ કોફી માટે તથા ૧૦૦ કીટલી
- સમગ્ર મહોત્સવ દરમ્યાન : ૭૫૦૦૦ લીટર દૂધ, ૧૧૦૦૦ કીલો ખાંડ, ૨૦૦ કીલો ચાનો મસાલો, ૨૯,૦૦,૦૦૦ લાખ ચાના કપ નો વપરાશ થયો. ઊંઝા આજુબાજુના ગામોના લોકો તરફથી રોજ છુટક દૂધ વિનામૂલ્યે મળેલ.
- લીહોડા ગામના સ્વયંસેવકો એ ચા ના સ્ટોલ ઉપરથી ચા લઈને બંદોબસ્ત, ઉતારા, પાર્કીંગમાં રહેલા સ્વયંસેવકોને સતત ૨૪ કલાક ચાની સેવા પુરી પાડી.
- આ સમગ્ર કામગીરીમાં વાસણો તથા સ્ટોરેજ માટે ઉનાવા દેશની વાડી, સંસ્કાર ભવન વાડી, આગીયાવીર ભાંખર, ગોગામહારાજ દાસજ, સચ્ચીદાનંદ આશ્રમ પાટણ રોડ, ઉમિયા માતા દેશની વાડી તરફથી સેવાઓ મળેલી.





મહોત્સવ દરમિયાન ઉમિયાનગરમાં - ૫ સ્ટોલ, ગંજબજારમાં - ૧ સ્ટોલ, ઉમિયા માતાજી પ્લોટમાં - ૧ સ્ટોલ દ્વારા સતત ૨૪ કલાક વિના મૂલ્યે તેમજ અમુક સ્ટોલ ઉપર પાઈપ લાઈન દ્વારા ગરમા ગરમ ચાની સગવડ ભાવિક ભક્તોને પુરી પાડવામાં આવી.



વિદ્યુત - વ્યવસ્થા કમિટી

ચેરમેન : શ્રી ડાહ્યાભાઈ પિતામ્બરદાસ પટેલ


વાઈસ ચેરમેન : શ્રી કાન્તિભાઈ જીવરામદાસ પટેલ

કો.ઓર્ડિનેટર : શ્રી ડાહ્યાભાઈ શિવરામદાસ પટેલ

કમિટી સભ્યો - ૪૦


મા ઉમાના સ્વયંસેવકો : ૩૦૦

શ્રી ઉમિયા માતાજી મંદિર, શ્રી ઉમિયા નગર અને ઊંઝા નગરને સતત પાંચ દિવસ ઝળહળતુ રાખવા માટેનો સઘળો યશ UGVCL નો તમામ કર્મચારીગણ, વિદ્યુત વ્યવસ્થા કમિટીના સભ્યોની સુઝ અને આયોજનને ફાળે જાય છે.



★ શ્રી ઉમિયા માતાજી મંદિરની અદ્‌ભૂત અને નયનરમ્ય લાઈટીંગ વ્યવસ્થા

- ૯૦૦૦૦ બલ્બવાળી નેવાર લાઈટ
- ૪૫૦૦૦ બલ્બવાળી ઝાલર
- ૧૦૦૦૦૦ બલ્બવાળી સીરીઝ
- ૨૫૦ નંગ ઝુમ્મર
- ૭૫ નંગ - પારલાઈટ - ભીમલાઈટ ૧૦૦૦ વોટ X ૧ નંગ
- ૩૦૦ હાંડી ગ્લોબ
- ૧૦૦ નંગ હેલોજન
- ૨૫ કલર મેટલ લાઈટ
- ૩૦૦૦ નંગ કલર ડેકોરેશન બલ્બ
- ૧૦૦૦ મીટર રોપ લાઈટ


realpatidar.com
realpatidar.com


- ★ ઊંઝા નગરને ઝળહળતુ રાખવા માટે ૫૬૦૦ KVA ના વધારાના લોડ માટે ૧૯ નવાં DP ભાડે લાવીને G.E.B. દ્વારા ઉભાં કરવામાં આવ્યાં.
- ★ ઉમિયા નગરની લાઈટીંગ સિસ્ટમ માટે ૫૦૦૦ KVA નો લોડ લઈ શકાય તેવાં પાંચ જનરેટર મુકવામાં આવ્યાં.
- ★ ઈમરજન્સી માટે ૨૫૦ KVA નું એક એવા ૧૨ જનરરેટર મુકવામાં આવ્યાં.
- ★ ઔદ્યોગિક - કૃષિ સ્ટોલના A.C. ડોમ માટે ૩ જનરરેટર ૪૦૦૦ KVA નાં.
- ★ ઊંઝા નગરને ડેકોરેટ કરવા માટે ૨૫ KVA નાં ૧૬ નંગ થ્રી ફેઝ મીટર GEB દ્વારા લગાવવામાં આવ્યા.
- ★ ૧૮ મી શતાબ્દી રજત જયંતિ મહોત્સવ - ૨૦૦૯ ના પાંચ દિવસ દરમ્યાન ૪૫૦૦૦ લીટર ડીઝલનો વપરાશ થયો.
- ★ ઊંઝા શહેરની અંદર અને બહાર ઉપયોગી રસ્તાઓ ઉપર સળંગ લાઈટીંગ સીરીઝ અને ટ્યુબલાઈટની લાઈનો જેની કુલ લંબાઈ ૨૫ થી ૩૦ કિલોમીટરની થાય જેના લાઈટીંગ માટે ૩૭ જનરરેટરથી પાવર સપ્લાય કરવામાં આવ્યો.



















★ શ્રી [illegible] નગરની લાઈટીંગ વ્યવસ્થા

- ૧૨૦૦ નંગ ૪૦૦ વોલ્ટની મેટલ લાઈટ
- ૮૦૦ નંગ ૫૦૦ વોટ સાદા હેલોજન
- ૫૦૦ નંગ ૧૦૦૦ વોટ હેલોજન
- ૫૦૦૦ નંગ ટ્યુબલાઈટ
- ૨૦૦૦ નંગ સીલીંગ ફેન
- ૧૦૦ નંગ પેડસ્ટલ ફેન
- ૫૦૦ નંગ સ્પોટ લાઈટ







★ ઊંઝા નગરની લાઈટીંગ વ્યવસ્થા

- ૨૫૩૦૦૦ બલ્બવાળી લાઈટીંગ સીરીઝ
- ૩૫૦૦૦ ટ્યુબ લાઈટ
- ૧૦૦૦ મેટલ લાઈટ
- ૪૦૦૦ ફુટ LED સીરીઝ
- ૮૫૦ નંગ ડેકોરેશન લેમ્પ
- ૨૬૨ સીલીંગ ફેન - ઉતારા માટે





પાણી પુરવઠા કમિટી

ચેરમેન : શ્રી ભગવાનભાઈ રણછોડદાસ પટેલ
વાઈસ ચેરમેન : શ્રી શૈલેષભાઈ રણછોડદાસ પટેલ
કો.ઓર્ડિનેટર : શ્રી અમરતભાઈ કાશીરામદાસ પટેલ


કમિટી સભ્યો - ૯૧
મા ઉમાના સ્વયંસેવકો - ૧૨૫

- મહોત્સવ દરમિયાન ૨,૭૦,૬૦,૦૦૦ લીટર પાણીનો વપરાશ.
- શ્રી ઉમિયા નગરમાં ૨૪ કલાક પાણીની વ્યવસ્થા માટે ધરોઈ કેનાલમાંથી કરવામાં આવી.
- ગુજરાત પાણી-પુરવઠા બોર્ડ તરફથી ૭૨૦૦ ફુટ પાણીની પાઈપો સેવા માટે મળી.


સિન્ટેક્ષ ઈન્ડસ્ટ્રીઝ - કલોલ તરફથી પીવાના પાણીની ટાંકીઓ જેની કેપેસીટી ૧૦,૦૦,૦૦૦ લીટર પાણીની.
શ્રી ઉમિયા નગરમાં ૧૪ અને ઊંઝા નગરમાં ૧૦ પીવાના પાણીનાં સ્ટેન્ડ તથા ૩૪ પાણીનાં ટેન્કર પાણીના સપ્લાય તથા છંટકાવ માટે કાર્યરત.









- WaTech R.O. System Private Ltd. તરફથી ૧ કલાકના ૧૦,૦૦૦ લીટર કેપેસીટીવાળો શુધ્ધ પીવાના પાણીનો શુધ્ધીકરણ પ્લાન્ટ.



- R.O. પ્લાન્ટ માં શુધ્ધ પાણીની ગુણવત્તા જળવાય તે માટે ગુજરાત પાણી પુરવઠા બોર્ડ તરફથી નિષ્ણાતોની ટીમ સતત ૨૪ કલાક હાજર.

- ઉન્નતિ ઈન્ડસ્ટ્રીઝ અમદાવાદ, અવધૂત ઈન્ડ. વિસનગર તરફથી સબમર્શિબલ પમ્પ સેવા માટે મળ્યા.
- મહોત્સવ દરમિયાન ૨૦ લીટરના મીનરલ પાણીના ૧૮૫૦૦ કેરબાનો તથા ૭૬૮૦૦ એક લીટરની મિનરલ પાણીની બોટલનો વપરાશ.
- આ સમગ્ર સિસ્ટમ સતત ચાલતી રહે તે માટે ૩૦ પ્લમ્બર્સ ખડે પગે સેવામાં.



સફાઈ-સ્વચ્છતા-સેનિટેશન કમિટી

ચેરમેન : શ્રી મફતલાલ કીશોરદાસ પટેલ
વાઈસ ચેરમેન : શ્રી રાજેન્દ્રભાઈ જીવરામદાસ પટેલ
કો.ઓર્ડિનેટર : શ્રી ગણપતભાઈ નરોત્તમદાસ પટેલ

કમિટી સભ્યો - ૫૫
મા ઉમાના સ્વયંસેવકો - ભાઈઓ - ૫૫
બહેનો - ૬૦
સફાઈ કામદારો - ૭૦૦
સફાઈ કામદારો કોન્ટ્રાક્ટથી - ૧૫૦
સફાઈ કામદારો મહેસાણા નગરપાલીકાના - ૭૫





સમગ્ર સફાઈ સ્વચ્છતા અભિયાન ઊંઝા નગરપાલિકાના સહયોગથી આયોજન બધ્ધ રીતે થયું.
સમગ્ર ઊંઝા નગરના ૩૦ ઝોન પાડીને ઊંઝા નગરમાં પ્રથમ વખત અભૂતપૂર્વ સફાઈ અભિયાન જેમાં રોજના ૨૫૦ ટન કચરાનો નિકાલ કરાયો.

શ્રી ઉમિયા નગરમાં રોજના 1 MLD પાણીના વપરાશ અને વેસ્ટ પાણીના નિકાલ માટે ૧૫૦ x ૧૫૦ ફુટ નું તળાવ ઊભુ કર્યું. જેમાં ૨૦ HP વાળા ૨ પમ્પથી પમ્પીંગ સ્ટેશન ઊભુ કરવામાં આવ્યું વેસ્ટના નિકાલ માટે ૧૨ હજાર લીટરની કેપેસીટીવાળાં ૪ ટેન્કરોની સતત સેવા લેવામાં આવી. તથા ૧૫૦૦ મીટરની પાઈપ લાઈન દ્વારા વૈજ્ઞાનિક ઢબે લીક્વીડ કચરાના નિકાલની સુંદર વ્યવસ્થા કરવામાં આવી.



સફાઈના શપથ લેતા વાલ્મિકી સમાજના ભાઈ-બહેનો



- શ્રી ઉમિયાનગર તથા ઊંઝામાં હંગામી ૧૦૦૦ ટોઈલેટની વ્યવસ્થા તથા ૯ મોબાઈલ ટોઈલેટ અમદાવાદ કોર્પોરેશનના સહયોગથી જેની સ્વચ્છતા જાળવવા માટે દિવસમાં ત્રણવાર સફાઈ કરવામાં આવતી
- મહોત્સવના પાંચ દિવસ દરમ્યાન સ્વચ્છતા માટે સામગ્રીનો વપરાશ.

  TCL પાવડર - ૧૨૫૦૦ કીલો

  ગેમેક્ષીન પાવડર - ૫૦૦૦ કીલો

  ફીનાઈલ - ૧૦૦૦ લીટર
- સફાઈનાં સાધનો :-

  પાવડા - ૩૦૦ નંગ, ટોકર - ૩૦૦ નંગ, બાંગરા - ૩૦૦૦ નંગ, બ્રશ - ૨૦૦ નંગ, ડસ્ટબીન - ૫૦૦ નંગ, ડ્રમ- ૨૦૦ નંગ દંતાલી - ૫૦ નંગ
- ઊંઝા નજીકની મહેસાણા, કડી, વિસનગર, ખેરાલુ, વિજાપુર, સિધ્ધપુર નગરપાલિકામાંથી ૧૨ - ફાયર ફાઈટર, ૪ - વેક્યુમએમ્ટીયર, ૬ - પાણીનાં ટેન્કર, ૨ - રોડ સ્વીપર ની સેવા મળેલ.

આ ઉપરાંત ઊંઝા નગરપાલિકા સ્ટાફ અને વાલ્મિકી સમાજના ભાઈ - બહેનોએ આ મહોત્સવને પોતાનો સમજીને દિવસ - રાત જોયા વગર કરેલી કામગીરીને ભુલી શકાય તેમ નથી.




શ્રી ઉમા બાળનગરી કમિટી

ચેરમેન : શ્રી કૃષ્ણચન્દ્ર ભોગીલાલ પટેલ
વાઈસ ચેરમેન : શ્રી જશવંતભાઈ બાબુલાલ પટેલ
શ્રી રમેશભાઈ શંકરલાલ પટેલ
કો. ઓર્ડિનેટર : શ્રી ભરતભાઈ નારાયણદાસ પટેલ
શ્રી મનુભાઈ હરગોવનદાસ પટેલ

કમિટી સભ્યો-૩૫
મા ઉમાના સ્વયંસેવકો-૩૮૦

અધુરુ સ્વપ્ન



ઘટોત્કચની વિશિષ્ટ રાઈડ જે અનીવાર્ય સંજોગોને કારણે અધુરી રહી.

- ૨૦ એકર જમીન માં પથરાયેલી શ્રી ઉમા બાળનગરી.
- નાના બાળકો અને યુવાનોના મનોરંજન માટે અવનવી ૪૨ એમ્યુઝમેન્ટ રાઈડ્સ.
- વિવિધ નાની ચીજ વસ્તુઓના ૨૦૦ કરતાં પણ વધારે સ્ટોલ.
- તમામ રાઈડ્સમાં થઈને ૧ કલાકમાં ૧૨૦૦૦ વ્યક્તિઓ મનોરંજન મેળવતી દિવસ દરમ્યાન ૧૫ કલાક માં ૧,૮૦,૦૦૦ વ્યક્તિઓ મનોરંજન મેળવતી.
- મહેસાણા જીલ્લામાં પ્રથમ વખત જોવા મળેલી અવનવી રાઈડ્સ
- મહોત્સવ દરમિયાન ૭,૫૦,૦૦૦ માણસોએ એમ્યુઝમેન્ટ રાઈડ્સનો ઉપયોગ કરી આંનદ ઉલ્લાસ કર્યો.





વિવિધ સ્ટોલ્સમાં ખરીદી અને નિદર્શન કરી રહેલા દર્શનાર્થીઓ




શ્રી ઉમા બાળનગરીનું ઉદ્‌ઘાટન કરી રહેલ માન. શિક્ષણમંત્રીશ્રી રમણલાલ વોરા



અવનવી રાઈડ્સ







દિ:ગ્મુઢ બની નિહાળી રહેલ ગામઠી ભક્તજનો







કૃષિ-ઔદ્યોગિક-વાણિજ્ય સ્ટોલ કમિટી

ચેરમેન : શ્રી અરવિંદભાઈ સોમાભાઈ પટેલ
વાઈસ ચેરમેન : શ્રી જયેશભાઈ જયંતિલાલ પટેલ
કો.ઓર્ડિનેટર : શ્રી કુલદીપભાઈ જયંતીલાલ પટેલ

કમિટી સભ્યો - ૫૩
મા ઉમાના સ્વયંસેવકો - ૨૫૦

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવમાં પધારેલ ભાવીક ભક્તો મા ઉમાના પાવન દર્શન અને સહસ્ત્રચંડી મહાયજ્ઞના દર્શન ઉપરાંત પણ મહોત્સવમાંથી કંઈક મેળવીને જાય તેવા શુભ આશયથી ઔદ્યોગિક-કૃષિને લગતા વિવિધ સ્ટોલ તથા સેમીનારોનું આયોજન કરવામાં આવ્યું.

- સ્ટોલ માટે પાંચ સેન્ટ્રલી એરકન્ડીશન ડોમ, ૧ ડોમની સાઈઝ ૩૨ X ૨૮ મીટર
- ટોટલ સ્ટોલ :
  ઔદ્યોગિક - ૧૨૫, કૃષિ - ૬૦, ગવર્નમેન્ટ - ૮, G.G.R.C. - ૨૫, Index-C (હેન્ડીકાફ્ટ) - ૨૦૦, ઓપનસ્પેસ - ૫
- મહોત્સવના પાંચ દિવસ દરમ્યાન ૩૦,૦૦,૦૦૦ લાખ ભાવિક ભક્તોએ વિવિધ સ્ટોલની મુલાકાત લીધી.
  તમામ સ્ટોલ સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ સુધી ખુલ્લા રહેતા





કૃષિ સ્ટોલનું ઉદ્દઘાટન કરતા માન. મંત્રીશ્રી દીલીપભાઈ સંઘાણી



ઔદ્યોગિક સ્ટોલનું ઉદ્દઘાટન કરતા માન. મંત્રીશ્રી સોરભ દલાલ







ઔદ્યોગિક સ્ટોલ્સની મુલાકાતે મહોત્સવના પ્રોજેક્ટ ચેરમેન શ્રી મહેન્દ્ર એસ. પટેલ









- ઔદ્યોગિક સ્ટોલમાં : ગોદરેજ ગણેશ ગ્રુપ, નિરમા લી., રિધ્ધી સિધ્ધી ગ્રુપ, ગેલેક્સી ગ્રુપ, સુરત બિલ્ડર્સ એસોસિએશન, અમદાવાદના ખ્યાતનામ જ્વેલર્સ વિગેરે.
- સરકાર શ્રી તરફથી :
  સરદાર સરોવર નર્મદા નિગમ (S.S.N.L.), GIDC, GSFC, GUVNL + GEDA, ટુરીઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લી. (TCGL) વિગેરે.
- ઓપન એરીયામાં : Tata Motors. Toyota Motors, L.G.Electronics, John Deer & Tafe Tractor etc.



ટપક સિંચાઇ પદ્ધતિથી ખેતીનું
લાઇવ ડેમોન્સ્ટ્રેશન નિહાળી રહેલ મંત્રીશ્રીઓ



ટપક સિંચાઈ પદ્ધતિથી ખેતી કરવાના સંકલ્પ પત્રો ભરતા મહોત્સવના ચેરમેન શ્રી નારાયણકાકા સાથે માન. મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી, માન. મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ, માન. મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ



ટપક સિંચાઈ પદ્ધતિથી ખેતીનું લાઇવ ડેમોન્સ્ટ્રેશન



ટપક સિંચાઈ પદ્ધતિના અભ્યાસ માટે ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કોર્પોરેશન ના ૨૫ સ્ટોલ.

ટપક સિંચાઈ પદ્ધતિથી ખેતી કરવા માટે મહોત્સવ દરમ્યાન ૧,૦૦,૦૦૦ ખેડૂતોએ સંકલ્પ પત્રો ભર્યા.





શૈક્ષણિક, કૃષિ, બિઝનેસ પરિસંવાદ

■ **શૈક્ષણિક પરિસંવાદ**

- સેન્ટ્રલી એરકંડિશન્ડ એવો ૪૦૦ બેઠકનો "એકલવ્ય" હોલ.
- મહોત્સવના પાંચ દિવસ દરમ્યાન ૨૩ પરીસંવાદ યોજાયા.
- કુલ ૮૮૦૦ વિદ્યાર્થીઓએ શૈક્ષણિક પરિસંવાદનો લાભ લીધો.

જેના ટ્રેઈનર્સ તરીકે
સ્પિપાના જોઈન્ટ ડાયરેક્ટરશ્રી જશવંત એમ. આચાર્ય, સ્પિપાના ભૂતપૂર્વ જોઈન્ટ ડાયરેક્ટરશ્રી સતીષ પટેલ, પંચમહાલ જીલ્લા કલેક્ટર શ્રી ધવલ પટેલ, શ્રી ભાનુભાઈ મહેતા, જી.ટી.યુ.ના વાઈસ ચાન્સેલર શ્રી એમ.એન. પટેલ, ગણપત યુનિવર્સીટીના વાઈસ ચાન્સેલર શ્રી પી.આઈ. પટેલ નિરમા યુનિવર્સીટીના શ્રી એન.વી વસાણી, ડો. જીતેન્દ્ર અઢીયા, શ્રી તેજલ લોઉલ, શ્રી સંદીપ કામદાર, ઓલ ઈન્ડીયા રેડીયો માંથી શ્રી હરેશ પંડ્યા, જય વસાવડા, વિખ્યાત માઈન્ડ પાવર ટ્રેઈનર શ્રીમતી ભાવિકા વાંચુ-રિજીયોનલ ડાયરેક્ટર, એન.એસ.ઈ.

■ **કૃષિ પરીસંવાદ**

- સેન્ટ્રલી એરકંડિશન્ડ એવો ૪૦૦ બેઠકના "ભૂમિપુત્ર" હોલ.
- પાંચ દિવસ દરમ્યાન ૯૦૦૦ ખેડૂતોએ લાભ લીધો.
- સરદાર નગર કૃષિ યુનિવર્સિટીના ડો. બી.એમ.પટેલ, ડો. સોની સાહેબ,

જુનાગઢ, જગુદણ, આંણદ, નવસારી કૃષિ યુનિવર્સિટી
સિમલા (હિમાચલ પ્રદેશ) થી ડો. એસ. કે. પાન્ડે દ્વારા બટાકા ખેતી,
સોલાપુર થી ડો. રામચંન્દ્ર, પુનાથી ડો. પી.જે.અડસુલે જેવા તજજ્ઞો દ્વારા પશુપાલન, સિંચાઈ, ઢોરની સારસંભાર વૈજ્ઞાનીક ઢબે ખેતી વગેરે વિષયોનું માર્ગદર્શન.

■ **બિઝનેસ પરિસંવાદ**

- સેન્ટ્રલી એરકંડિશન્ડ એવો ૨૫૦ બેઠકનો "કર્મવીર" હોલ.
- આશરે ૩૦૦૦ વેપારી મિત્રોએ લાભ લીધો.
- જુદા જુદા તજજ્ઞો અને ગુજરાત સરકારના અધિકારીશ્રીઓ દ્વારા સુંદર માર્ગદર્શન.
- સમગ્ર કાર્યક્રમમાં ટ્રેઈનર્સ, વક્તાઓની ગોઠવણીમાં મુકેશ કે પટેલ (ડાયરેક્ટર, NEC) ના સહકારથી કામગીરી સરળ બની.
- સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન તુષાર શાહ, હર્ષદ મોદી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યુ.

માહિતી - પુછપરછ કમિટી

ચેરમેન : શ્રી ભૂપેન્દ્રભાઈ નટવરલાલ પટેલ
વાઈસ ચેરમેન : શ્રી ભરતભાઈ દેવચંદદાસ પટેલ
કો. ઓર્ડિનેટર : શ્રી જયેશભાઈ નટવરલાલ પટેલ

કમિટી સભ્યો - ૪૫
મા ઉમાના સ્વયંસેવકો - ૬૦૦







- શ્રી ઉમિયા નગરમાં દરેક ભાવિક ભક્તોને સરળતાથી સમગ્ર મહોત્સવની માહિતી અને મુશ્કેલીના સમયમાં જરૂરી સંપર્કો મળી રહે તે માટે "માર્ગદર્શિકા" બનાવી જે દરેક માહિતી કેન્દ્રો ઉપરથી આપવામાં આવતી.
- ઊંઝા શહેર, શ્રી ઉમિયા નગર, પાર્કિંગ વગેરે જગ્યાએ કુલ ૧૫ પુછપરછ કેન્દ્રા.
- ૨ કંટ્રોલ રૂમ જેમાં લાઈવ ટી.વી., ટેલીફોન, વાયરલેસ, વૉકીટૉકી જેવી સગવડો.
- આ ઉપરાંત ઊંઝા નગરને જોડતા દરેક રસ્તા ઉપર ૨૪ કલાક માહિતી પુછપરછ કેન્દ્રો બહારથી આવેલા યાત્રિકોની સગવડ માટે ચાલુ રહેતા. જેમાં ઊંઝા બસ સ્ટેશન, ગંજબજાર, ગાંધીચોક, શ્રી ઉમિયા માતાજી પ્લોટ, શ્રી ઉમિયા માતાજી મંદિર, હિરામણી પાર્ટી પ્લોટ - વૈજનાથ રોડ, ઐઠોર ગામ, મક્તુપુર હાઈવે, સ્વામી સચ્ચિદાનંદ વૃધ્ધાશ્રમ, પાટણ રોડ વગેરે સ્થળોના માહિતી પુછપરછ કેન્દ્રોનો સમાવેશ થાય છે.
- ઊંઝાથી ૨૦ કિલોમીટર સુધી દરેક દિશામાં મહોત્સવની માહિતી આપતાં હોર્ડિંગ દર - ૫ કિલોમીટરના અંતરે લગાવ્યાં.



ગ્રામસેવા સંકલન કમિટી

ચેરમેન : શ્રી જયપ્રકાશ કાશીરામ પટેલ
વાઈસ ચેરમેન : શ્રી મુકેશકુમાર માધવલાલ પટેલ
કો. ઓર્ડિનેટર : શ્રી પ્રવીણભાઈ અંબાલાલ પટેલ

કમિટી સભ્યો-૪૦
મા ઉમાના સ્વયંસેવકો-૨૫૦૦



- ઊંઝા તાલુકાના ૩૫ ગામોના સ્વયંસેવકોએ નિઃસ્વાર્થ સેવા બજાવી તદ્ ઉપરાંત
  - વડનગર તાલુકાના - સુંઢીયા, બાબીપુરા, જાસ્કા
  - વિસનગર તાલુકાના - દેણપ,જેતલવાસણા, બોકરવાડા, તરભ, ગણેશપુરા.
  - સિધ્ધપુર તાલુકાના - બિલિયા, ચંડાલજ, ખળી.
  - પાટણ તાલુકાના - વિસલવાસણા
- રસોડામાં સીંહી, સુરજનગર, ડાભી, સુણોક, કામલી વગેરે ગામની મહીલાઓ તથા સ્વયંસેવકોની કામગીરી પ્રશંસનીય હતી
- ઊંઝા નગરના તથા ઊંઝા નગરને જોડતા તમામ રસ્તાઓ ઉપર ૨૪ કલાક ટ્રાફિક વ્યવસ્થા માટે ખડેપગે કામગીરી બજાવી.



ગ્રામસેવા સંકલન કમિટીની પ્રશંસનીય કામગીરી બદલ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન તરફથી ગ્રામસેવા સંકલનના તમામ સ્વયંસેવકો વતી સન્માન સ્વીકારતા કમિટીના હોદ્દેદારશ્રીઓ.

મેડિકલ સેવા કમિટી

ચેરમેન : ડૉ. અમૃતભાઈ જે. પટેલ
વાઈસ ચેરમેન : શ્રી ભરતભાઈ એસ. પટેલ
કો. ઓર્ડિનેટર : શ્રી રાકેશ જે. પટેલ



માન. આરોગ્ય મંત્રી શ્રી જયનારાયણ વ્યાસ ના વરદ્ હસ્તે ઉદ્ઘાટન

ડોક્ટર્સ :-

- ઊંઝા, સિધ્ધપુર, પાટણ મેડિકલ એસોસિએશનના ૧૩૦ ડોક્ટર્સ
- સંજીવની સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ અમદાવાદ-૩૦ ડોક્ટર્સ
- ઊંઝાના ૧૧૦ કેમિસ્ટ
- સરકાર દ્વારા નિયુક્ત થયેલ ડોક્ટર્સ, નર્સિંગ તથા પેરામેડીકલ સ્ટાફ

સ્વયંસેવક સહયોગ :-

- ઈનરવ્હીલ ક્લબ - ઊંઝા
- લાયોનેસ ક્લબ - ઊંઝા
- પાટીદાર યુવા સંગઠન - અમદાવાદ
- સદ્ભાવના ચેરીટેબલ ટ્રસ્ટ - મહેસાણા





મહોત્સવ ચેરમેનશ્રી નારાયણકાકા ઉમિયા નગર હોસ્પિટલની મુલાકાતે



ઊંઝા નગરની અંદર :-

- ઐઠોર ચોકડી ખાતે ૧૨ બેડની હોસ્પીટલ ૨૪ કલાક
- એપોલો હોસ્પીટલ ની ICU વાન + ૧ એમ્બ્યુલન્સ
- કોટેજ હોસ્પિટલ ઊંઝા ખાતે ૬૦ બેડની વ્યવસ્થા
- ગવર્નમેન્ટ દ્વારા સ્વાઈન ફ્લુ માટે ૨ થર્મલ ડીટેક્ટર
- ગાંધીચોક કણાદ ક્લીનીક ખાતે પ્રાથમિક સારવાર કેન્દ્ર
- શ્રી ઉમિયા માતાજી ચોક ખાતે ડૉ. જગદીશ પટેલ ના દવાખાને પ્રાથમિક સારવાર કેન્દ્ર

શ્રી ઉમિયા નગર ખાતે :-

- ૨૦ બેડની હોસ્પિટલ
- ૭ પ્રાથમિક સારવાર કેન્દ્ર
- સંજીવની સુપર સ્પેશ્યાલીટી ની ICU વાન + ૨ એમ્બ્યુલન્સ વાન
- પાલનપુરની એમ્બ્યુલન્સ તથા ગોકુલ હોસ્પિટલ સિધ્ધપુરની ૧ એમ્બ્યુલન્સ
- ચાર ૧૦૮ એમ્બ્યુલન્સ
- ચાર મોબાઈલ મેડિકલ સારવાર વાન

realpatidar.com



મહોત્સવ દરમિયાન - ૬૭૦૭૦ દર્દીઓની તપાસ તથા સારવાર - ૫૫૦ ઈન્ડોર દર્દી







મહા રક્તદાન શિબિર

રક્તદાન સમિતિ
ચેરમેન : ડૉ. બાબુભાઈ જે. પટેલ
વાઈસ ચેરમેન : ડૉ. મુકુંદભાઈ બી. પટેલ



- શ્રી ઉમિયા નગર ખાતે રક્તદાન માટે ૧૦૫' x ૨૪૦' ફૂટ નો મંડપ
- બ્લડ ડોનેશન માટે ૨૫૦ પલંગની વ્યવસ્થા કરવામાં આવી.
- ગુજરાત ની 30 બ્લડ બેંકે ભાગ લીધો.
- લાઈટ, પંખા, ટ્યુબસીલર તથા બ્લડ કલેક્શન મોનીટર માટે પ્લગ પોઈન્ટ, રજીસ્ટ્રેશન ટેબલ, ડોનરની તપાસ તથા Hb % ચકાસણી માટે ટેબલ, ૪ ડીપફ્રીઝ, કુલન્ટ આઈસપેક રાખવા માટે ૬૦૦ આઈસ પેક ની વ્યવસ્થા કરવામાં આવી.
- આમંત્રિત બ્લડ બેંકો ના મેડીકલ ઓફિસર અને ટેપીંગ ટેકનિશિયન ઉપરાંત સંસ્થા તરફથી ૧૦ ડોક્ટર્સ અને ૧૬ ટેકનિશિયનની વ્યવસ્થા કરવામાં આવી.
- રક્તદાન શિબિરની સાથે ૧૨ બેડની હોસ્પીટલ તથા ICU વાનની સગવડ કરવામાં આવી કે જે બ્લડ ડોનર્સને કોઈ તકલીફ થાય તો તાત્કાલિક સારવાર માટે ઉપલબ્ધ હતી.
- FDA ની માન્યતા પ્રાપ્ત તથા ગુજ. સ્ટેટ બ્લડ ટ્રાન્સફ્યુજન કાઉન્સીલ દ્વારા આઉટડોર કેમ્પની પરમીશન વાળી બ્લડ બેંકને જ આ કામગીરીમાં ભાગ લેવા નક્કી કરેલ.









ગુજરાતની વિવિધ બ્લડ બંકોને આપવામાં આવેલ બ્લડ યુનિટ

તા. ૨૮-૧૧-૨૦૦૯
(૧) પેટલાદ રેડક્રોસ - ૧૫૧
(૨) હેલ્પ વોલન્ટરી બ્લડ બેંક અમદાવાદ - ૧૧૧
(૩) સરદાર સેવા ટ્રસ્ટ બ્લડ બેંક ઊંઝા - ૮૦
(૪) ભણસાલી બ્લડ બેંક ડીસા - ૧૬૨
(૫) ભણસાલી બ્લડ બેંક રાધનપુર - ૧૨૨
(૬) કેન્સર હોસ્પિટલ અમદાવાદ - ૨૫૬
(૭) અમદાવાદ રેડક્રોસ - ૨૦૦
(૮) અમદાવાદ સિવિલ હોસ્પિટલ - ૧૫૪
(૯) પ્રથમા બ્લડ બેંક અમદાવાદ - ૩૩૧
કુલ - ૧૫૬૭

તા. ૨૯-૧૧-૨૦૦૯
(૧) અમદાવાદ સિવિલ હોસ્પિટલ - ૩૨૧
(૨) અમદાવાદ કેન્સર હોસ્પિટલ - ૩૦૩
(૩) અમદાવાદ કીડની હોસ્પિટલ - ૩૦૫
(૪) લોક સમર્પણ બ્લડ બેંક સુરત - ૩૧૫
(૫) લાયન્સ બ્લડ બેંક ખંભાત - ૧૦૦
(૬) રેડક્રોસ નવસારી - ૧૪૫
(૭) રેડક્રોસ હિમતનગર - ૫૦૮
(૮) જલારામ બ્લડ બેંક વડોદરા - ૧૧૦
(૯) પાટણ એસ.કે. બ્લડ બેંક - ૧૦૦
(૧૦) પ્રથમા બ્લડ બેંક અમદાવાદ - ૫૩૪
કુલ - ૨૭૪૧

તા. ૩૦-૧૧-૨૦૦૯
(૧) અમદાવાદ સિવિલ હોસ્પિટલ - ૨૬૭
(૨) અમદાવાદ રેડક્રોસ - ૩૫૮
(૩) સુરક્તમ બ્લડ બેંક વડોદરા - ૪૦૦
(૪) રેડક્રોસ કપડવંજ - ૧૫૩
(૫) પેથાણી બ્લડ બેંક પાલનપુર - ૨૩૧
(૬) રળીયાતી બ્લડ બેંક દાહોદ - ૧૦૫
(૭) વિસનગર બ્લડ બેંક - ૧૭૫
(૮) પ્રથમા બ્લડ બેંક અમદાવાદ - ૪૩૬
(૯) વી.એસ. બ્લડ બેંક અમદાવાદ - ૩૦૩
કુલ - ૨૪૨૮

તા. ૦૧-૧૨-૨૦૦૯
(૧) મહેસાણા જેસીસ બ્લડ બેંક - ૭૨૯
(૨) ભાવનગર બ્લડ બેંક - ૨૬૦
(૩) ગોધરા રેડક્રોસ - ૫૧૫
(૪) મહેસાણા સિવિલ હોસ્પિટલ - ૧૦૫
(૫) કલોલ રેડક્રોસ - ૨૦૨
(૬) પ્રથમા બ્લડ બેંક અમદાવાદ - ૬૦૫
કુલ - ૨૪૧૬

તા. ૦૨-૧૨-૨૦૦૯
(૧) માણસા IMA બ્લડ બેંક - ૧૨૦
(૨) પ્રથમા બ્લડ બેંક અમદાવાદ - ૪૪૩
(૩) દાહોદ રેડક્રોસ - ૩૪૨
(૪) અમદાવાદ સિવિલ હોસ્પિટલ - ૫૧૫
(૫) સાણંદ રેડક્રોસ - ૩૧૫
(૬) અમદાવાદ કેન્સર હોસ્પિટલ - ૩૯૭
(૭) અમદાવાદ રેડક્રોસ - ૫૦૩
કુલ - ૨૪૪૫

કુલ
(૧) ૨૮-૧૧-૨૦૦૯ - ૧૫૬૭
(૨) ૨૯-૧૧-૨૦૦૯ - ૨૭૪૧
(૩) ૩૦-૧૧-૨૦૦૯ - ૨૪૨૮
(૪) ૦૧-૧૨-૨૦૦૯ - ૨૪૧૬
(૫) ૦૨-૧૨-૨૦૦૯ - ૨૪૪૫

કુલ ૧૧૬૯૭ બ્લડ યુનિટ કલેક્શન
કુલ ૩૦ બ્લડ બેંક

હેલીકોપ્ટર પુષ્પવર્ષા કમિટી

કમિટી સભ્યો - ૮









- મા ઉમિયાના આ મહોત્સવમાં પધારેલ યાત્રિક સહસ્ત્રચંડી મહાયજ્ઞ અને મા ઉમિયાના મંદિર ઉપર પુષ્પવર્ષા કરી શકે તેવા શુભ આશયથી આ અનોખો કાર્યક્રમ યોજવામાં આવ્યો.
- સવારે ૯.૦૦ થી સાંજે ૫.૦૦ કલાક સુધી હેલિકોપ્ટર દ્વારા ૧૨ મિનીટમાં એક ચક્કર લગાવવામાં આવતું જેનો ૫૦૦ જેટલા યાત્રિકોએ લાભ મેળવી ધન્યતા અનુભવી.
- હેલિકોપ્ટરમાંથી મંદિર અને યજ્ઞ મંડપ ઉપરની પુષ્પવર્ષા એ આ મહોત્સવમાં યાદગાર પીંછા રૂપી કાર્ય આવક અને સેવાના માધ્યમ દ્વારા બજાવ્યું છે.

યજ્ઞ સ્થળ અને શ્રી ઉમિયા માતાજી મંદિર ઉપર દરરોજ સૌ પ્રથમ પુષ્પ વર્ષા કરવા માટેની ઉછામણીનો લાભ લેનાર ભાવિક ભક્તો તા. ૨૯-૧૧-૨૦૦૯ શ્રી જીતુભાઈ પટેલ, શ્રી ઋષિકેશભાઈ પટેલ (તિરૂપતી સર્જન ગ્રૂપ)
તા. ૩૦-૧૧-૨૦૦૯ શ્રી બિપીનભાઈ ભગવાનદાસ પટેલ ઊંઝા (તિરૂપતી ડેવલપમેન્ટ (યુગાન્ડા) લી.)
તા. ૧-૧૨-૨૦૦૯ શ્રી અરવિંદભાઈ ભવાનીશંકર મહેતા (માજી પૂજારીશ્રી ઉમિયા માતાજી મંદિર)
તા. ૨-૧૨-૨૦૦૯ શ્રી ગોવિંદભાઈ (વરમોરા ગ્રૂપ મોરબી), યજ્ઞ પૂર્ણાહુતી પુષ્પ વર્ષા : શ્રી ડી.ડી. પટેલ અમદાવાદ.



સોવેનિયર કમિટી

ચેરમેન : શ્રી કૌશીકભાઈ ગોવિંદભાઈ પટેલ
વાઈસ ચેરમેન : શ્રી આનંદભાઈ સોમાભાઈ પટેલ
વાઈસ ચેરમેન : શ્રી આતિશકુમાર અમૃતલાલ પટેલ
કો. ઓર્ડિનેટર : શ્રી હિતેશકુમાર હરગોવનભાઈ પટેલ

કમિટી સભ્ય : ૨૬

૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવની તૈયારીઓ પુરજોશમાં ચાલુ હતી તે દરમ્યાન સમગ્ર ગુજરાતની એ.પી.એમ.સી. માર્કેટો, સહકારી બેન્કો, વિવિધ મંડળીઓ, પ્રાઈવેટ કંપનીઓ ના સંચાલકોએ મહોત્સવના ચેરમેન, પ્રોજેકટ ચેરમેન અને નાણાં કમિટીના ચેરમેન ને મા ઉમિયાના ૩૩ વર્ષે ઉજવાતા ભવ્યાતિભવ્ય મહોત્સવમાં પોતાની સંસ્થાનો સહકાર આપવાની ઈચ્છા દર્શાવી. તેમની વિનંતીને ધ્યાનમાં રાખીને જાહેરાત સ્વરૂપે તેમને મા ઉમિયાની સેવા કરવાની તક આપવામાં આવી અને આ વિચારમાંથી પ્રસંગનું એક સોવેનિયર બનાવવું તેવું નક્કી કરવામાં આવ્યું . અને આ વિચારને પરીપૂર્ણ કરવા માટે મહોત્સવના દોઢ મહિના પહેલાં સોવેનિયર કમિટીની રચના કરવામાં આવી.

ખૂબજ ટુંકા ગાળામાં સોવેનિયર કમિટી દ્વારા સમગ્ર ગુજરાતના સહકારી માળખામાંથી જાહેરાત સ્વરૂપે દાન સ્વીકારવામાં આવ્યું. મહોત્સવના ચેરમેન શ્રી નારાયણકાકા, પ્રોજેક્ટ ચેરમેન શ્રી મહેન્દ્ર એસ. પટેલ, નાણાં કમિટીના ચેરમેન શ્રી વિષ્ણુભાઈ પટેલ, સરકારી સંકલન કમિટીના ચેરમેન શ્રી કાન્તિભાઈ પટેલ, સલામતી બંદોબસ્ત કમિટી ચેરમેન શ્રી હસમુખભાઈ પટેલ, ભોજન રસોડા કમિટીના કો. ઓર્ડિનેટરશ્રી પ્રહલાદભાઈ પટેલ વગેરેના સાથ અને સહકારથી સોવેનિયર માટે જાહેરાતો મેળવી શક્યા.

૧૮ મી શતાબ્દી રજત જંયતિ મહોત્સવની સોવેનિયર કમિટી સૌથી યુવા ટીમ હતી અને જાહેરાત સ્વરૂપે દાન મેળવવા ઉપરાંત મહોત્સવ પછી સોવેનિયરને સમગ્ર મહોત્સવનો આબેહુબ ચિતાર આપતું બનાવવાનો એક ભગીરથ પડકાર હતો. જે પડકારને પણ સોવેનિયર કમિટી બખુબી નિભાવી શકી છે જે આજે આપની સમક્ષ છે.

જગત જનની મા ઉમિયાની કૃપાદ્રષ્ટિથી સોવેનિયરમાં જાહેરાત સ્વરૂપે દાન આપનાર દાતાશ્રીઓ અને તમામ કમિટીઓના ચેરમેનશ્રી, વાઈસ ચેરમેન શ્રી, કો. ઓર્ડિનેટરશ્રી તથા મહોત્સવ સાથે સંકળાયેલા સ્વયંસેવકો ના પ્રેમ, હુંફ અને સહકાર ના અમો આભારી છીએ.



વૈશ્વિક ઉત્કર્ષના મહોત્સવધામ શ્રી ઉમિયાનગર ની આછેરી ઝલક




અમારી નજરથી કોઈ પ્રસંગ ના છુટે



તા. ૨૮-૧૧-૨૦૦૯ ના ઐતિહાસિક દિનની ખુશનુમા સવારે શ્રી ઉમિયા નગરનું લાખ્ખો કાર્યકરો અને મા ઉમા ભક્તોના ના જય ઘોષ સાથે ઉદ્‌ઘાટન કરતા શ્રી મુકેશભાઈ કેશવલાલ પટેલ (મુખ્ય સ્પોન્સરર : શ્રી ઉમિયા નગર)












જામી છે ભાઈ... ભારે ભીડ મહોત્સવના આંગણે








હળવી પળોમાં મહોત્સવના મહારથીઓ



પ્રોજેક્ટ ટીમ સાથે મહોત્સવના ચેરમેન શ્રી નારાયણકાકા





મોંઘેરા મહેમાનો



વિખુટા પડેલા પરિવારજનોનું મિલન સ્થળ

મહોત્સવનો આકાશી મુલાકાતી





થાક લાગ્યો... બેસો ઝાડને છાંયે





મહોત્સવની સ્મૃતિરૂપ ૧૧ હજાર ચાંદીના સિક્કાનું વેચાણ




અશક્તિ ના રોકી શકી માના દર્શનની ભાવનાને





બહુ કર્યું... મારા દિકરાઓએ



આ તો મહોત્સવ કે માનવ મહાસાગર



બેસો મંડપ નીચે




દુરથી દેખાય છે... મહોત્સવ સ્થળ...



રૂડા અવસરની રઢિયાળી રાત મા ક્યારેય નહીં વિસરાય






ભક્તિના રંગે રંગાઈ કલાકારની કલા




ક્યાં ક્યાં પહોંચે મારી નજર


ભઈલા ! આવું તો પાટીદાર જ કરી શકે...!!
કામ કરીને થાક્યા... ચાલો થોડો વિરામ લઈએ.





ઉત્તમ ઓલાદના પશુઓ



ચટપટુ ખાવાનું મન થયું... ચાલો ફુડકોર્ટમાં




સ્વયંભુ શિસ્તથી નિજ મંદિરના દર્શનાર્થે જતા દર્શનાર્થીઓ





અમે પણ કંઈ પાછળ નથી



ચાલો... આગળ વધો... ઘણું જોવાનું બાકી છે.

ભક્તિના રંગે રંગાયું મા ઉમિયાનું પરિસર





૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવને બેજોડ સફળતા અપાવનાર વિવિધ કમિટીના સુકાનીઓ



પ્રોજેક્ટ ચેરમેનશ્રીની ટીમનું સન્માન




શનાવડના ઠાકોર પ્રભાતસિંહ તરફથી મા ઉમિયાને
પાંચ કિલો ચાંદીની તલવાર અર્પણ કરવામાં આવી








એસ.ટી.ની ૧૨૦૨૫ ટ્રીપ
સાત લાખથી વધુ ભક્તોની આવન-જાવન.
એસ.ટી.ને આશરે રૂા. ૨.૬૦ કરોડની આવક.
realpatidar.com

વોકી-ટોકી સર્વિસ

(૧) ત્રણ સભ્યો અને ૧૨ સ્વયંસેવકો દ્વારા ૧૮મી શતાબ્દી રજત જ્યંતિ મહોત્સવ - ૨૦૦૯ માં વોકી - ટોકી સર્વિસની વ્યવસ્થા કરવામાં આવી.

(૨) ૨ - વાયરલેસ કંટ્રોલ રૂમ બનાવવામાં આવ્યા. (અ) શ્રી ઉમિયા નગર (બ) શ્રી ઉમિયા માતાજી મંદિર

(૩) ટોટલ ૧૦૦ વોકી-ટોકી સેટનો ઉપયોગ કરવામાં આવ્યો જેનો ઉપયોગ

- સલામતી બંદોબસ્ત કમિટી - દર્શન વ્યવસ્થા કમિટી - માહિતી પુછપરછ કમિટી
- ઉતારા કમિટી - પાણી પુરવઠા કમિટી - પાર્કિંગ કમીટીએ મહત્તમ ઉપયોગ કર્યો.

(૪) મોબાઈલ કંપનીઓએ મહોત્સવ માટે વધારાના હંગામી ટાવરો ઉભા કર્યા છતાં પણ મહોત્સવ દરમ્યાન મોબાઈલ નેટવર્ક વારંવાર જામ થઈ જવાથી વોકી-ટોકી સર્વિસ ખૂબજ ઉપયોગી સાબિત થઈ જેનાથી કમિટીઓનું એક બીજા સાથે કોમ્યુનીકેશન સરળતાથી થઈ શક્યું.

(બી.એસ.એન.એલ.ના ૩૦,૧૫,૧૬૫ કોલ એટેન્ડ થયા અને ૧૬.૯૫ ટકા કોલ ડ્રોપ થયા)

સભ્યો :- રાજેશભાઈ એચ. પટેલ, અમીતભાઈ એન. પટેલ, રમેશભાઈ એલ. પટેલ



રેલ્વે દ્વારા ૨.૭૦ લાખ ભક્તોની આવન-જાવન.

માનવ મહેરામણથી ઉભરાયું ઊંઝા રેલ્વે સ્ટેશન









મહેસાણાથી ઊંઝા પાટીદારોની વિરાટ ઐતિહાસિક પદયાત્રા

તા. ૨૨-૧૧-૨૦૦૯ના રોજ ૩૬૦૦ યુવાનો ૧૮૦૦ બાઈક ઉપર સવાર થઈને મા ઉમિયાની જય બોલાવતા રેલી સ્વરૂપે અમદાવાદથી ઊંઝા આવ્યા.
એ.પી.એમ.સી. ઉનાવામાં સભા યોજીને ઊંઝા મા ઉમાના દર્શને પધાર્યા.









તમે સુખી, સમૃધ્ધ અને આબાદ બનો, સર્વના પોષણકર્તા બનો અને સત્કાર્યોથી નામ અમર કરો એવા કુળદેવી મા ઉમિયાના આશીર્વાદ


નારી શક્તિ
વિશ્વ શક્તિ
યુવા શક્તિ
જ્ઞાન શક્તિ
એકતા શક્તિ
સંગઠન શક્તિ
સંકલ્પ શક્તિ
કર્મ શક્તિ
આવો
વિશ્વ શક્તિને
સમર્પિત થઈએ,
આવો
વિશ્વ સમૃદ્ધિના
પંથી બનીએ

મહાજાતિ પાટીદાર-૪

કણબી રાજા વ્રજપાલજીએ ઉમિયાજીનું મંદિર બંધાવ્યું

કણબીઓ પંજાબથી ગુજરાતમાં આવ્યા ત્યારે તેમના સૌથી મોટા દેવ તરીકે ભગવાન શંકરને માનતા હતા. ભગવાન શંકરનાં પત્નીનું નામ પાર્વતીજી હતું. પાર્વતીનાં અનેક સ્વરૂપ છે. (૧) પાર્વતીજી (૨) ગૌરી (૩) ઉમિયાજી (૪) અન્નપૂર્ણા (૫) શક્તિ... વગેરે.

પુરાણો પ્રમાણે ઉમિયાજી



ઉમિયામાતાનું મંદિર, ઊંઝા

મહાજાતિ પાટીદાર

રૂપાળી ગંગાને બચાવવા એ બ્રાહ્મણ કવિ વટલાયો

નાયક કોમની ઉત્પત્તિની આ કથા છે પટેલની પુત્રીની ઘટના સાથે સંકળાયેલી

મહાજાતિ પાટીદાર

પાવાગઢના પતન બાદ પટેલો અમદાવાદ આવ્યા

મહેમૂદ બેગડાના ચાંપાનેર આક્રમણ પછી કણબીઓ અમદાવાદ આવીને વસ્યા

આજથી શરૂ થાય છે
દેવેન્દ્ર પટેલની કલમે
ફ્લેશબેક
પાટીદારો વિશેનો સંશોધનાત્મક અહેવાલ...

મહાજાતિ પાટીદાર-૯

બે હજાર વર્ષ પૂર્વે ઊંઝા ભૂકંપથી નાશ પામ્યું હતું

મહાજાતિ પાટીદાર-૮

ઔરંગઝેબે પાટીદારોને જમીનના માલિક બનાવ્યા

એક જમાનામાં અડાલજમાં ઘીના ૭૦૦ કાંટાની ભારે જાહોજલાલી હતી

મહાજાતિ પાટીદાર-૨૨

ચીમનભાઈ પટેલ અખબાર ઉદ્યોગના અગ્રેસર બન્યા

પાટીદારોએ જે શક્તિશાળી ઉદ્યોગપતિઓ આપ્યા તેમાં 'સંદેશ' અખબારના માલિક અને તંત્રી શેઠશ્રી ચીમનભાઈ પટેલનું નામ અગ્રેસર છે.

'સંદેશ'ના આદ્યતંત્રી અને પૂર્વ મેનેજિંગ ડિરેક્ટર શેઠશ્રી ચીમનભાઈ પટેલનો જન્મ લેઉઆ પાટીદાર કુટુંબમાં ઈ.સ. ૧૯૧૮માં થયો હતો. તેમણે શરૂઆતનું શિક્ષણ વડોદરા ખાતેથી લીધું હતું. સરકારી નોકરીથી કારકિર્દીની શરૂઆત કરી હતી, પરંતુ થોડા જ વખતમાં તેમણે વેપાર-ધંધામાં ઝંપલાવ્યું હતું.

'સંદેશ'ના સુકાની

મહાજાતિ પાટીદાર-૬

હેમાળા પટેલ રાજમાતા મીનળદેવીના પિતા કેમ?

અસારવા પર હુમલો કર્યો, પરંતુ પાછળથી આશાભીલ કડવા પાટીદાર બની ગયો

મહાજાતિ પાટીદાર

ગવર્નરને બેસવાની ખુરશી લશ્કરીની હવેલીથી આવતી

અમદાવાદ શહેરમાં કાપડની બીજી મિલ નાખનાર શેઠ બેચરદાસ લશ્કરી હતા

મહાજાતિ પાટીદાર-૧૩

ઈરાનથી આવેલા પવિત્ર ...એસંતે વરસાદ વરસાવ્યો

મહાજાતિ પાટીદાર-૩

'મહેંદી તે વાવી માળવે' ગીતની રચના કેમ થઈ?

મહાજાતિ પાટીદાર-૭

લેઉઆ પાટીદારોની પહેલી મુખ્ય વસાહત - અડાલજ

સં. ૧૪૯૯માં રૂડાબાઈએ અડાલજની વાવ બંધાવી

ઊંઝાનું મૂળ નામ ઉમાપુર હતું અને માળવાના વ્રજપાલજીએ તેને વસાવ્યું

...મશાહના ચમત્કારથી પ્રભાવિત ...પટેલોએ પીરાણા પંથ સ્વીકાર્યો



મહાજાતિ પાટીદાર-૧૮
હું તો ઉમિયાજીને વધાવવા જઈશ
મારો સોના સરીખો સૂરજ ઉગિયો
આજથી શરૂ થાય છે
દેવેન્દ્ર પટેલની કલમે
ફ્લેશબેક
પાટીદારો વિશેનો સંશોધનાત્મક અહેવાલ...
મહાજાતિ પાટીદાર-૨૦
પાટડી, વિરમગામ, માંડલમાં
પાટીદાર રાજાઓ હતા
મહાજાતિ પાટીદાર-૧૭
ઊંઝાના પટેલોએ વનરાજ
ચાવડા સામે યુદ્ધ કર્યું હતું
પાટડી દરબારે લશ્કરી શેઠની મદદથી
ઘણા સામાજિક સુધારાઓ કરાવ્યા
પાટીદાર ગાથા-૨
ગુજરાતમાં 'પટેલ' શબ્દની
શરૂઆત કેવી રીતે થઈ ?
મહાજાતિ પાટીદાર-૨૧
પાટીદારોએ પ્રમુખ સ્વામી અને
મુક્તજીવન સ્વામી પણ આપ્યા
જે જમીન લોહીથી ગોઝારી થઈ
નારણદાસ પટેલે ગોઝારિયા વસ
મહાજાતિ પાટીદાર-૧૦
લશ્કરીની હવેલીનો વૈભવ
એક રજવાડા જેવો હતો
મહાજાતિ પાટીદાર-૧૪
આંજણા પાટીદારો એ
સહસ્ત્રાર્જુનના વંશજ છે
મહાજાતિ પાટીદાર-૧૬
આંજણાઓ રશિયાના
ઉઝબેકિસ્તાનથી આવ્યા
શેઠ અંબાઈદાસને 'હાથી'ના ઈલ્કાબ સાથે
વડસર ને ડીંગુચા ગામો ભેટ મળ્યાં હતાં
પન્નાલાલ પટેલ જેવા શ્રેષ્ઠ સાહિત્યકાર પણ આપ્યા
નંદુલાલ મંછારામે શેરબજારમાં ડંકો વગાડ્યો હતો
મહાજાતિ પાટીદાર-૧૯
એક જમાનામાં વરરાજાની
જાન ૨૭ દિવસ ધામા નાખતી
અનેક પત્નીઓ કરતા
મહાજાતિ પાટીદાર-૧૫
આંજણાઓનાં કુળદેવી
મા કાત્યાયની કોણ છે ?
પાટીદાર ગાથા-૧
કૂર્મી ક્ષત્રિયો લેઉઆ અને
કડવા તરીકે ઓળખાયા
બેબરઘાટના રસ્તે આર્યો પંજાબ આવી વસ્યા હતા
ટલાક પાટીદારો મોટાઈનું પ્રદર્શન કરવા
સાતથી આઠ જેટલા બૈરાં કરતા હતા
શું લેઉઆ પાટીદારો લવના અને
કડવા પાટીદારો કુશના વંશજ છે ?
મહિષાસુર રાક્ષસનો વધ કરનાર અર્બુદદેવી
મા કાત્યાયની તરીકે પણ ઓળખાય છે
૧૬૬

ગુજરાત સમાચાર

પાણીદાર પટેલ પાવરનું જમા-ઉધાર

અનાવૃત - જય વસાવડા

ઊંઝા ઉમિયા રજત જયંતિ મહોત્સવ

૧૨૦૦ ગામોનું પરિભ્રમણ કરી ચેતના જ્યોતિ રથ પરત

મહેસાણા, પાટણ, બનાસકાંઠા, ગાંધીનગર અને સાબરકાંઠાની ભૂમિ પર ૪૭ દિવસ માતાજીનું ભ્રમણ

ઉમિયા મહોત્સવમાં આવેલા ભક્તોને વૃક્ષોના સવા ચાર લાખ રોપા પ્રસાદીરૂપે અપાયા

બુધવાર, તા. ૧૮ નવેમ્બર, ૨૦૦૯

ઉમિયા માતાના નવીન મંદિરનું ગર્ભગૃહ ૨૫ તોલા સોનાથી મઢાવ્યું



ઊંઝાના મહોત્સવ પૂર્વે મંદિરમાં ૧૯ કરોડનું દાન પ્રાપ્ત થયું

મુખ્ય ત્રણ દરવાજાને ૪૭૦ કિ.ગ્રા. ચાંદીના વરખથી મઢવામાં આવ્યા: ઘુમ્મટ ઉપર સુવર્ણ ધ્વજ-દંડ આરોહણ

મહોત્સવને અનુલક્ષીને ટ્રાફિક ડાયવર્ઝન અંગે જાહેરનામું



ઊંઝામાં આજે લાડુના શ્રીગણેશ

દસ દિવસમાં 30 લાખ લાડુ બનશે...

લાડુ માટેની તૈયારી: 21, 7000, 1000, 1000

૮૦૦	જેટલા પોલીસ જવાનો તૈનાત રહેશે
૫૦૦	મીટર સુધી કેમેરાની આંખ પહોંચશે
૪૦૦	એસઆરપી જવાનો પણ તૈનાત
૧૦૦	જેટલા પોલીસ અધિકારીઓ હાજર રહેશે
૭૫	સીસી ટીવી કેમેરાથી વોચ રખાશે
૨૫	જેટલા વોચ ટાવર ઊભા કરાશે



લાલચુડા કડવા પાટીદાર સમાજે રૂ. ૧૧ લાખનો ચેક અર્પણ કર્યો

પુષ્પવૃષ્ટિના પ્રોજેક્ટ થકી સંસ્થાનમાં ૪૫ લાખનું દાન

માઈભક્તો માટે દેશભરમાં મફત વાતચીતની સુવિધા

ઊંઝાના આંગણે યોજાયેલો ૧૮મી શતાબ્દી રજતજયંતી મહોત્સવ અનેકવિધ રીતે અનોખો બની રહ્યો છે. સૌ કોઈ માઈભક્તોની સેવા માટે અધીરા બન્યા છે. જેમાં રિલાયન્સ કંપનીએ પણ ઝુકાવ્યું છે. ભક્તો દેશભરમાં વિનામૂલ્યે, એ પણ અનલિમિટેડ વાત કરી શકે તે માટે કંપની દ્વારા સ્પેશિયલ બૂથ ઊભા કરવામાં આવ્યાં છે. આ માટે વાઈફાઈ ઝોન પણ તૈયાર કરાયો છે. એએમસીના ડે. કમિ. મહેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, 'ધર્મોત્સવમાં પધારનારા માઈભક્તો પોતાના સગાં સંબંધીઓ સાથે ... ચિંતા રિલાયન્સ કંપનીએ કરી છે.



ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા કન્યા કેળવણીમાં ૧૧.૧૧ લાખ અપાશે

મહોત્સવના પ્રારંભે મુખ્યમંત્રીને ચેક અર્પણ કરાશે

અફઘાન અને પંજાબમાં પણ ઉમાની પૂજા



ઉમાનગરમાં ચાની નદીઓ વહી

દિવ્ય ભાસ્કર

ઉમામાં ઈતિહાસની સૌથી મોટી ધજા ચઢી



કપિરાજે કંકોત્રી જોઈ પ્રસાદ લીધો અને હિસાબના ચોપડા પણ જોયા

કૌતુક સર્જાયું | ધર્મોત્સવ દરમિયાન જ માઈમંદિરમાં કપિરાજની હાજરી

દિવાળી બાદ પુનઃ પધરામણી થતાં આશ્ચર્ય...



ઉમિયાજીના મંદિરમાં પહેલાં યંત્ર નહોતું

ઈતિહાસ | સને ૧૯૭૬માં ૧૮મી શતાબ્દી મહોત્સવના પ્રથમ દિવસે મંદિરમાં યંત્રની સ્થાપના થઈ

ઊંઝાનો અર્થ : દુર્વૃત્તિનો ત્યાગ કરવાની પ્રેરણા આપે તેવી ભૂમિ...

ધર ભાવિકો પગપાળા સંઘ લઈને આવવાના છે. જેમાં મહેસાણાથી જ ... હજાર અને વિસનગરથી ૩૧ હજાર ... પડશે. આ માટે રાજ્ય સરકારે પણ ખાસ વ્યવસ્થા ગોઠવી છે. જેમાં ૨૮મી નવેમ્બરથી મહેસાણાથી પાલનપુર ભૂલી

મહોત્સવમાં આજે....

- 08:00 સવારે વૈશિક ઉત્કર્ષ માટે સહસ્રચંડી મહાયજ્ઞનો શુભારંભ
- 08:00 ઉમિયાનગરનું ઉદ્ઘાટન
- 09:45 સવારે
- 05:00 સાંજે રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી

૧૮૨૫ વર્ષે મા ઉમિયાની પ્રતિમા પુનઃ તેજોમયી

TIMES CITY

One lakh farmers to take 'save water' oath

Vijaysinh Parmar | TNN

Rajkot: More than one lakh farmers will take an oath to save water during the 18th Shatabdi Rajat Jayanti Mahotsav to be held at Unjha in late November.

"It's the need of the hour to rationalize use of water in our daily lives as well as in agriculture. We expect that at least one lakh farmers will take an oath to use only drip irrigation systems in their farms. We have arranged a special exhibition on drip irrigation and its utility - how it helps farmers to save water and harvest more," said event convener Manilal Patel.

Invites have been sent to seven lakh Kadva Patidar families across the world. Community members are busy preparing 'Kadvo tya kankotri' (invitation to every Kadva Patel).

More than 15 lakh people, mostly Kadva Patels, are expected to take part in the event. "We have prepared a list of seven lakh Kadva Patel families. The invitation will carry a social message.

Although, it's a religious platform for our community, we are looking forward to move into the 21st century," said Patel.

Theme-based exhibitions on industry, agriculture and for children will be part of the mahotsav. "For us, this event will decide the course of the community's growth over the next decade," he said. According to sources, if everything goes well, community leaders plan to establish 'Umiya University' in the near future. Also, a special campus will be developed at Sola Umiya Campus at the cost of Rs 90 crore in Ahmedabad.

"Over the last three decades, four major community events took place in the state. The first was in 1976 in Unjha. Our main goal is to spread scientific approach in every field by building institutions for the future generations," said event spokesperson Manish Changela.

He hoped that the event's impact would not be restricted to the Patel community and would lead to creation of constructive goals for society at large.

JAAGO GUJARAT SAVE THE GLOBE — A TIMES OF INDIA ENDEAVOUR

... જ ધજા નીચે ૩૧ હજાર ...



લેઉવા અને કડવાની કડવાશ ભૂલવાનો અવસર એટલે ઊંઝા ઉમિયા મહોત્સવ

- પાટીદારો ભેદભાવ ભૂલી આત્મીયતાથી બંધાય એ જ મુખ્ય ઉદ્દેશ: નારણભાઈ પટેલ

... પટેલ પરિવાર તરફથી અક ... લાખનો

ધર્મવિભાવના સાથે પર્યાવરણ જતન

તિરૂપતિ ફાઉન્ડેશનના વૃક્ષકેમ્પમાંથી ધર્મોત્સવના પ્રથમ દિવસે વન્ય ઉછેરવા ૫૦ હજાર માઈભક્તોએ રોપા લીધા



આઠ લાખ રોપાનું વિતરણ કરાશે



રખેવાળ

મહેસાણા/ઊંઝા/વિસનગર/હિંમતનગર/મોડાસા

ઉત્સવ ગમના મુસ્લિમ બિરાદરે ગ્રેસ્ટહાઉસ વિના મૂલ્યે આપ્યો

ઊંઝાના ઉમિયા મહોત્સવ પ્રસંગે કોમી એખલાસના દર્શન કરાવતા ઉનાવાના મુસ્લીમ બિરાદરો



અંગ્રેજ લેખકના ૧૮૮૭ના પુસ્તકમાં મા ઉમિયાનો ઉલ્લેખ

મા ઉમાના મહોત્સવમાં ઈસ્માઈલી સમાજનું બેન્ડ

ઉમિયા મહોત્સવ હવે ગુજરાત ટુરિઝમની વેબસાઈટ પર

પ્રવાસીઓને આકર્ષવા માટે ઊંઝા મહોત્સવ

મા ઉમાના ભક્તો માટે ઉનાવામાં મુસ્લિમના ગેસ્ટહાઉસો ખુલ્લાં રહેશે

વાઈબ્રન્ટ ગુજરાતની થીમ પર મા ઉમિયાના ધર્મોત્સવ માટે શહેર બહાર ૫૫૦ એકર જમીનમાં તૈયાર કરાયેલું ઉમિયાનગર મેનેજમેન્ટના અભ્યાસુઓ માટે પણ સંશોધનનો વિષય બની રહેશે

૧૨૨ વર્ષે ઉમાના શિખરે ઈતિહાસ ફરકશે

સંભારણું ગાયકવાડ સરકારમાં મંદિર ખુલ્લુ મૂકાતાં ઊંઝાના બે સદ્ગૃહસ્થોએ મંદિર ઉપર સોનાનું શિખર ચડાવ્યું હતું

૧૮૮૮માં ૧૦ હજાર ભક્તો હાજર રહ્યા હતા

ભૂતકાળ - વર્તમાન

'આ ધરતી ઉપર જો કોઇને છાતી કાઢીને ચાલવાનો અધિકાર હોય તો તે ધરતીમાંથી ધન-ધાન્ય પેદા કરનાર ખેડૂત-પાટીદારને જ છે.'

\- સરદાર વલ્લભભાઇ પટેલ

ગુજરાત

Gujarat Times

મા ઉમિયા ૧૮મી શતાબ્દી રજત જયંતીની ઐતિહાસિક ઉજવણી

આ ઉપરાંત વ્યક્તિગત ધોરણે પણ રોકો

ઊંઝા શહેર મા ઉમામય બની માઈભક્તોનાં વધામણાં કરવા સજ્જીજ્જે તૈયાર : દિવાળી જેવો માહોલ છવાયો

માને ઊર્મિભર્યાં ઓવારણાં : ઊંઝા ઝાકમઝોળ

કેશુભાઈ પટેલ સહિત અગ્રણીઓની ઉપસ્થિતિમાં કાર્યક્રમની પૂર્ણાહુતિ : મહાઆરતી અને આતશબાજીથી અદ્ભુત માહોલ

55,00,000 | 26,50,000 | 8,25,000 | 1,83,000 | 1,50,000 | 1,25,000 | 63,000 | 11,700

સાધના

સાપ્તાહિક

ઊંઝામાં મા ઉમિયાનો આંતરરાષ્ટ્રીય મહા-ઉત્સવ


વિશ્વના આઠ લાખ કડવા પાટીદારોને મા ઉમાનું તેડું
મા ઉમાના મહોત્સવની સફળતાનો પ્રથમશ્રેય સ્વયંસેવકોને ફાળે જાય છે
કરાવનાર શુકદેવપ્રસાદજી જ આચાર્યપદે
કેન્દ્રમાં રહેશે પાંચ દિવસનો મહાયજ્ઞ
સંદેશ
હવે, શિકાગોમાં ઉમા ઉત્સવની તૈયારી !
THE TIMES OF INDIA
500-acre, Rs 4.8-cr pandal for Patel meet
Unjha To Host Event In November
૧૮૩૩ વર્ષ જૂના મંદિરમાં ૬૪ દ્રવ્યોનો મહાભિષેક
ઊંઝામાં મોબાઈલ ATMમાંથી દાન માટે લોકોએ ૩૦ લાખ ઉપાડ્યા
